[illegible] [illegible]

[illegible]

[illegible] [illegible]

શ્રીમત્ પરમાત્માને નમઃ

ચોગવાણી આત્મજ્ઞાન

ભજનાવળી.

ગુરૂ સુખરામજી મહારાજ

છપાવી પ્રસિદ્ધ કરનાર

નાથજી અરજણ

ભાગાતળાવ—સુરત.

દોહરો

સરસ યોગ વેદાંતથી ભર્યો ભજન ભંડાર.
એ ગ્રંથ પરીપૂર્ણથી વાંચી કરો વીચાર.

સંવત ૧૯૭૦ સને ૧૯૧૪

કીમત ૧૨ આના.

સુરત ભાગાતળાવ રોડ પર આવેલા ધી "રાંદેર" પ્રીન્ટીંગ
પ્રેસમાં રતિલાલ દુલભદાસે છાપી.



महात्मा सुखराम.



भमोदरा (काठीयावाड)

અર્પણ પત્રિકા.

ગુરૂ સુખરામની સેવામાં

સ્થાન-અમોદરા [કાઠીઆવાડ]

[illegible]

આપના ગુરૂ-સેવક [illegible] કૃતજ્ઞ [illegible] કરી આ નમ્ર વિનતીથી અર્પણ કર્યું છે.

લી. આપના કૃપાભિલાષી

નાનજી આણંદજી

તથા પરશોતમ કલ્યાણ

તથા [illegible]

પ્રસ્તાવના.

આ દુનીયામાં જન્મ લેવાનું શું કારણ છે. આપણી ફરજ શી છે તે જાણવાને માટે આપણે શું કરવું જોઇએ, વીગેરે વીગેરે અગત્યની બાબતો આપણે તપાસશું તો માલમ પડશે કે આપણે ભાગ્યેજ તે ઉપર લક્ષ આપતા હશું. સાધારણ રીતે આપણે સૌ કોઈ આ સંસારી સુખ દુઃખ ભોગવવામાંજ જાણે જીંદગીનો ભોગ સમાઇ જતો હોય તેમ બે ખબરીમાંજ કામ લેતા જઈ આપણી જીંદગીનું ગાડુ ગબડાવ્યા જઇએ છીએ અને દૈવ યોગે કોઇક શુભ સંજોગે એકાદ માનવીના સંબંધમાં જ્યારે ઉભો થાય છે ત્યારે તે એવી માયાવીક હાલતમાંથી આ ઉપલી બે ખબરની જીંદગીની ઉંઘમાંથી જાગ્રત થાય છે ત્યારેજ તેને ખરો મનુષ્ય અવતાર સફળ કરવા ઇચ્છા થાય છે.

માટે આ ઘોર કલીકાલમાં કાંઈ આપણેથી જપ, તપ, તીર્થ કાંઇ બને તેમ નથી કારણકે આપણું આયુષ્ય ઘણું ઓછું હોવાથી ફક્ત ઉત્તમમાં

ઉત્તમ નામ સમરણનો મહિમાં ઘણો છે. તેમ પણ કબીર સાહેબે પણ કીધું છે.

કલીયુગમેં જીવન અલ્પ હે, કરીએ જેગ સંભાર,
તપ સાધન કછુ ના બને, તાતે નામ સંભાર.

આ કલીયુગમાં માણસની જીંદગી ઘણુંજ થોડા વરસની છે માટે તું જલદીથી ઇશ્વર ને યાદ કરી લે કારણ જીંદગીની મુદત ઘણી કમતી હોવાથી આપણાથી તપ સાધન જે કરવાને લાંબો વખત જોઇએ છે. તે આ કલીયુગમાં બની શકતું નથી માટે તું નામ સ્મરણજ કર્યા કર.

આ પુસ્તકનું નામ યોગવાણી આત્મજ્ઞાન ભજનાવળી રાખ્યું છે. કારણકે વિચાર કરતા આ ગ્રંથમાના ભજનનો રંગ બીજા ભક્તિ રસથી ભજનોથી નોખી જાતના જણાશે.

આ યોગવાણીનો અને તેનો વીચાર ઓરજ છે. એમની પરિભાષા યોગની છે એમણી કહેણી શુરવીરની છે. એ સંપ્રદાયના ભજન તો વચન કહેવાય છે અને સુયોના જેવા તેમના સચોટ છે એ ભજન બાણ રૂપી હૃદયમાં વાગે તેવા છે.

પ્રેમે વીંધાણા મારા પ્રાણરે
સતગુરૂએ મારેલ અમને શબ્દના બાણ.

એમના ભજન તો એક બાણુ રૂપી છે. અને સાંભળનારાના પ્રાણ પ્રેમથી વીંધે છે. એવા પ્રેમે વિંધાઇ તેઓ હરિના દર્શને સંચરે છે જ્ઞાની, ગરીબી ભક્તિ, ભજન, કીર્તન, વૈરાગ્ય એ એમના સાધન છે. એ દર્શનની વેળાએ આત્મા પરમાત્માની લગની જે લાગે છે ને એક દૃષ્ટિ થાય છે. તે યોગ કહેવાય. ને યોગની એક દ્રષ્ટિ લાંબો કાળ ટકે તેનું નામ સમાધિ. એ યોગ અને એ સમાધિના આ ગ્રંથમાંના ભજનોમાં વર્ણન વર્ણવે છે. તે યોગ દશામાં નિરખેલ જલહલ જયોત અને તે સમાધિ દશામાં સુણેલ અનહદ નાદના અનુભવ તેઓ લોકોને જણાવવા મથે છે.

એ અલૌકિક અનુભવ તે લૌકિક વાણીમાં ઉતારવા મથતા એમની વાણી પ્રુટ રહે છે.

તે આ ગ્રંથ વાંચીને વિચાર કરશે અથવા સતસંગ કરશો ત્યારે અથવા એવા સમરથ સતગુરૂ ચરણે થાશો ત્યારેજ સમજાશે. તેમ પણ આપણું મન સંકલ્પ વિકલ્પ વાળું છે. ભિન્નતા જોવાનો તેનો સ્વભાવ છે. પરંતુ માણસનું હૃદય તેથી જુદુ છે. તેમાં સર્વ વ્યાપક આત્માનો વાસો છે. તેથી હૃદય દ્વારાએ ઐક્ય અનુભવ થાય છે. તેમ

પણ પુન્યવાન તેમજ પાપી પુરૂષના આત્માની સાથે મેલાપ થઇ શકે છે આ સત્યને અનુસરી મહાત્માઓએ પોતાના શિષ્યોના હૃદયમાં ઉંડાણમાં બેસી સમાધિ દશાની ધુનમાં ધુનમાં એ દશાના આનંદ અને આશ્ચર્યોનું ગાન કર્યું છે સંકલ્પ વિકલ્પ વાળું મનને સાધન તરીકે વાપર્યા સિવાય તે પરમાનંદનો અનુભવ ગુરૂમુખી અને અધિકારીઓના હૃદયમાં રેડી તે હૃદયોને એ પ્રકાશથી પ્રજ્જવલિત કીધાં હતાં એ જ્યોતી એમન શિષ્યો પરપરા જાગાવી છે. અને વળી આત્મા પરાત્માને પરમાત્મા વિષે જ્ઞાન મેળવવાનો રસ્તો. એ વિષે ભાષણો થાય છે. પુસ્તકો પણ ઘણા છપાય છે. જેમ કહેવત પ્રમાણે એ હરકોઇ વિષયને ટુંકાણમાં સચોટ રીતે ને વિશાળ અર્થે બતાવનારૂં છે તેમ પણ કવિતા પણ છે. તો આપણા હરિભકતો પરમાર્થ ને વાસ્તે પોતાના અનુભવનો જે લાભ લેવા કવિતામાં ટુંકાણ છતાં સહેજ સમજ પડે તેમ આપી ગયા છે. તે લાભ લેવા સરખો આ ગ્રંથમાં સાક્ષી રૂપે છે. તે જરા વાંચશો ને ગુરૂગમ મેળવશો ત્યારેજ ખબર પડશે.

તેમ આ યોગવાણી આત્મજ્ઞાન ભજનાવળી

એ કોઇ એક ધર્મને વાસ્તે કે અમુક ધર્મને વાસ્તે કોઈ અમુક પથને વાસ્તે નથી. એ પ્રમાણે પારશી ખ્રીસ્તી, મુસલમાન, હીંદુ જૈન, ને હીંદુના અનેક પંથવાળા આ પુસ્તકનો લાભ લઇ શકશે. હાલમાં નાટયકારોએ ભકિત રસનો વધારો કરવાનું કાર્ય કર્યું છે તો તેવે વખતે આ પુસ્તક વધારે ઉપયોગી થઈ પડશે.

મારો આ પ્રથમ પ્રયાસ છે તેથી કદાચ કોઈ સ્થળે દોષ દ્રષ્ટિ ગોચર થાય તો તેને માટે પ્રીય વાંચનારને આમાં જે કાંઇ ગંભીર ભુલો નજરે પડે તેઓની ઊપર રહેમ નજર કરી તે ભુલો માટે મારૂં ધ્યાન ખેંચવા મહેરબાની કરવી. એટલે ઇશ્વર ઈચ્છાથી એની બીજી આવૃતી છપાવાનો પ્રસંગ આવશે તે ભુલો તેમા સુધારવામાં આવશે. તેમ પણ કબીર સાહેબના બોલોમાં માફી માગું છું.

જામે જીતની બુદ્ધિ. તિતના વોહકર બતાય;
વાંકો બુરા ન માનીયે, બહોત કહાંસે લાય.

જેટલી જેની યથાશક્તિ હોય તેટલું તે કરી બતાવે છે. તો તેનો માટે હલકો વિચાર ન કરવો પણ દરગુજરની નજરથી જોવું. કારણ કે વધારે કયાંથી લાવે.

આ પુસ્તક સંબંધમાંધર્માદા પ્રતે મને મદદ કરનાર પરશોતમ કલ્યાણ તથા નાનજી ભોજા એમના મદદ કરવાથી ભાગીદાર થઈ તેના પૈસા છપામણી જતા જે નફો રહેશે તે ધર્માદા ખાતે વાપરવામા આવશે.

સંવત ૧૯૭૦ }
પોષ શુદિ પુર્ણિમા. }

લી૦
નાનજી અરજાણ.

સાંકળીયું.

ૐ



યોગવાણી આત્મજ્ઞાન ભજનાવળી.

ભજન ૧ લું.

ગણપતીની સ્તુતી.

(રવી સાહેબના ભજન)

સમરૂં સાંજ સવેરા એવા ગુણના પતી,
સુંઢાળા રે સુંઢાળા રેજી. ટેક.
માતા ભણી જે જેની પારવતી હે સ્વામી,
પિતા શંકર દેવા. એવા સમરૂં. ૧
ઘીરે સીંદોર નીરે સેવા ચડે હે સ્વામી,
ગળે ફુલડાંની માળા. એવા સમરૂં. ૨
મધુર મુગટ શિર છત્ર બિરાજે સ્વામી,

કાનુમેં કુંડળ વાળા, એવા સમરૂં. ૩
અઢારે વરણનાં વીઘન હરો છો સ્વામી,
ધર્મની બાંધેલ ધર્મશાળા. એવા સમરૂં. ૪
કહે રવીરામ ગુરૂ ભાણ પ્રતાપે સ્વામી,
ખોલેલ ભ્રમનાનાં તાળાં. એવા સમરૂં. ૫

ભજન ૨ જું.

(રાગ કાફી)

મુળ ગ્રહ્યા સોઈ માલમી પુરા,
બીના મુળ અથડાયારે. મુળ. ટેક.
કોન રૂપસેં ગર્ભ ઉપજાયા,
કોન રૂપકી બની હે કાયા;
કોન રૂપ ચૈતન દરસાયા,
કોન નાદ કેવાયારે. મુળ. ૧
માત તાત મીલી ગર્ભ ઉપજાયા,
રક્ત રેખકી ઉપજી કાયા,
સુન ઘાટી ચૈતન દરસાયા,
અનહદ નામ ધરાયારે. મુળ. ૨
રક્તારેત જળ પરસે દેહી.
અંતર ગત હરિ ચૈતન એહી;
પરમ જયોતી સુન સહેજ સ્નેહી,

તીહાં રહી લે લાયારે. મુળ. ૩
પુરણધામ પરમ પદ પાયા,
નીંદ્રામેં સ્વપ્ના નહિ આયા;
દેખત ડોલસો દુર પઠાવા,
મર જીવા હોઈ જાયારે. મુળ. ૪
ગર્ભ ધ્યાન જાણે નહિ આપા,
આપ અલેખ ત્યાં પુન્ય નહિ પાપા.
કહે રવિરામ મટયા સંતાપા,
સહેજે સહેજ સમાયારે. મુળ. ૫

ભજન ૩ જું.

અસમાનસેં મન લાગ્યારે,
ઊડી અસમાનસેં. ટેક.
ભમરા હોકર ભણુ કીયા,
કમલ કીયા ગુંજાર;
આદી અંત નહિ જાયગા તો,
વાસલીયા રણુંકાર. અસમાનસેં. ૧
નુરત સુરત અટકાઈ લે,
બાજે અનહદ તુર.
જનન જનન માંઈ હુવા જનકારા,
વરસે નીરમળ નુર. અસ૦ ૨

અગ મન બ્રહ્મ જળ હોઈ રહ્યા,
સેજે ભયા લોલીન;
અબ વીછડયા વીછડે નહિ,
જેસે જળમેં મીન. અ૦ ૩
સતગુરૂ ભાણુ પ્રસાદસે,
ભયા પરમ પ્રકાશ;
દુતિયા કોઈ દીસે નહિ.
ઘટો ઘટ બ્રહ્મ રવીદાસ. અ૦ ૪

ભજન ૪ થું.

અક્ષરાતિત અલખ અવિનાશી,
ગુરૂગમસેં ઓળખાયારે. અક્ષરા. ટેક.
મુળ દાબકે મરમ પહીચાના,
વંક નાળમેં અ્રત સમાયા;
ચંદ સુર દોઈ એક ઘર આયા,
એસા અલખ લખાયારે. અક્ષરા. ૧
ઓળખાયા સતગુરૂકે શબ્દું,
શબ્દ વિનાં શુરા હું ન વંદું.
તન મન ખોજ બોજ નહિ અબદુ,
સો મેરે મન ભાયારે. અક્ષરા. ૨
જાકી સેજેં અખંડ ઉજાયા,

પુરણ બ્રહ્મ પ્રકાશા.
સબસે ન્યારા સબકે પાસા,
રરંકાર હે રાયારે. અક્ષરા. ૩
યું પેખે યોગી અબધુતા,
પ્રેમ રૂપ સીદ્ધાંતકા ભકતા.
જીવન મુકતા લહે કોઇ જુકતા,
સોહંગ રવીરામે પાયારે. અક્ષરા. ૪

ભજન ૫ મું.

સુન અનહદ ગડહડે,
સંતે પાયા ભેદ અપાર. ટેક.
સાન બતાઈ સતગુરૂ સ્હેજમાં
મુજપર કીનો મેહેર
ચડી ખુમારી ન ઉતરે
આઈ પ્રેમ કેરી લેહેર સુન ૧
નાભીસેં સુરતા ચલી
સુનમેં કીયો મુકામ
પછમ ઘાટથી પરવરી
નીરખ્યા નીરગુણ રામ સુન ૨
આસન હે અનંત ક્રોડકો
તખ્ત ત્રિવેણી તીર

વાસે ભેદ ન્યારા રહે
ઊગ્ર જ્ઞાન સુખસીર સુન ૩
જ્યોત જલા બીંબ જળ હુળે
વરસે અમૃત ધાર
ઘાટ અમીકે ઉપરે
પીવે મન મતવાર સુન ૪
દ્વાદશા પાર પરી બ્રહ્મ હે
નીરખ્યા નીરગુણ સંગ
અણુછતા રવીરામ ઉચર્યાં
સંત મળ્યા સરવંગ સુન ૫

ભજન ૬ ઠું.

ખુબ ખબર કર ખોજી
કાય ગુરૂ ગમસેં ટેક
ઓ ઘટ ઘાટી ફેરકે આયા
સોહંગ સીંગી નાદ બજાયા
ત્રિવેણીપર ધ્યાન લગાયા
ચડીયા અગમસેં અગમંસેં ખુબ ૧
ખેચરી ભુચરી ચાચરી માંહી
વાસના પુતળી રહી છુપાઇ
જાગ્રત જ્યોતે જ્યોત જગાઈ

ગુરૂકા ઈલમસેં ઈલમસેં ખુબ ૨
અગોચરી અનહદ ધુન ગાજે
ઉનમુની પુરૂષ અખંડ બિરાજે
અનંત કોટી આદિત લાજે
ઉગ્યા હરદમસેં હરદમસેં. ખુબ ૩
ભમર ગુફામે બ્રહ્મ નીશાની
બંકનાળ સેજે વશ આણી
ચંદ સૂર હોઈ ઊલટ સમાની
સુખમના સંગમસેં સંગમસેં. ખુબ ૪
નાદ બુંદ એક ઘર આણી
મનવશ કરી પુરણ બ્રહ્મ માણી
કહે રવીરામ મટી ચોખાણી
ભાણુકે કદમસેં કદમસેં ખુબ ૫

ભજન ૭ મું.

કિલ્લા લીયા આ તનકા
નીરંજન નીરગુણુકા નીરગુણુકા
ઉંચી અલખ ગઢ પ્રેમ અટારી
ત્યાં પહુંચે સાહેબકી પ્યારી
ઘેં ઘેં નોબત બાજે ભારી .
બાજી અનહદકા અનહદકા કિલ્લા. ૧

ગઢ પર નાળ જંજાળાં છુટે
તા તેં કાયરકા દલ ખુટે
સંત જવેરી કોઇ સન્મુખ જુજે
પરચા ગુરૂવાંકા ગુરૂવાંકા કિલ્લા. ૨
શૂરે સન્મુખ બાણ ચલાયા
કાયર કબહુ કામ ન આયા
રંગ મંડપ પર ધુમ મચાયા
મૃદંગ રણુજણુકા રણુજણુકા કિલ્લા. ૩
પાંચ પચીશકા દળભારી
કરડા રાજા મન અહંકારી
તાસેં જગત રહી સબ હારી
ડંકા સતગુરૂકા સતગુરૂકા કિલ્લા. ૪
નવ દરવાજા નીરભય કીના
દસમા ઊપર ડેરા દીના
પાંચ પચીસકું જે કરલીના
કિલ્લા સુરતનકા સુરતનકા કિલ્લા. ૫
કહે રવીરામ અજરાયલ જાણ્યાં
પુરણ બ્રહ્મસો પ્રગટ પહીચાના
ભાણ ગુરૂદેવ સહીકર માણ્યા
સાહેબ પરમ સુનકા સુનકા કિલ્લા. ૬

ભજન ૮ મું.

ઉગ્ર જ્ઞાન સતગુરૂ ઓળખાયા,
માલેક બીન ખાલી નાહીં. ટેક.
આઇ હે સમતા રામહીં રમતા,
દીવ્ય દૃષ્ટિએ દરસાઈ.
હે બ્રહ્મ સારા ભીતર બારા,
જલ લેહરી સમી જલ માંહી. ઉગ્ર. ૧
પૃથ્વિ બ્રહ્મ તોય બ્રહ્મ તેજા,
પવન વ્યોમ બ્રહ્મ બોલતાહી.
હું બ્રહ્મ તું બ્રહ્મ તે બ્રહ્મ સોહંગ બ્રહ્મ,
અખંડાકાર વૃતી વરતાઈ. ઉગ્ર. ૨
હદ બેહદ બ્રહ્મ અનહદ અનભે,
મહાજન ઠીક ઠેર્યા ત્યાંહી.
નહી રવીદાસ ભીતર બ્રહ્મ ભરીયાં,
વીવીધ પદમાં લેહ લાઇ. ઉગ્ર. ૩

ભજન ૯ મું.

અસલ ફકીર મેં આદ દરવેશા,
જુગ જુગહી અમ્મર કાયા. ટેક.
અધર તખત પર બાસા મેરા,

જનુની સંકટ નહિ આયા.
રહું નીરંતર ફીરૂં એકલા,
સત સાહેબસેં લેહ લાયા. અસલ. ૧
લેને ન જાવું વસ્તુ વખારે,
દેનેકું કછુ નહિ ધાયા.
લેના દેના સબહી મેટકે,
સત શબ્દ સેહેજેં સહાયા. અસલ. ૨
સ્થુલ રહીત સુક્ષ્મસેં ન્યારા,
અક્ષરાતીત અખંડ રાયા.
રવીદાસકા નામ મીટ ગયા,
સતગુરૂસેં સતગુરૂ પાયા. અસલ. ૩

ભજન ૧૦ મું.

આતમ બોધ કહું ગુરૂ જ્ઞાની,
જેથી પીંડ મહીં પ્રકાશા. ટેક.
કહું નીવેડા અર્થ જુજવા,
શિવ શકિત કેરા બાસા.
તીન શકિત એક નામ અનાદી,
તીનો હુંકા જુદા ભાસા. આતમ. ૧
એક જાંગ દુજી મુળ દ્વારા,

ત્રીજી નામ વિષ્ણુ પાસા.
ઉનકે ઊપર આદિ નીરંજન,
તીન ઠીકાને એક લાસા. આતમ. ૨
હૃદય કમળમેં અંતર આત્મા,
બાજે નાદ અખંડ બાસા.
કંઠ સ્થાન સોહંગ બ્રહ્મ આતમ,
જહાં દેખા માલેક ખાસા. આતમ. ૩
ભ્રકુટી કમલપર જ્યોત સરૂપી,
ઉન ઉપર પદ નીરવાણા.
નીગમ શાખ અનુભવી વીચારો,
ભાણ ચરણ કહે રવીદાસા. આતમ. ૪

ભજન ૧૧ મું.

નીરાધાર નીરગુણ નીરવાણી,
નીરાલંબ સતગુરૂ મેરા. ટેક.
ઉષ્ણ શીત વ્યાપે નહિ કબહું,
કરતા હેં સબહીં મેરા.
સમદ્રષ્ટિ શીતળતા સબમેં,
પ્રીત ન કરહીં નહી વેરા. નીરાધાર. ૧
ઇંગલા પીંગલા સુખમન ઘરમે,

ઘટ દેખત હુવા નેરા.
અણુલીંગી અખંડ અવીનાશી,
નીરખત તે ન રહે ફેરા. નીરાધાર. ૨
ગગના ગાજે અનહદ બાજે,
સુનતા હે સુરતી ચેરા.
બીના આકાશ બાદલ બીન વરસે,
હીરા માણેક મોતી ડેરા. નીરાધાર. ૩
સપત પુરીકે પાર પરમતત,
હરિજન વીરલે જઇ હેરા.
કહે રવીરામ વસ્તુ સબ માંહી,
સમજે સંત સળંગ સેરા. નીરાધાર. ૪

ભજન ૧૨ મું.

સંતો બુજો બાવન બારા,
જાકે હરદે ગુરૂગમ પ્રગટે,
સો ખેલે ચોધારા. સંતો. ટેક.
પાંચ પચીશ પરીબ્રહ્મસેં ઉપજે,
સ્યાના સમજી જાવે.
સોઈ દીશે સોઈ રમે અકેલા,
આપે નાવ ચલાવે. સંતો. ૧

નયન કમલસેં નીરખ્યા નટવર,
ખોલ્યા કરમ કપાટા.
દીલમાં દરસ્યાં દેવ નીરંતર,
નકરા હુવા નીરાટા. સંતો. ૨
અકળકળા કળાવામેં નાવે,
અનુભવી એને બુજે.
ઓહુંગ સોહુંગ શબ્દ ઓળખો,
ચૌદ લોક તો સુજે. સંતો. ૩
જલકત જયોતી નુર અપારા,
મનવા તીહાં મીલાવા.
કહે રવીરામ ભાણુ પ્રતાપે,
અજર અમર પદ પાયા. સંતો. ૪

ભજન ૧૩ મું.

ધર અધરસેં અવાજ કેસે હોતા હેજી,
બીન દારૂસે ઉઠ જાતા હે. ધર. ટેક.
બંધુક નોતી વાકું ગજપણુ નોતા હેજી,
બીના ગોલીસેં મર જાતા હેજી. ધર. ૧
કોન નર ભરતાં નેં કોન નર ઉડાતા હેજી,
કોન નીશાન ઠેરાતા હે. ધર. ૨

ઓહુંગ ભરતા ને સોહુંગ ઉડાતા હેજી,
નીરભે નીશાન ઠેરાતા હે. ઘર. ૩
ઈરે અવાજ કોઈ ગ્નાની જન સુનતાજી,
સમજ સમજ સુખ પાતા હે. ઘર. ૪
કહે રવીરામ ગુરૂ ભાણુ પ્રતાપેજી,
શબ્દમેં સુરતી મીલાતાજી. ઘર. ૫

ભજન ૧૪ સું.

તારા મન પવન ને વારો,
બોલે છે માંહી એકતારો એકતારો. ટેક.
નુરત સુરતકી સીડી રચી હે,
માંઈ હેરે હેરણુ હારો. બોલે છે. ૧
ઓહુંગ સોહુંગ તો સબ ઘટ રમીયા,
માંઈ ભભકું દીયે તેને ભાળો. બોલે છે. ૨
અનઘડ આતમ દેખો દેવળમેં,
ખેલ રચ્યો ચોધારો. બોલે છે. ૩
કહે રવીરામ ગુરૂ ભાણુ પ્રતાપે,
ખેલે બાવન બારો. બોલે છે. ૪

ભજન ૧૫ મું.

અખંડ બ્રહ્મકું ડાઘ ન લાગે,
દેખો જ્ઞાન દીલમેં ભાઈ
મહા મણીકું મેલ ન લાગે
સકળ છોડ દે ચતુરાઈ
અગ્ની કે અંગ રોગ ન વ્યાપે
માંહી પડત સબ પરલાઈ અખંડ. ૧
સુધ તરવાર લોહ ગજવેલી,
મહા સુખ મીયાન બંધાઈ
ડાલ મુળ સબહીકું કાટે
તેમેં પાપ રતી એ નાઈ અખંડ. ૨
અંબું માંહી પાવક નહિ પ્રગટે,
કંચનકું ન લગે કાંઇ,
ચંદન ઝાડ ભોયંગ વીંટાયા
મીટત નાહી શીતળ છાય અખંડ. ૩
મહા મુનીવર નીજ ઘર પહોંચ્યા
સુરતી સુનમે સમાઈ
કહે રવીરામ કુસંગ કહા કરહી
જાકા દીલ બ્રહ્મ દરીયાઇ અખંડ. ૪

ભજન ૧૬ મું.

(અરજણ ભકતના પદ.)

નજરે મોતી આયા,
ભેદ બ્રહ્મકા પાયા. ટેક.
ઓહું સોહું જપ જાપ અંજંપા,
ત્રીકુટી તકીયાં ઠેરાયારેજી.
ચલી સુરતા કયા સમાગમ,
સુખમન સેજ બીછાયા. મેરી નજરે ૧
અક્ષરાતીતથી ઉતર્યા મોતી,
સુનમેં આઈ સમાયારેજી.
વાંકા રંગ સફેદ સુનબે,
ગુરૂ ગમ કઈ બતલાયા. મેરી નજરે ૨
મોતન મણીમેં મણી મોતનમેં,
જયોતે જયોત મીલાયારેજી.
એસા અચરત ખેલ અગમકા,
દીલ ખોજમેં દરશાયા. મેરી નજરે ૩
અરસ પરસ અંતર નહિ આણી,
નીરખ પરખ ગુણ ગાયારેજી.
દાસ અરજણ સત જીવણને ચરણે,
પરા પાર બ્રહ્મને પાયારે. મેરી નજરે. ૪

ભજન ૧૭ મું.

ગમ કરી લેને ગોતીરે,
ગગનમાં ગમ કરી લેને ગોતી. ટેક.
છત્રીશ વાજાં શ્વર કીયા,
માંહી તાર વાગે ત્રીકુટી.
ધનન ધનન ધન ગગનના ગરજે,
જનન જનન જન હોતીરે. ગગનમાં ૧
સત્ત શબ્દનો ચુડલો પહેર્યો,
પ્રેમ લગાડી પોથી.
અખંડ અનભે રંગ નીત નવા,
સુખમના સેહેજે સમોતીરે, ગગનમાં ૨
લેહ લગનની લેહેર ઊલટી,
મુઠી ભરાણી મોતી.
હંસા હરિજન હીરા ચુગત હે,
ગુરૂ ગમસેં ગમ હોતીરે. ગગનમાં ૩
નાભી કમલસેં સુરતા ચઢી,
પરા પાર જઈ પોતી.
અરજણુ કહે ત્યાં અક્ષરાતીત હે,
જલમલ જલકે જ્યોતીરે. ગગનમાં. ૪

ભજન ૧૮ મું.

[માધવદાસના પદ.]

હરીજન ભજન મેં હુંશીઆર,
  હાલોને હંસા હરિ જન ભજનમેં હુંશીઆર. ટેક.
ભજન વીના આ ભવમાં ભટકી,
  ધરીયા અસંખ્ય અવતાર. હાલો હંસા.
સોહું સમરણ સુખમન ઘરમાં,
  રોંમે રોંમે રણુંકાર. હાલો હંસા.
વેદ પુરાણુને ભાગવત ગીતા,
  પ્રગટ કરે છે પોકાર. હાલો હંસા.
ગુરૂ વીસરામને સમરી લે,
  માધવ જનમાં લગાડી તાર. હાલો હંસા.

ભજન ૧૯ મું.

(છોટમના પદ.)

નામ સુધારસ જે જન પીધો,
લાખેણો લાહવો તેણું લીધોરે.
  રસ જે જન પીધો. ટેક. ૧
આસન વાળી જોયું ત્રીકુટી એ ન્યાળી,
પુર્વના પાપ નાંખ્યા બાળી. રસ જે જન પીધો. ૨

ગંગા ને જમના નેહુથી ન્હાયો,
સોહુંગ હુંસ લખાયોરે. રસ જે જન પીધો. ૩
ચૈતન્ય સીંધુ સહુજે સુનમાં ભાળ્યો,
પુરણ પુરૂષ પ્રકાસ્યોરે. રસ જે જન પીધો. ૪
ધન વિના ગાજેને વાંજા વાંજે,
જલમલ જ્યોતી બીરાજેરે. રસ જે જન પીધો. ૫
મોટા મુનીવરો જેને ધ્યાનમાં ધરે,
હે પ્રભુ વસે ઉરમાં હારેરે. રસ જે જન પીધો. ૬
અવર ઉપાસે તેને એ સુખ ક્યાંથી,
નુવન જડે જલમાંથીરે. રસ જે જન પીધો. ૭
છોટમ સત ગુરૂ મળશેરે જેને,
અખંડા નદ ઉપજે તેનેરે. રસ જે જન પીધો. ૮

ભજન ૨૦ મું.

હુરદમસેં હુરી ભજલે બંદા,
ભુલે મત ગાપુલ ગંદા. હુર. ૧
એહુમે તોલ ન મોલ જગતમેં,
સો મીથ્યા ખોવે મંદા. હુર. ૨
એદમમેં હુરિહુર અજ રહેતા,
એદમમે સુરજ ચંદા. હુર. ૩
એદમમે ગંગા ઔર જુમના,

શારદ ઓર શકલ છંદા. હુર. ૪
એદમ માંહી હુંસ બીરાજે,
પ્રગટ કરે પરમાનંદા. હુર, ૫
બુદ્ધી હુંસી આતમ હુંસા,
બાવન અક્ષર બોલંદા. હુર. ૬
કહે છોટમ એહી ભેદ સમજકે,
ભજ ભગવંત કરૂણા નંદા. હુર. ૭

ભજન ૨૧ મું.

સર્વમાં સોહુંગ રામ રમે છે,
પ્રકટ થઈ પાંછું પોતામાં સમે છે. ટેક.
શકિત ઓંકાર સ્વરૂપે એની,
ત્રીગુણુ થઈ ચોવીશ રૂપે તેની,
જગતની રચના કેટલી જેની. સર્વમાં. ૧
પ્રથમ મહાતત્વથી સર્ગ બનાવ્યો,
ઓંકાર તેના થકી ઉપજાવ્યો,
દ્રવ્યને જ્ઞાન ક્રીયા મય કહાવ્યો. સર્વમાં. ૨
દ્રવ્ય પંચ ભુતને માત્ર જાણો,
ક્રીયા થકી ઈંદ્રિ પરમાણો.
દેવ મન જ્ઞાન શકિત ઉર આણો. સર્વમાં. ૩
છઠો અજ્ઞાન સર્ગ ઉપજાવ્યા,

સર્વ મળી સુંદર દેહ બનાવ્યો,
તેમાં જીવ અંશ બ્રહ્મનો આવ્યો. સર્વમાં. ૪
અજ્ઞાને આપ ગયો છે ભુલી,
માયા મદ મોહે રહ્યો છે ફુલી,
ગયો છે જ્ઞાન પોતાનું ડુલી. સર્વમાં. ૫
મળે કોઈ સતગુરૂ સાચા જ્યારે,
દેહ અભીમાન તજાવે ત્યારે,
તત્વ મસી લક્ષ્ય બતાવે ત્યારે, સર્વમાં. ૬
કૃપા નીધી ગુરૂની કૃપા હોય તેને,
શબ્દાતીત સ્વરૂપ જણાવે તેને,
છોટમ કહે આવા ગમન નહિ એને, સર્વમાં. ૭

ભજન ૨૨ મું.

બ્રહ્મ ભકિત કરજે પ્રાણી,
સફળ થાય મન વાણીજી.
આ સંસાર કાળની બાજી,
તે ન સ્થિર તે જાણીજી. બ્રહ્મ. ૧
કાયા માયા જાણ્ય કારમી,
જ્યમ ઝાકળનું પાણી.
ક્ષણ ભંગુરં સહુ ખેલ ખલકનો,

તું ઝટ લેને જાણીજી. બ્રહ્મ. ૨
જે જાયું તે સર્વ જવાનું,
રંક રાયને રાણુજી.
અવિનાશી પ્રભુ એક અખંડિત,
ગુણાત્રીત ગુણ ભાણીજી. બ્રહ્મ. ૩
સોહં શબ્દ વીચાર કરી લેને,
નીરાં લંબ નીરવાણીજી.
કહે છોટમ ચીંતામણી પરખે,
જો હોય બુદ્ધી શાણીજી. બ્રહ્મ. ૪

ભજન ૨૩ સું.

અલખ નામ ધુન લગી ગગનમેં,
મગન ભયા મન મેરાજી. ટેક.
આસન મારી સુરતા દ્રઢ ધારી,
દીયા અગમ ઘર ડેરાજી. અલખ. ૧
ઇંગિલા પીંગલા દોનું છાંડકે,
સુખમણા મધ્યે ધારાજી.
ત્રીવેણીમેં તાર મીલાઈ,
અજંપા નામ ઉચારાજી. અલખ. ૨
જંત્ર અનહદ બાજે અહોનીશ,

હોત નાદ ઝણુકારાજી.
ઘન બીન અદભુત હોત ગર્જના,
બરસે અમૃત ધારાજી. અલખ. ૩
કોટી કોટી રવી શશીકી શોભા,
ઝલ મલ જ્યોત ઊજારાજી.
જન છોટમ સતગુરૂ પ્રતાપે,
દરસ્યા અલખ દેદારાજી. અલખ. ૪

ભજન ૨૪ મું.

[બન જા હરિદાસા હરિદાસા એ રાહ]

સમરણ સોહંકા સોહંકા,
જાંહાં બાજે અનાહદ ડંકા. સ. ૧
આસાન બાંધી સુરતા સાંધી,
ચતુર્દલે ચિત્ત લાયા.
મુલાધર પૃથ્વી રંગ પીલા,
દેવ ગુણુપતિ રાયા. સ. ૨
અક્ષર ચાર વિચારો ઇનિમેં.
વંશંષંસં વર્ણા.
ખટસે જાપ અજપા જપકે,
ઉનકું અર્પણ કરના. સ. ૩

ઉત્પત દ્વારા ખટદલ સારા,
શ્વેત રંગ જલ જાન્યા.
ચતુરાનનકી જ્યોત જગાઈ,
ખટ હુજાર દીયા દાના. સ. ૪
ખટદલમેં ખટ અક્ષર દેખો,
બંભંમંકા બાસા.
યે રંબંકું લખો લક્ષણે,
ખેલ બન્યા હે ખાસા. સ. ૫
નાભીસરોજા દશદલ ખોજ્યા,
તેજ તત્વકા તાકા.
લાલ રંગમેં લક્ષ્મી નાયક,
ખટ હુજાર જાંહાં જાપા. સ. ૬
ડં ઢં ણું વાંહાં અક્ષર દર્શ્યા,
તં થં દં ધં વાસા,
નં પં ફં કું ફિરકર પેખ્યા,
કટયા કર્મકા પાસા. સ. ૭
રૂદે વિચારા દ્વાદશ આરા,
શિવ શક્તિકા ઠારા.
નીલ રંગ મારૂતકા માંહીં,
જગમગ જ્યોતી ઉજારા. સ. ૮
ખટ હુજાર વાંહાં જાપ અર્પના,

કં ખં ગં ઘં વર્ણા,
નં ચં છં જં જાંહા નિવાસા,
ઝં ઞં ટં ઠં ઠરના. સ. ૯

કંઠે કંજા ષોડશ રંજા,
પત્ર કહ્યા પ્રમાણા.
શ્યામ રંગ આકાશ તત્વકા,
જીવ જ્યોતીકા ધ્યાના. સ. ૧૦

સહસ્ર જાપ વાંલાં જપો અજપા,
ષોડશ વર્ણ વિચારા.
અં આં ઇ ઈ ઉ ઊં ઋ ૠ,
લૃ લૄ એ એં સારા. સ. ૧૧

ઓ ઔ અં અઃ ઉનકે માંહીં,
એ સ્વર ખટદશ કહાવે.
ઈનકા ધ્યાન ધરે નર જેહી,
સો ભવજવલમેં નાવે. સ. ૧૨

ભ્રકુટી ચક્રે દેવદલ પત્રે,
વાકા નિર્મળ રંગા.
હં ક્ષં અક્ષર રહે નિરંતર,
ચિદ્શક્તિકે સંગા. સ. ૧૩

સહસ્ર જાપ વાંહાં કરો નિવેદન,
પરમ તુરી પદ વાંહી.

બજે અનાહુદ નાદ નિરંતર,
અમૃત બરસે જહાંહી. સ. ૧૪
અક્ષરબ્રહ્મકા ભેદ અપારા,
દલ હજાર વાંહાં દર્શે.
સહસ્ત્ર જાપ વાંહાં જપો જુગતસે,
પરમ જ્યોતીકું પરસે. સ. ૧૫
સબ અક્ષર અવ્યકત રહે વાંહાં,
અકલ અનુપમ રંગ.
કોટી રવિ શશિ તેજ કહાવે,
પરમ પુરૂષકે સંગા. સ. ૧૬
ઇનકે આગે લક્ષ અલૌકિક,
સદગુરૂ ભેદ બતાયા.
છોટમ શ્રી ગુરૂ દેવ પ્રતાપે,
અચલ અભય પદ પાયા. સ. ૧૭

ભજન ૨૫ મું.

[આ પદ ધોળના રાગનો છે.]

અવળું વૃક્ષ કોઇ જોજો નીહાળી,
થડ તો છે ઉંચું ને નીચી છે ડાળી.
ચાર ત્વચાઓ દીસે રૂપાળી તો,

મુળ અધર આકાશમાંરે. ૧
મુળ થકી ઊપ મુળ થયા છે,
પંચ પ્રકારે અરૂપ રહ્યા છે.
આખા બ્રહ્માંડમાં ફેલી ગયા છે તો,
વૃક્ષ રહ્યું તે વડેરે. ૨
શાખાઓ નીચી ને ગુણ સહુ ન્યારા,
કોઈ ખોટા ને કોઈ સારા.
પંખી વસે બહું ચરવાને ચારાતો,
પત્ર પુષ્પ બહુ વાશનારે. ૩
કડવા ને મીઠા વળી ફળ એને,
મન મરકટ ખુબ ખાય છે તેને.
આશા વેલી લપટે છે જેને તો,
શંસેની જાળ છુટે નહિરે. ૪
ડાળે ડાળે સહુ દેવોનું થાણું,
મુળ વીશે પર બ્રહ્મ પ્રમાણું.
અરથ એનો જો ઉરમાં આણો તો,
છોટમ ભેદ છે વેદનોરે. ૫

ભજન ૨૬ મું.

(રાગ ઠુમરી.)

પ્યારા દેશી મીલે તો દીલકી કહુંરે,
મેં તો બોલી કહું કહા આનસે. પ્યારા ટેક.
પરદેશી મેરી બાત ન બુજેરે,
કાહા બક મરીયે અંજામસે. પ્યારા. ૧
દેશી હમારા દીલકી જાનેરે,
પ્યારા લગે મોરે પ્રાણુસે. પ્યારા. ૨
દેશી બીના દીલ દીલગર મેરારે,
બાત કરૂ કોહસે કોંનસે. પ્યારા. ૩
છોટમ જો કોઈ જુગ માંહિ પાવેરે,
સમજે ગુરૂકી સાનસે. પ્યારા. ૪

ભજન ૨૭ મું.

[રાગ ઠુમરી.]

બંસી બાજી ગગન તો ગરજ રહ્યોરે,
લાગી લાગી સુરત મેરી ધ્યાનસે. ટેક.
ચંદા સુરજ દોઉ ચલત ધીરારે,
મન મોહ્યા પરમ ગુરૂ જ્ઞાનસે. બંસી. ૧

તક તક તીર પતાલકું સાંધ્યોરે,
જાપ લાગ્યો અશમાનસેં. બંસી. ૨
છોટમ સેહેજ સ્વરૂપ પ્રભુકોરે,
પાયો પાયો શુભ એહી સાનમેં. બંસી ૩

ભજન ૨૮ મું.

(રાગ વસંતનો)

સોહં હંસા હોળી રમે છે,
ચિત ચિત શકિત શકિત કે સંગે.
સભર સરોવર અધર સુન્યમાં,
ત્યાં થકી આપ ઉમંગે. ૧
અક્ષર સ્વરના તાલ અનોપમ,
કર લીધી ઓંકારે.
મન બહુ ભેદ રચે ને મધ્યે,
વાણી વિચિત્ર ઉચારે. ૨
ભેરી મૃદંગ શંખ શરણાઈ.
મધુરી મોરલી બાજે.
અનહદ નાદ નીરંતર સહેજે,
ગગન મંડળ મેં બાજે. ૩
સુરત નુરત સોહાગણ સંગે,

ઝંખે ત્રિવેણી તીરે.
ચંદ્ર સુરજ પીચકારી ઉરાડે,
પચ રંગ ભરી નીરે. ૪
શંકર શેષ સુરેશ વીરંચી,
સર્વે કરે છે સેવા.
પ્રેમે પુષ્પ લઈ નાથ વધાવે,
પામે મહારસ મેવા. ૫
ભેદુ સકળ ત્યાં મળ્યા ભેળા,
રૂષી મુની ને મહા જોગી.
સનકાદિ સુખદેવ સરીખા,
પ્રેમ અમીરસ ભોગી. ૬
કોટીક કવિજન કીર્તી કરે છે,
વિધ વિધ વ્યાશ વખાણે.
મંદ મતિજન છોટમ તેનો,
મહિમાં શું જાણે. ૭

ભજન ૨૯ મું.

[રાગ હોરી]

સોહં સંગે ધુમ મચાઈ,
ગુરૂ ધ્યાનેમે સોહં સંગ ધુમ મચાઇ.

ઇગલા પીંગલા દોનું સાંધકે,
સુખમણા સંગ મેલાઈ.
અંજપા જાપ જપો નીસવાસ,
ત્રિકુટી ધ્યાન લગાઇ.
સુરત ધરી દેખો ભાઈ,
સોહુંગ સંગ ધુમ મચાઈ. ૧
મુળ ઉપસ્થ મણી પુરે અનહદ,
વીશુધ આજ્ઞા ચક્ર જાઈ.
સકળ દેવકું જાપ સમરપો,
શાહુસ્ર દલે ચીત લાઇ.
દેખ લો જ્યોતી જગાઈ,
સોહું સંગ ધુમ મચાઈ. ૨
અનહદ ઘોર ગરજના અદભુત,
અનંત રંગ રહ્યો છાઇ.
ઝાંઝ જાલરી વીના વાંસળી,
ભેરી શંખ શરણાઇ.
સુરત તીહાં જાઈ લો ભાઇ,
સોહુંગ સંગ ધુમ મચાઇ. ૩
સરવા તીત સદોહિત પુરણ,
સુદ ચિત જન સુખદાઇ.
જન છોટમ સતગુરૂ પ્રતાપસેં,
સો પદ કી ગમ પાઇ.

જોગકી જુગત બતાઈ,
સોહ‌ંગ સંગ ધુમ મચાઈ. ૪

ભજન ૩૦ મું.

(રાગ ધુમારની હોરી.)

અભી અંતર અનહદ બજ રહ્યા હો,
હાંની હાસેરે પ્યારે બાજત દશ વીધી નાદ
અભી અંતર અનહદ બજ રહ્યા હો. ટેક
પહેલા નાદ ઉઠત હે એસા,
જ્યું ચીડીયાકું સોર બજાઉ.
દુજા નાદ એહી તે દુના,
તીસરા હે ઘુઘરીયાકા ઘોર. અભી. ૧
ચોથા નાદ શંખ ધુની જેસા,
પંચમ વીણા સમાન બન જાણ.
છઠા નાદ જયું તલ બજત હે,
સાતમા હે મોરલી પ્રમાન. અભી. ૨
બાજે મૃદંગ જયું નાદ આઠમા,
નવમા નેફેરી નાદ બલજાઊ.
દશમાં સિંધુ ગર્જના જેસા,
અથવા થનગર જે મહાદ. અભી. ૩
પારવતી સેં મહાદેવે ભાખી,

પહેલા નાદ સુને જન જબહી,
રોમાચીત હોય ગાંત બલજાઉ.
દુજા સુને તબ આલસ આવે.
તીજા તે પીડા ઉપજાત. અભી. ૫
ચોથા નાદ માંહી ચીત દેવે,
ઘુમન લાગે શરીર બલજાઉ.
પંચમનાદ સુને ચીત ધરકે,
બરસે અમૃત રસ્રસીર. અભી ૬
છઠા નાદકો ધ્યાન લગાવે,
સો કરે અમૃત પાન બલજાઉ
સાતમા નાદ સુને કોપ જબહી,
ઊપજે તબ અનુભવ ગ્યાન. અભી. ૭
દુર દેશકા બચાન સુનત હે,
જાની તે મન બાત બલજાઊ.
અંતર જામી હોય સબ જગમેં.
તાતે કછુ છુપો નારહત. અભી. ૮
નાદ આઠમા જો મન ધારે,
તાકું એસા હોય બલજાઉ.
સકલ દેહકા નાદ સુનત હે.
સુક્ષ્મ ગતિ અતી સોય. અભી. ૯
નવમા નાદ ધારણા ધારે,
આપ આણું સબ હોય બલજાઊ.

સકલ લોકમેં સો ફીરી આવે,
તાકુ ન લખી શકે કોઈ. અભી. ૧૦
સબકી દ્રષ્ટીસેં હોય અગોચર,
ધારે ચહાય છો રૂપ બળ જાઉ.
સ્થુલ તે સ્થુલ હોય જીન માંહી,
એસી હોય સીધી અનુપ. અભી. ૧૧
દશમા નાદ દુર રહે સખત,
તાકો ધરે જો ધ્યાન. બળજાઉ.
વાસના બીજ સકલ જરી જાવે,
હો રહે બીલી સમાન. અભી. ૧૨.
જાવકું છાંડ ધરે જો દસમા,
નાદ ધારણા કોય બલજાઉ.
છોટમ સોહં પરમ પદ પાવે,
આવાગમન નહિ હોય. અભી. ૧૩.

ભજન ૩૧ સું.

દેખો દેખોરે આ ઘટકો ખેલ,
જામે દીપ જલે બીન બાતી તેલ.
જીહાં અનહદ નાદ બજે અપાર,
માંહી મુરલી મુદંગ ને શ્રંગ સાર,
બાજત શ્રવણુ તાર. દેખો. ૧

જીહાં સોહું હંસા રમત રંગ,
લીયે પાંચ પચીચ પ્રકૃતી સંગ,
જાકો રૂપ નહિ આકાર અંગ. દેખો. ૨
તીહાં કલ્પ વૃક્ષ થકી બની હે બાગ,
સબ દેવ કરત હે રંગ રાગ,
કોઇ ગુરૂમુખી સમજે ગુરૂ કો ભાગ. દેખો. ૩
તીહાં શીવ સનકાદિન ધરત ધ્યાન,
અતી પ્રેમ સુધારસ,
કરત પાન કહે છોટમ એ સતગુરૂ સાખ. દેખો. ૪

ભજન ૩૨ મું.

[રાગ હોરી]

ખેલો પીયા ગેબ ગગનમે હોરી,
કહો જાની શકે ગતી મોરી. ટેક.
આપ અરૂપ રૂપ બહુ સરજે,
અંડ અનંત કરોરી.
અખીલ જીવકુ નાચ નચાવે,
જાકે હાથમેં દોરી. ખેલો. ૧
રૂપ રંગ બહુ ભાત ભાતકે,
જુગલ નારી નર જોરી.
કાહુકી સુરત એક સીન આવે,

અદભુત ચાતુરી તોરી. ખેલો. ૨
ખેલનહાર નજર મે ન આવે,
સબકી મતિ ભઈ ભોરી.
સોહું સોહું શબ્દ હોત હે,
ગુરૂગમ જાત અહોરી. ખેલો. ૩
નેતી નેતી કહી નીગમ પોકારે,
વીનય કરે કરજોરી.
છોટમ એસે પદકું જાને,
તાકી મતી અતી ધોરી. ખેલો. ૪

ભજન ૩૩ મું.

કરકના પદ.

ગાંજો.

[મોજ ઉઠં ચલી પવનકે સંગ એ રાગ.]

પીઓ કોઈ જ્ઞાન ગાંજેકી કલી.
દેખ ફીર પરમેશ્વરકી ગલી. પીઓ. ૧
મહા વાકયકી કલી ચાર જીને
હુસ્તા કમલ કર મલી,
માયા બીજ અસર નીકાળ્યો
ભાગ ત્યાગ કર ભલી. પીઓ. ૨
ગુરૂ શબ્દકા ગાંજા સંતો

સોહંગ ચીલમ ધર દલી,
બ્રહ્મ અગ્નિકી આગ જલાવો
કર્મ વાસના જળી. પીઓ. ૩
સોહં સકા રગડ મીલાવો
તબગડેહે ગલ ગલી,
જીવન મુકત પીવે જન જોગી
બ્રહ્માનંદ રસ રલી. પીઓ. ૪
હરનીસ રહે ચકચુર નિશામે,
આવાગમન જબ ટલી,
કરક સદા મન મગન પ્રીરત હે,
જેસે કમલપર અલી. પીઓ ૫

ભજન ૩૪ મું.

(ભાંગ–ઉપરનો રાગ.)

પીઓ કોઈ જ્ઞાન ઘુટકે ભંગ,
લગે જબ જગત પતિસેં રંગ. પીઓ. ૧
તનકર કુંડી મનકર સોટા,
શુદ્ધ બુદ્ધિ જલ ગંગ;
ઓહંગ સોહંગકા રગડ લગાકે,
પ્રેમ પ્રીત પ્રસંગ. પીઓ. ૨
કાલી મીરચી મમતા પીસો,

વિષય વાસના સંગ;
સાર અસાર સાફીસે છાણો,
આત્મ તત્વ અસંગ. પીઓ. ૩
ભરી કટોરા તત્વ મસીકા,
પીઓ સદગુરૂકે સંગ;
ચડે ખુમારી બ્રહ્મ જ્ઞાનસેં,
શીતલ હોય સબ અંગ. પીઓ. ૪
ચાર બેદકો ભેદ પાઇ કોઈ,
પીવે કરે સતસંગ;
કરક લહેર યે ગુરૂ દયાકી,
ચડે ન દુજા રંગ. પીઓ. ૫

ભજન ૩૫ મું.

ગંગા.

(રાગ ઉપરનો)

મુકત ઘર બ્રહ્મ સભા સતસંગ
ચલે જહાં જ્ઞાન સુર શ્રી ગંગ સુકત. ૧
ચાર વેદ સેં ચલી સુર શ્રી,
ગુરૂ હરદ્વાર પ્રસંગ.
વિવેક વેગ વૈરાગ્ય પવનસે,
સમી હે આગ અનંગ. મુકત. ૨

માયા અવિદ્યા દોનું કીનારા,
ઇશ્વર જીવ તરંગ.
સોહં શબ્દ અહોનીશ ગર્જે,
કમ બુદ્દ બુદા ભંગ. મુકત. ૩
બ્રહ્મ સાગરમેં આત્મ ગંગા,
અનુભવ કરત અસાંગ.
જીવ મુકત લહેર ઉઠત હે,
શીતલ લહેર સોહુંગ મુકત. ૪
તત્વ જ્ઞાન કી મોજ મીલે,
કોઈ જાય કરો સતશંગ.
પતિત પાવની ગંગા લહેરી
કરક ડુબાદે અંગ મુકત. ૫

ભજન ૩૬ મું.

વર્ણન [માછીડા હોડીડા હંકાર એ રાગ]

તેરા ઘટમેં બજે ઘડીયાલા,
ગગન ધુન બાંસુરીયા. ટેક.
ઓહુંગ સોહુંગ કા લંગર ડોલે.
પલ પલ ઘાટ ઘડે.
અષ્ટ કમલ દશ શરખા ચાલે,
હરનીશ ખબર પડે. ગગન. ૧

નાભી કમલસેં ઉઠે ગર્જના,
અનહદ ગગન ચડે.
બંક નાળસેં સુન શીખરમે,
જો કોઈ ખોજ કરે. ગગન. ૨
ઈડા પીંગલા સમ કરી રાખો,
સુખ મન સુરતા સમાવે.
મુલા ધાર કો બાંધ લગાકે,
ઉલટા પવન ચલાવે. ગગન. ૩
મેરૂ દંડસેં ઘાટ ત્રીકોટી,
આસન અદલ જમાવે.
બીન બાદલ જ્યાં અમર બરસે,
વ્હાં મન સહેજ સમાવે. ગગન. ૪
દ્વાદશ નાદ અનહદ બાજે,
નવસો મંગળ ગાવે.
નુરત સુરતસેં શસ્ત્ર દલમે,
કરક અભય પદ પાવે. ગગન. ૫

ભજન ૩૭ મું.

બીના ભજન ભગવાંન મિનું,
તેરી ઊમર ગઈ ગુજરી. બિ૦
ઘટમેં ગંગા ઘટમેં જુમના,
સરસવતી ઘટ નીસરી. બિ૦

ઘટમેં કાશી ઔર મથુરા,
દ્વારામતી દુસરી બિ૦
ઘટમેં ચંદ્ર સુરજ ઘટમેં,
તારા જ્યોતી સરી. બિ૦
ઘટમેં રામ રમે સીચા લક્ષમણ,
રાવણ સાક્ષસડી. બિ૦
ઘટમેં ગોપી કૃષ્ણ બીરાજે,
કરક બજે બાંસુરી. બિ૦

ભજન ૩૮ સું.

(ડુંગર પરી)

હંસા ચાલોરે ગુરૂજીના દેશમાંજી,
ત્યાંહાં કગવા ચુનત હે કપુર.
હંસારે પીઓાને પીયાલા પ્રેમનાજી,
તારા આવારે ગમન મટિ જાય.
હંસારે પીઓાને પીયાલા રામનાજી. ટેક.
હંસારે અગર ચંદનના હાર હલેજી,
ત્યાહાં મોતીડાંના બીજરે વવાય.
હંસારે ગંગજમુનાં ને સરસ્વતીજી,
ત્યાંહા ત્રીવેણીતાંરે સ્નાન હંસા. ૧
હંસારે કાયારે નગરમાં કોટડીજી,

તેમાં ભરીયા હે માલ અપાર;
હંસારે ખપ પડે ત્યાંહા ખોલીએજી,
તારાં આવારે ગમન મીટ જાય. હંસા ૨
હંસારે ઝડાયે ભંભા જયોતું જળ હુળેજી,
ત્યાંહા પહોંચે વીવેકી સંત;
દાસ ડુંગરીપરી બોલીયાજી,
મારા સંતનો વાસ વૈકુંઠ. હંસા ૩

ભજન ૩૯ મું.

અનભે વાતો અટપટી,
જેની જોગ કળા ગત છે જીણી;
દેવ ગુરૂના વેચ્યા વેચાણી,
સહુ સંતો એ લેશે વીણી. અ. ૧
નાભી કમળથી સુરતા ચાલી,
નીરાધાર જઇ ઠેરાણી,
માન સરોવર મોતી વીણે છે,
જ્ઞાન સભામાં ઘેરાણી. અ. ૨
ચઢી ફોજ ને હુવા નગારા,
નીર્ભય નોબત ઘેરાણી;
સુરત નુરત દો ચઢી શીખરપર,
બ્રહ્મ અગ્નીમાં હોમાણી. અ. ૩

શુન્ય શિખર પર સેસીયો વાગે,
નોબત વાગે માંહી નીશાની;
ગુપ્ત ગોળી જ્ઞાનની લાગી,
પડ પુટા ને ઉઘડયા પાણી. અ. ૪
ઘેરી લીધા કોટક મુદ્રા,
ભુલ ભ્રાંત ભ્રમણા ભાગી;
ચાર વેદાંત પર ચોપટ ખેલે,
અલખ પુરૂષ શું લેહ લાગી. અ. ૫
અકળ સ્વરૂપી કળ્યા ન જાઈ,
આસન બેઠા અવિનાશી;
તોડી માંહેલા ત્રણ ગુણોને,
મારેલ માંહેલો મેવાશી. અ. ૬
ગોતી લો ગગન મંડળમાં,
આભા મંડળમાં ઉન્મુની;
દેવ ડુંગરપરી અર્ણની સેવા,
જાહેર વાતો એ થઈ જુની. અ. ૭

ભજન ૪૦ મું.

તુંને ડુંગરપુરી કહે હંસ રાજારેજી,
મુંને દેવતો અંદર લાધો હાં.
તુંને ડુંગરપુરી કહે બ્રહ્મ જ્ઞાનીરેજી. ટેક.

સાધુભાઈ મુળ મંડાણુ સેજ ધુન લાગીરેજી,
ત્યારે પ્રેમ નામ પરખાય.
વીરા સતરા શબ્દ હીરદે ધરી રાખો,
ત્યારે ખોજત ખોજત પાયા. તુંને. ૧
સાધુભાઈ સસીયર સુર હુવા દોનું ભેરાજી,
ત્યારે ઘર સુખ મનરે આયા;
વીરા રોંમ રોંમ ધુંન ગેરી ગાજે.
ત્યારે અનહુદ નાદ બજાયા. તુંને. ૨
સાધુભાઈ ત્રીકુટી રો ધ્યાન ધરો ધીર પસેરેજી,
ત્યારે સતગુરૂ શ્યામ મનાયા.
વીરા સતરા શબ્દ અમીરસ ભરીયા,
ત્યારે પીવત પીવત પાયા. તુંને. ૩
સાધુભાઈ નવરી વ્રત સીલ નટ ચડીયારેજી,
વાંકા દરશન વીરલે પાયા;
વીરા રમત માંડી રામ થારી આંગેં,
ત્યારે સુરી નર જોવણુ આયા. તુંને. ૪
સાધુભાઈ સુન શીખર ગઢ મહા જંગ રસીયોરેજી
વાંકા દરશન વીરલે પાયા.
વીરા સ્વામી ડુંગરપુરી ચરણુ સાધાંરે,
મેતો ગુરૂ વચને ગમ પાયા. તુંને. ૫

ભજન ૪૧ મું.

યારો આવા ગમન મીટ જાય,
હંસા પીઓને પ્યાલા પ્રેમનારેજી. ટેક.
હંસા ચાલો સત ગુરૂના દેશમાંજી
જ્યાં કગવા ચુગે કપુર હંસા. પીઓ.
હંસા નહિ વાદળ નહિ વીજળીરેજી,
ત્યાં જરમરયા વરસે મેઘ હંસા. પીઓ.
હંસા જળ હળ જયોતું જળ હળેરેજી,
ત્યાં મોતીડા રા ચોક પુરાય હંસા. પીઓ.
હંસા ગંગા યમુના સરસ્વતીજી,
ત્યાં ત્રીવેણી ટંકશાળ હંસા. પીઓ.
હંસા કાયા નગર એક કોટડીરેજી,
ત્યાં વસ્તુના ભરીયા ભંડાર હંસા. પીઓ.
હંસા દાસ ડુંગરપુરી બોલીયાજી,
મારા સંતોનો અમરાપુર વાસ હંસા. પીઓ.

ભજન ૪૨ મું.

[ભોજા ભગતના પદ.]

સંતો અનહદ જ્ઞાન અપારા,
સમજયા સંત ચલણ ન ચુકે,
પિંડ બ્રહ્માડમેં પારા. સંતો.
રસાતળ તળાતળ મહાતળ મેલ્યાં,

સાત પાતળ જોયા તાગી.
સંત સંગતે પીયુંજીને પામી,
બહુ નામી ચર્ણ બુદ્ધી જાગી. સંતો.

મૃત્યુ લોકમાં મનુષ્ય દેહ ધરીને,
દશ દરવાજા જોયાં રૂંધી.
ખટ ચક્રમાં સુરતા ચઢાવી,
ત્યાં ઈશ્વર નીરખ્યાં અક્રોધી. સંતો.

ભુર લોકમાં ભુવર લોક,
ઈંદ્રના લોકની નહી આશા.
તપસીના લોકમાં તાપ ત્રીવીધના,
બ્રહ્માના લોકમા ભય ભાસા.

કર્મ ધર્મ ને રહેણી કહેણી પુરી,
પુન વૈકુંઠના વાસી,
શબ્દા તીતમાં જોયું સંભાળી,
અધર લોક તે ઉદાસી. સંતો.

શુન્ય વળોટી ત્રણુ ચૈતન્ય ચાલ્યું,
આધ નારાયણુને આરાધી.
તે પર ચાર શુન્ય જોઈ સંભાળી,
ત્યાં માયા ચોવીશ ધામ સુધી. સંતો.

તેજ પિંજરને જયોતી સ્વરૂપ જોયું,
કૈવલિક બ્રહ્મ કીરતારી.

શબ્દાતિત બ્રહ્મમાં જોયું સંભાળી.
ત્યાં ચૈતન્ય ચાલ્યું ને હું હારી. સંતો.
સાત પાતાળ એકવીશ બ્રહ્માંડથી,
ગયા ગૌલોકમાં ગુરૂ ચર્ણે
ત્યાં સુક સનકાદિકને દાસ કબીરા,
ક્ષર અક્ષર નિજ વાણી વર્ણે. સંતો.
અઠ્ઠાવીશ ધામથી સાડા સાતસે,
નીર્ભય જમુનાના નીર નાહ્યા.
તે ઉપર ચાલ્યા સાડા ચારસે,
ત્યા આગે અમર ધામ આયા. સંતો.
ભોજો ભગત કહે ગુરૂ પ્રતાપે,
નિગમને અગમ નિગમ ગોતી.
અમર અનંતા ને અકથ અજીતા,
નિજ સ્વરૂપની જયોતી. સંતો.

ભજન ૪૩ મું.

પદ નિર્વાણુ મળ્યા જઈ મનવા,
સુરતી સ્વરૂપમાં જઈ લાગીરે.
નામ નિરાળા હોઈ રહયા સજની,
અગમ અગોચર લેહ લાગીરે.
સાત પ્યાલા એકવીશ બ્રહ્માંડથી,

પરાને પાર એતો જઈ પુગ્યારે.
નિત્ય પ્રતિ નુર એને નયણે વરસે,
અંતરમાં અનુભવ ઉગ્યારે.
આશ નિરાશ એકે નહિ ઉરમાં,
હું પદ રહ્યા સહેજે હારીરે,
હદ બેહદ છોડી અનહદ જઈ વાગ્યા.
દેખાવા માત્ર દેહ ધારી રે.
ધામ ધણીને અમર પદ ઊગ્યા,
અકળ અજીત મુર્તી કહાવેરે.
ચૈતન્ય બ્રહ્મ ભીતરથી ભાળ્યો,
અક્ષરાતીત આનંદ આવેરે.
નુરતે ને સુરતે ખેલ નીહાળ્યો.
અણલીંગી લેખાં લેખ્યાંરે.
બ્રહ્મા મહેશ ને ઇંદ્ર ન જાણે,
અગમ તમાસા એસા દેખ્યારે.
અજબ ખેલ અદભુત અનુપમ,
વર્ણન જીભ્હા એશું સમજાવેરે.
ભોજો ભગત કહે ગુરૂ પ્રતાપે.
શુદ્ધ વિચારે અનુભ આવેરે.

ભજન ૪૪ મું.

વર્ણન.

(રાગ કાફી.)

સગપણ બતાવું રે,
દેહને આત્મા તણું.
વીચારો મનથી રે,
સમજી તમે ઘણું ઘણું. સગ. ૧
સરોવર માંહિ કમળ ઊગે,
ખીલે હજાર પાંખડી માંહી,
રંગ બે રંગી ભાત દેખાડે,
જોનારા ને ત્યાહીં
રીઝે જોઈ લોકો રે,
સગપણ સારૂ અન્યું. સગ. ૨
ઉદર માંહિથી ઉપજાવ્યું,
નાનું મોટું કર્યું સાર.
સુવાડયું ઊઠાડયું હોંસે,
સાચવ્યું વારંમવાર.
તોડયું આવી હાથે રે,
સગપણ ગણ્યું ના ગણ્યું. સગ. ૩
જોવા માત્રથી સગપણ દીસે,
જોનારાની આંખ.

ઊના પાણીમાં જંપલાઈ જાણી,
મરે કોણુ રડે માંખ.
તેવું આવે રડવુ રે,
કમાળ સર સગપણું. સગ. ૪
તેવું જીવ શરીર ધરે છે,
વળી તે સાથે સગાઈ.
ભ્રમથી ભાસે જુદાઈ છે,
નહી જાણો જુ । જદુરાઈ.
અલગ વસે દેહથીરે,
ભોજો ભગત કહે વાણીએ કેમ વર્ણું. સગ. ૫

ભજન ૪૫ સું.

નેત્રો આવ્યો જેને નામનો,
હાલશે ધણી હજુર.
અભાગી સામા જઈ મળ્યા,
તનમાં વાગ્યા તુર.
નર આકાર ત્યાં નહિ,
નહી રૂપ અરૂ રંગે.
નહી પુરૂષ તણો પ્રવેશ,
નહી નારીને સંગે.
અટકળમાં આવે નહી,

લેખું નહી લગાર.
વાણીએ કેમ કરી વર્ણવું,
વાતું પરાને પાર.
પરાને પારથી પ્રીછીએ,
જો સદગુરૂ ભેદ બતાવે.
સોહં જપો તમે સુમણા,
તો અગમ તણી ગમ આવે.
ચારો કરતાં તે થડ સુવા,
સદા હોય રહી સા:લ.
રવિ પ્રગટયો રહેણી તણો,
કેમ કરી લોપાશે કાળ.
રહેણી ને કહેણી પુગે નહિ,
નહીં ધર્મને નેમ.
પહોંચી ગયા પરી બ્રહ્મને;
હોઇ રહયા કુશાળ ક્ષેમ.
નવ તેરી નગરી વસે,
જયા ત્રીવેણી તીર.
અમર ધણીને આશરે,
જઇ નાહયા નીરમળ નીર.
મંડયા રહો મેદાનમાં,
લેહ લગન લઈ લાવો.
રણુકાર રંગે મહેલમાં;

જઈ પીચુકી સેજ બીછાવો.
એતો સંત નીર્મળ નીરખશે,
શુન્ય શિખર પર શ્યામ.
અદભુત અવિનાશી ઓળખ્યા પછી,
રામે પ્રગટે રામ.
સ્થિરતાવાળા થડ થડે,
જમનનો ચાલે જોર.
તન તુર્યાના તીરથ પર,
પોતે માકો શુર,
મહાત્મ તો મરજીવા માણેશ,
ખેલ છે અપરંપાર.
તુરતે ચઢી નીશાન બજાવે;
નીરખેંગા નીરખન હાર.
વણુ વાદળે વીજ ચમકે,
ધન ધારે ધન આપો.
આપે પ્રગટયો આપમાં
નયણે નુર વરસાવો.
ક્યારે કૃતાર્થી અદ્યા.
નક્ષત્રમેં આયા.
બરછીથી બીતો નથી.
જઈ ચોટ અણીકી ખાયા.
નાદ ધુની વાગી રહી,

પુરણુ પરચ્યા પાયા.
ઉલટા ગુરૂ ગમસેં ખેલી,
જઇ શૂન્યમેં ડંકા બજાયા.
વળગ્યા નહીં કોઇ વાતને,
રામસે રાજી રહ્યા,
ભોજો ભગત કહે ગુરૂ પ્રતાપે,
એ નર નિર્ભય થયા.

ભજન ૪૬ મું.

[પ્રેમદાસના ભજન.]

ગાયત્રી.

ગાયત્રી ઘટમાં માન ખરી મન,
ગાયત્રી ઘટમાં માન ખરી.
ગયા પ્રાણના ત્રાયણુ રક્ષણુ,
અઘ ઓઘની માન અરિ. ગા. ૧
વાહન સોહં હંસ વહે છે,
શક્તિ બ્રહ્માણી ચિદવરી.
ઃસત્તા સન્મુખ સર્વમાં,
ભુવઃ વ્યાપે પ્રકાશ કરી. ગા. ૨
સ્વસુખ રૂપ નિરતી થાય પોતે,
તત્ સચ્ચિદાનંદ ભાવ ધરી.

સવિતા પ્રસવે સ્પુઃણુ સકલ આ,
વર્ણો-તમ તનમાં પ્રગરી. ગા. ૩
ભર્ગ જ્ઞાન અવિધા દહન કરી,
દેવ પ્રકાશે સ્વંચં હરી.
ધાતા રૂપે કરી ધારણા,
નીરખી ધૈર્ય બુદ્ધી આપ ઠરી. ગા. ૪
આપ રૂપથી વ્યાપક પોંતે,
જયોતીની જયોતી વિસ્તરી.
સ્વભાવે છે સમાન સર્વમાં,
અમૃત જન્મ ન થાય ફરી. ગા. ૫
તુર્યાતીત અદ્વૈત ચિદાનંદ,
નીરખી અહુંતા દ્વૈત ટળી.
પ્રેમ ગાયત્રિ ગુરૂગમ ઘટમાં,
અલખ પથી સભર ભરી. ગા. ૬

ભજન ૪૭ મું.

અંતર અર્થ.

યજ્ઞ.

યજ્ઞ અધ્યાત્મ માન કર્મ તે,
યજ્ઞ અધ્યાત્મ માનરે.
વેદી શરીરો-તર વેદી નાસીકા,

કર્મ સમીધ મન જાણુરે. ય. ૧
વાસના શુભા સુભ હુવિષ રૂપે,
યજ્ઞ બ્રહ્માગ્નિ જ્ઞાનરે.
રૂત્વિજ વાણી બુદ્ધિ પત્નિ,
આત્મા આપ યજમાનરે. ય. ૨
અહંકાર અધ્વર્યુ ચીત જ હોતા,
બ્રહ્મા સ્વરૂપે પ્રાણુરે.
સદસ્યા તે તો તન્માત્રા છે,
પ્રતિ પ્રસ્થાતા અપાનરે. ય. ૩
શાસના આશા એડા જીભ્હા,
પ્રસ્તોતા છે વ્યાનરે.
સ્થાન મુર્દ્નિ દ્રોણુ કલશ છે,
મિત્રા વરૂણુ સમાનરે. ય. ૪
જ્ઞાન ઇંદ્રી તે પાત્ર યજ્ઞના,
ઉદઘાતા રૂપ ઉદાનરે.
મન રથ ગ્રીવા ધારા પોતા,
કેશ દર્ભ પસુ કામરે. ય. ૫
વામ કર છે આજ્ય સ્થાલી,
દક્ષિણુ કર શ્રુવસ્થાનરે.
આજય ભાગ છે ચક્ષુ સ્વરૂપે,
આ ધારો શ્રોતનું નામરે. ય. ૬

પાંચ ભુત પ્રયાની સ્વરૂપે.
તત્વ અનુપાજયા ઠામરે.
સુક્ષ્મ સ્વરૂપે વાકહ્રુદય આપે,
તાલું અધર પ્રમાણુરે. ય. ૭
પત્નિ સંયોજા દયાને શાંન્તિ;
યુપ ઓંકાર નીશાનરે.
યુપક રસના ઇષ્ટિ અહિંસા,
સ્વાહાકાર સોહં ભાનરે. ય. ૮
તમ રજ સત્વ વિષ્ણું બ્રહ્મા રૂદ્ર,
ઇંદ્ર અયં પદ જ્ઞાનરે.
પ્રારબ્ધ બ્રહ્મભોજ ત્યાગ દક્ષણા,
આતીથ્ય અનુભવ આનરે. ય. ૯
શ્રેય મોક્ષ ષટકાર નિવૃત્તિ.
અવભ્રથ મર્ણું છે સ્નાનરે.
પ્રેમ સમાપ્તિ વિદેહ મોક્ષ છે.
તે બ્રહ્મ યજ્ઞ નીર્વાણુરે. ય.

ભજન ૪૮ મું.

વર્ણન.

અધિષ્ટાન વીષે અધ્યસ્ત જગત,
અધિષ્ટાન વીષે અધ્યસ્તરે.

જેમ ગગનમાં ભાસે નીલતા,
જગત એવી છે વસ્તરે. અ. ૧.
રવિ પ્રકાશે તમ જેમ નાસે,
તેમ જ્ઞાને અજ્ઞાનનો અસ્તરે.
એમ અધિષ્ટાને જગત નવ ભાસે,
વસ્તુ નાવે દૃષ્ટરે. અ. ૨
અજ્ઞાન લેશ રહેશે કર્મ સંજોગે,
જો હોય ભોગ અદૃષ્ટરે.
ભોગ જોગથી ભાસે વર્તે,
નવ માને પણ સ્વસ્તરે. અ. ૩
નીજાનંદ રૂપની દૃષ્ટી કરીને,
કલ્પિત પેખે સમસ્તરે.
પ્રેમ સ્વરૂપે બ્રહ્મ અખંડ તું,
સ્વચ્છંદ સદા અલમસ્તરે. અ. ૪

ભજન ૪૯ મું.

માળા.

[રાગ કાલીંગડો.]

ભજ મન મુરખ માળા,
એવી ભજ મન મુરખ માળા.
સોહં જાપ જે અજંપા જપીને,

પીવા પ્રેમના પ્યાલા. એવી. ૧
મહતત્વાદિ આઠ એક સો,
મણુકા ભૌતિક ખ્યાલા.
પ્રકૃતી પુરૂષ સુમેર અનાદી,
સુત રૂપ નંદલાલા. એવી. ૨
ગોપાળ સુત્રમાં મણુકા વ્યાપે.
મણુકામાં ગોપાળ.
મણુકા તત્વામાં અટક ખટક છે.
ગોવીંદ સદા નીરાળા. એવી. ૩
સ્થુળ સુક્ષ્મ કારણુ તુર્યાને.
સમરસ સ્વર્ગ પાતાળ.
અચળ રૂપમાં સચળ જીવ છે,
ભટકે મુરખ ઠાલા. એવી. ૪
હંસ હંસ ગતી કુદરત છે,
જડ ચૈતન્ય ઉજીયાલા.
પ્રેમ માળાનો ભેદ જે સમજે.
તેના ખુલા છે બ્રહ્મતાળા, એવી. ૫

ભજન ૫૦ મુ.

ઉપવિત.

(ભુતળ ભકતી પદારથ રાગ.)

ઊપવિત અંતર વ્યાપે નીરંતર.
સ્થુળ સુક્ષ્મ કારણમાં માનરે.
ત્રણ ગુણ ત્રીમાત્રેરે ગુથ્યા તંતુ,
ધારે છે અંહું અભીમાનરે. ઉ. ૧
વિશ્વ વ્યષ્ટિ વૈરાટ સમષ્ટિ,
વ્યષ્ટિ સમષ્ટિ પ્રાણરે.
તેજસ વ્યષ્ટિ હિરણ્ય ગર્ભને,
વ્યષ્ટિ સમષ્ટિ વ્યાનરે. ઉ. ૨
વ્યષ્ટિ પ્રાજ્ઞને ઇશ સમષ્ટિ,
વ્યષ્ટિ સમષ્ટિ અપાનરે.
એ તંતુ નવ ગુણે તેવડી,
વીશ સાત પ્રમાણરે. ઉ. ૩
પ્રકૃતી પુરૂષની ગ્રંથની અંતર,
નેત્ર કંઠે હૃદય છે સ્થાનરે.
વ્યાપક બ્રહ્મ પાસ સ્વરૂપે,
તે તું પોતે નીર્વાણરે. ઉ. ૪
ઉપનેન તજી મુખ્ય નેન વિચારો,
લક્ષરૂપ તેતો બિજ્ઞાનરે.

સોહું હંસ સ્વરૂપ આધાર સુત્રનો,
વ્યાપે સર્વેમાં સમાનરે. ઉ. ૫
જાણે ન અંતર આપ જનોઇ,
મુરખ મુઢ અજાણુરે.
પ્રેમ ઊપવિતને ધારે ગુરૂબમથી,
સ્થાવર જંગસે સમાનરે. ઊ. ૬

ભજન ૫૧ મું.

અમે તમારા તમે અમારા,
અળગા કેમ થાશું. ટેક.
જળ તમે તરંગ અમે,
પછી કયાં આગે જાશું. અમે. ૧
થાશો મૃતિકા રૂપ તમે,
ઘી અમે કહેવાશું.
ઘીનું રૂપ ભંગ થતાં,
આપમાં સમાશું. અમે. ૨
તલ અમે ને તેલ તમે,
પયમાં ધૃત લેશું.
ચંદન અમે સુગંધ તમે,
અમે ઘસારો સહેશું. અમે. ૩
સ્વર તમે ત્યાં વ્યંજન અમે,

ઓત પ્રોત રહેશું.
વર્ણું તમ નામ અમે,
વાર વાર કહેશું. અમે. ૪
અમે ઘાટ હેમ તમે,
રચન બન્યું ખાશું.
જ્ઞાન તમે વસ્તુ અમે,
સાકર મધુર ગાંશું. અમે. ૫
અમે તમે એક રૂપ,
વહોની કોને ઘાસુ.
આનંદ તમે પ્રેમ અમે,
એક રૂપે ભાસું. અમે. ૬

ભજન પરસું.

(નીર્મળદાસના ભજન.)

આલી નામકીતો નાસ્તી નાહિ,
સત્ય લોક દીપમાંહી.
પીંડ ઓર બ્રહ્માંડ,
રોમ રોમ રંગ છાવાહે. આલી. ટેક
ઓહું સોહું નામા,
સુન માહ સુન નામા.
શબ્દશે રહિત નામા,

કુળ નહિ નામ હે. આલી

અક્ષર ને અક્ષર નામા,

બાવન સે રહિત નામા.

નામ બીના કછુ નાહી,

દેખન મે આવા હે. આલી.

દેખત અદેખત નામા,

બાહેર ભીતર નામા.

ધુપ ઔર છાહી નામા,

બીંભકાર નામ હે. આલી.

સદ ગુરૂસેં ભેદ પાવા,

નામકો આકાશ છાવા.

નામકી ઊતપતી સબ,

નીર્મલકું દર્શાવાહે. આલી.

ભજન ૫૩ મું.

(રાગ કાફી.)

સંત મતવાલારે,

કે રામ રસ પીવત રહે.

દુખ સુખ નહિ વ્યાપેરે,

આનંદ ઘર સદા રહે. ટેક.

ગુરૂ મુખ હોઈ રામરસ પીવે,
સદા રહે રંગ લાલ.
ઓહુંગ સોહુંગ સદા સમરણમેં,
ટુટત નાહિ તાલ.
સમુદ્ર બિચ લેહરીરે,
કે નિસદીન ઉઠત રહે. સંત. ૧
ઓર અમલ લેનેકું જાવે,
તામે બેઠે દામ
રામ અમલ ભંડાર ભરાહે,
ખુટત નાહિ લગાર
ખુમારી નવ ઉતરેરે,
કે હરદમ રટત રહે. સંત. ૨
ભયે મસ્તવાળા ખબર નહિ તનકી
ગગનમેં વાસ.
ઉલટી સુરતા ચડી ગગનમેં,
ત્યાં નામ ભયો પ્રકાશ.
કોટી ભાણુ જેની શોભારે,
કે કેમ કરી વર્ણન કરે. સંત. ૩
જેસે મસ્ત ભયે મતવાલા,
સમજ સમજ મુસ્કાય.
આપણા હાલ કહે કોણુસે.

જીઉ ગુંગા ગાળ ખાય.
નીર્મળદાસ કહે છે રે,
કે સતગુરૂ ચરણ ગ્રહો. સંત. ૪

ભજન ૫૪ મું.

સાહેબ તુને કેસા રંગ બનાયા.
એહી રંગકો મરમ નહિ જાના.
હેજી પાંચ રંગ કો પીંડ બનાયા,
દસહી દ્વાર લગાયા.
એહી દ્વારકા ભેદ જીને પાયા,
સોહી પકડ પાંચો પાયા.
ગુરૂ પર ધ્યાન લગાયા. સાહેબ. ૧
હેજી પાંચ પચીસકો રંગ બનાયા,
પ્રેમકા પાસ લગાયા.
તીન ગુનકી બની પીચકારી,
તો મનકી ત્રાપ દબાયા.
સુરકો સંગ ચડાયાં. સાહેબ, ૨
હેજી તેરા રંગ બનાહે એસા.
કોઈ ભેદ નહિ પાયા.
તેરા રંગ પડયા હે જીનપર,

સોજન આનંદ સમાયા.
દુજા નજરે નહિ આયા. સાહેબ. ૩
હુજી એક બ્રહ્મ દુનીયાકો નાશ જ્યાં,
અનભે પદ દરશાયા.
નીર્મળદાસ મીલે સત ગુરૂકું,
રોમ રોમ રંગ છાયા.
અખંડ એક ધ્યાન લગાયા. સાહેબ. ૪

ભજન ૫૫ મું.

દેહી દરસીકો દુબધા જનાવા,
આતમ દરસકો મરમ નહિ પાવા. ટેક.
ગુણુ અવગુણુ સબકો બતલાવે.
અપને ગુણુકો છુપાયા.
આતમ દરસી એક બ્રહ્મ દેખે
દુજા નજર નહિ આવા.
ત્યાંસે મન મુસકાવા. આતમ દર. ૧
એક બ્રહ્મ દુતીયાકો નાશ જ્યાં,
બેદ પુરાણુમેં ગાવા.
ખટરસ ભોજન સ્વાદ જાનકે,
મધ માખી લપટાવા.
તાસે જાન ગુમાવા. આતમ દર. ૨

દેહી દરસકો રૂપ દેખકે,
આપમેં આપ ભુલાવા.
આતમ દરસી બિ કાંહા બોલે,
જયાં દેખત વાં માયા.
નારી નજરે નહિ આવા. આતમ દર. ૩
નીર્મળ હોય વાં પ્રકાશા.
ચરામે નહિ દરસાવા.
અગમ અનાદી અગમ યા બાની,
સુરા લડનેકો ધાવા.
કાયર પીઠ દેખાવા. આતમ દર. ૪

ભજન ૫૬ મું.

હેજી મોહે સતગુરૂ બક્ષ્યો રામ,
તબસે ભયો બિસરામ. ટેક.
હેજી જયાં અરધ ઊરધપર ધામ,
જયાં સુન સિખર મુકામ.
હેજી દેહ ખોટામાં બિરાજત રામ,
સબ ઊનકું કરો પ્રમાણ,
હેજી ઓઈ બ્રહ્મ સોઈ રામ,
સબ સંતનકો વિરામ.
હેજી જળ થળ વ્યાપીક હે રામ,

ઘટ ઘટમેં બસત હો નામ.
હેજી બીન જાને હોત નહિ આરામ,
છોડ ચલે આજ ધન ધામ.
હેજી સતગુરૂ એ બતાઈ દીયે નામ,
તબ મનકું ભયે આરામ.
હેજી બોલે નીર્મળદાસ સુખધામ,
હેજી જયો રરંકાર એકનામ.
હેજી નિષ દિન ઝરો નીસંગ રામ,
તબ પહોંચે વૈકુંઠ ધામ.

ભજન ૫૭ મું.

હોરી.

તેરા આવા ગમન મીટ જાય,
સમજ કર ગુરૂકે સંગ ખેલો ફાગ. ટેક.
તજ અભિમાન ગુલાલ ઉઠાવો.
એક રંગ મચ્યો ઠાઠ. સમજ. ૧
ઓહં સોહંકી કરો પીચકારી,
ખેલો સત ગુરૂકે સાથ. સમજ. ૨
એક રંગ દુતિયારો નાશ જહાં,
નીર્મળ હોઇ મીલ જાત. સમજ. ૩

ભજન ૫૮ મું.

સમજ બ્રહ્મ જ્ઞાની સોધ કર,
સુન નગર બચ રહા. ટેક.
તોરા આસરા રામ મીલનકા,
કથી બ્રહ્મ જ્ઞાન મચાયા.
કરમ છુટે પણ બ્રહ્મ ના પાયે.
વૃથા જનમ ગયા.
રામ સ્પપ્ને નહિ પાયા. સુન. ૧
ના હરી ભજન ન ગુરૂકી સેવા,
નિમ ધર્મ બિસરાયા.
બાસના લિંગ ખંડીત નહિ કબહું,
ભુત દેખી નીચે આયા.
ભટક સારી ઉમર ગુમાયા. સુન. ૨
ભજો બ્રહ્મ જ્ઞાન રામ લેઇ લાવો.
આપો આપ મીટાયા.
તેરે મેં તું દેખ ઉલટ કર,
સત ગુરૂ કહે સમજાવા.
એક સબ ઘટ દરસાવા. સમજ. ૩
અવઘા મારગ બ્રહ્મ જ્ઞાનકા,
લાખનમેં કોઈ પાયા.
નીર્મળદાસ દયા સતગુરૂકી,

બ્રહ્મ જ્ઞાનકો સમજાયા,
ઉલટા રામ નામ લખાયા. સમજ. ૪

ભજન ૫૯ મું.

બિના મુલકા ઝાડ બતાદે,
બિન પાણીકા તાલ.
બિના નીંદ સોવે સુખ પછી,
સો અબ ધુતા જ્ઞાન. બિના. ૧
બિન ભોજનકા ભોજન પાવે,
બિના નાસીકા વાસ.
બિન ઇંદ્રિ ભોગે સબ દુનીયા,
બિન કુલ પરીવાર. બિના, ૨
બિન પગલે સુને બીનકાન,
બિન વાણીકા રાગ.
બિન બાજા અનહદ ધુંન ગાજે,
સુરતાકા ધ્યાન. બિના. ૩
બિન બ્રહ્મકા બ્રહ્મ બતાદે,
બિન માયા મંડાન.
નીર્મળદાસ અગમકે બાણી,
બુજે સંત સુજાણ. બિના. ૪

ભજન ૬૦ મું.

જબસે નીરમલ એક નામ ગ્રહો. ટેક.
મળસે રહિત ભયે મન મેરા,
આવા ગમન સબ દુર ગયે તેરા.
હરખ શોક વ્યાપે નહિ મનકો,
ભે તજી અનભે ભયો હે તેરા.
નીશદીન સુરતા લાગી ભજનમેં,
ગગન મેહેલમાં બાસ કીયો તુને.
નીર્મળદાસ મીલે જબ સતગુરૂકું,
આનંદ મંગળ હોઈ ગયો મનકું.

ભજન ૬૧ મું.

(રાગ સોરડનો)

મોજ ઉઠ ચલી પવનકે સંગ,
જબ મીલ ગયે પાંચો રંગ. ટેક.
જબ લગ આશા તબલગ બાસા,
ખેલતહે ચો રંગ.
તુટી દોરી હાથ ન આવે,
જ્યું ઉડ ચલા પતંગ. મોજ. ૧
મેરી મેરી કર મન ધામ મીલાયા,
મેહેલ બનાયા ચો રંગ.

ભાઈબંધ ઓર કુટુંબ કબીલા,
કોઈ ન આવે તોરે સંગ. મોજ. ૨
અબહું ચેત હેત કર હરીસે,
ગુરૂ શબ્દ મે રંગ.
રામ નામકી નાવ બના લે,
ઉતર ચલ સત રંગ. મોજ. ૩
સત્ય લોક સતગુરૂકા બાસા,
મિલ ગયે એકઇ રંગ.
નીર્મળદાસ રામ રંગ માતા,
ચડે ના દુજા રંગ. મોજ. ૪

ભજન ૩૪ સું.

હારે મન ભયો વેરાગી હો,
રટનારે એક લાગી હો. ટેક.
રોમ રોમ રટનારે સબ લાગી,
સુનમાં સીંગી વાગી હો. મન. ૧
પાંચ પચીસ ઉઠીરે સબ જાગી,
ઉનકી દુરમત ભાંગી હો. મન. ૨
અગમ નીગમની ધુન જબ લાગી,
રાગ દ્વેષ દિયો સબ ત્યાગી. મન. ૩

નીર્મળદાસ મિલે જબ સતગુરૂકું,
અરસપરસ એક હો રહી. મન. ૪

ભજન ૬૩ મું.

ગુરૂ તો મેરે ઘટમેં રહે શ્યામ ટેક.
સબકો પિયા પરદેશ સિધારે,
કાગદ આવે ને જાય,
અમેરા પિયા રૂદે વસત હે,
છાંટી ખોલો તો દરસાય. ગુરૂ. ૧
જયાં દેખું ત્યા આપ બીરાજે,
સ્થાવર જંગમ માંહે.
એસો ધ્યાન લગો તનમનસેં,
મુખસે કહ્યો નહિ જાય. ગુરૂ. ૨
એસી તાળી લાગી ભજનસેં,
પલભર વીસરી ન જાય.
આઠ પહોરકી ચોંસઠ ઘડીયાં,
આનંદ ઉર ન સમાય. ગુરૂ. ૨
અરધ ઉરધકે બિચ મેરે,
હરદમ પિયા દરસાય
એસી રહેણી રેહેજો કોઈ,
તો આવા ગમન મીટ જાય. ગુરૂ. ૩

અદ અંત કછુ ના બનેરે,
મધ્યમાં સૌ બની જાય.
નીર્મળદાસ કહે ભગતકું,
સોઇ પરમ પદ પાય. ગુરૂ. ૫

ભજન ૬૪

(રાગ કાફી)

અલખ લેહુ લાગીરે,
કે લખમેં ન આવે.
સુરત ઉઠી જાગીરે,
કે અલખ લખમેં લાવે. ટેક.
મન બુધ ચિત હુંકાર સમજકે,
આપ આપમે આય.
અન ભેરખો જેસે પાવે.
સુન શીખર મુકામ.
અલખ જ્યાં દરસેરે,
અલખં ઘર દરસ કરે. અ. ૧
જયું રવી જોત પ્રકાશ ભયે.
સુની નાશ ભયો અંધકાર.
જયું ગુરૂ શબ્દ દીઓ સમરણુ બીચ
મીટ ગયે સકલ વીકાર.

અખંડ જયાં દરસેરે,
ખંડીત કોઈ કરી ના શકે. અ. ૨
ખડીત નહિ સમજ કર દેખો,
શ્યામ ઘટ રહે ભરપુર.
સાન અસાન સાનમેં સમજે,
કોઇ એક વીરલા સુર.
અલખ ઘર ખેલેરે,
નામ અનામ લેખે. અ. ૩
નામ વિનાની વસ્તુ નીરખે,
લાખન મેં કોઇ એક.
અનહદ અંધમે નાહિ,
લાગી શબ્દકી ચોટ.
ગગન ઉજીયાલારે,
કે નીર્મળદાસ લખે. અ. ૪

ભજન ૬૫ મું.

એસા કોઈ અવધુતા,
મનકું પકડ બાંધે.
સુરતા નાર ઘર લાવેરે. ટેક.
અગમ ખિડકી ખોલે,

પછમ દિશાકું ચલે.
બંક નાળ ઘર પાવેરે. એસા. ૧
બંકનાહ ઘર પાવા,
સૂનકે શીખર આવા.
શબ્દમાં સુરતી સમાવે. એસા. ૨
અન ભયકી ઘટા ચઢી,
પ્રેમકી લાગી જડી.
નીર્ભય નીસાના ઊડાવેરે. એસા. ૩
સત્યલોક બાસ કીના,
ગુરૂકે ચરણુ ચીના.
નીર્મળદાસ જસ ગાવેરે. એસા. ૪

ભજન ૬૬ મું.

એક ઘર જાના દોનું દીન,
કોઈ સંત રહે લવલીન.
એક ઘર જાના દોનો દીન. ટેક.
નહિ કોઈ પંડિત નહિ કોઇ કાજી,
પાંચ તત્વ ગુણુ તીન.
કોઇ સુનત કોઈ કાન છેદાવત,
દુગધા આપે તીન. એક. ૧

કોઈ દાટે કોઈ ફુંકી આવે,
દેખો જગતકી રીત.
કોઈ ભુત કોઇ પ્રેત બનો હે,
કોઈ જીંદ કોઈ પીર. એક. ૨
કોઈ સંધ્યા નિમાજ પઢત હે,
કોઇ ધ્યાન મેં લીન.
રામ રહીમ એક કર જાણે,
શોઈ સંત પ્રવીણ. એક. ૩
ચાર વેંદસે નહિ કોઇ ન્યારા,
ભેદ સંતકું દીન.
નીર્મળદાસ જગતસેં ન્યારા,
રામ રહીમ મેં લીન. એક. ૪

ભજન ૬૭ સું.

(રાગ ઠુંમરી)

હુરે જાગ જાગરે મન જોગી
ધંતુરા ભાંગકા ભોગી. ટેક.
ઝહેર પ્યાલા ઘોટ પાયા,
સાહેબકા નામ વીસરાયા. જા. ૧
સુરત કર ગગનકે ગરમો,

ફિરા કયા ભુલ આય જગમો. જા. ૨
ગુરૂકે શબ્દ તન ખોજે,
અમલ કરી પાંચ પર મોદો. જા. ૩
કહે નીર્મળદાસ જન તેરા,
ગુરૂકે ચરણુંકા ચેલા. જા. ૪

ભજન ૬૮ મું.

(રાગ કાફી)

સાધુ તો તેને કહીએરે,
કે ઇચ્છા તો જેને નહિ આવે.
બ્રહ્મ ઇચ્છા માયારે,
તેને તો બ્રહ્મ કેમ કહીએરે. ટેક.
ઇચ્છા કરી સોઈ માયા હે,
બિન ઇચ્છા દરસાય.
જ્યું પ્રતિબીંબ પડા પાણીમેં,
યું દરસે ઘટ માહેં.
અક્ષર અક્ષર બોલેરે,
કે માયાસે તો બ્રહ્મ મીલે. સાધુ. ૧
હું બ્રહ્મ કરી બ્રહ્મા ભુજ્યા,
દેખા નાહી કોઇ.
જબ સુરતા ગઇ નાભી કમળપર,

ઉતરી નાભી માય.
છત્રીસ યુગ બેહે ગયેરે,
કે અંતે કછુ નાહિ મીલા. સાધુ. ૨
વ્યાકુલ ભયે ખબર નહિ તનકી.
આપા દીએ ભુલાય.
આદ પુરૂષકે શબ્દ ભયે હે,
ચાર વેદ મુખ માંહે.
નામ દરસાવારે,
ત્યાં હસે તો સૃષ્ટિ ભઈ સાધુ. ૩
સતયુગ દ્વાપર ત્રેતા કળયુગ,
ચારો યુગ ભરપુર.
ના કોઈ ગયા નહિ આયા હે,
કે ખંડીત નાહિ કોય.
અંધે સે આગે આરસીરે,
કે નીર્મળ બીના સુજત નાહિ. સાધુ. ૪

ભજન ૧૯ મું.

(રાગ કાફી)

જ્ઞાની તો તેને કહીએરે,
કે ગુરૂકે સંગ મીલા રહે.
કે નિત ઉઠ જેની સુરતારે,

કે ખેંચીને ગુરૂ ચર્ણમાં રહે. ટેક.
જબસે શબ્દ દીયો ગુરૂ સ્મરણ,
મીટ ગયે સકળ બિકાર.
આઠ પોહોરકિ સોંચઠ ઘડિયાં,
છુટ નહિ લગાર.
સત તતો જેની વૃતિરે,
કે નિશદિન લાગી રહે. જ્ઞાની. ૧
જોતન લાગી સોહી તન જાણે,
ગુરૂ શબ્દકી બાત.
રોમ રોમ રંગ હોઇ રહયો હે,
રરંકારકી સાથ.
શબ્દમે સુરતીરે,
કે જ્યું મણિ નાગ મીલે. જ્ઞાની. ૨
પોથી પઢ પઢ પંડિત હારે,
ભુલે દેખા નહિ સાર.
ચાર વેદ હુંઢે નહિ પાવે,
ખટ દરશન કે પાર.
અપાર દેશ ન્યારોરે,
કે કોઈ સંત બીરલા ગ્રહે. જ્ઞાની. ૩
આદ અનાદિ નામ ગુરૂકા,
નિરખી લ્યો નીરાધાર.

નીરાલંબ સબહિસે ન્યારા,
ગુરૂપદ હે નીરબાન.
નીર્મળદાસ ન્યારારે,
કે ઘટ ઘટ માહિ રહે. જ્ઞાની. ૪

ભજન ૭૦ મું.

વર્ણન.

[મંગલ ત્રીતાલ]

(બ્રહ્માનંદના ભજન.)

જોગ જુગત હમ પાઈ,
સાધો જોગ જુગત હમ પાઈ. જો. ૧
મુલ દ્વારમે બંધ લગાયો,
ઉલટી પવન ચલાઈરે.
પેટ ચક્રકા મારગ શોધા,
ના ગન જાય ઊઠાઈરે. જો. ૨
નાભીસે પશ્ચિમકે મારગ,
મેરૂ દંડ ચઢાઈરે.
ગ્રંથી ખોલ ગગનપર ચઢીયા,
દશમે દ્વાર સમાઈરે. જો. ૩

ભ્રમર ગુફામે આસન માર્યો,
કાયા શુદ્ધી બિસરાઇરે.
બિન ચંદ બિન સુરજ નીશદિન,
જગ મગ જયોત જગાઇરે. જો. ૪
શિવ શક્તિકો મેલ ભયો જબ,
શૂન્યમે સેજ બીછાઇ રે.
બ્રહ્માનંદ સદગુરૂ કૃપાસે,
આવા ગમન મિટાઇરે. જા. ૫

ભજન ૭૧ મુ.

(મંગલ ત્રિતાલ)

સોહં શબ્દ બિચારો,
સાધો સોહં શબ્દ બિચારોરે. સો. ૧
માલા કરસે ફિરત નહી હૈ,
જીભ ન વર્ણ ઉચ્ચારોરે.
અજપા જાપ હોત ઘટ માંહી,
તાકી ઓર નીહારોરે. સો. ૨
હંસ અક્ષર સેં શ્વાસ ઉઠ વો,
સોસે જાય બિઠારોરે.
હંસો ઉલટ હોત હૈ સોહં,
જોગી જન નિર્ધારોરે. સો. ૩

સબ એકીસ હજાર મીલાકે,
છેસા હોત શુમ રોરે.
અષ્ટ પ્રહરમેં જાગત સોવત,
મનમેં જપા સુખારોરે સો. ૪
જો જન ચિંતન કરત નીરંતર,
છોડ જગત વ્યવહારોરે.
બ્રહ્માનંદ પરમ પદ પાવે,
મિટે જન્મ સંસારોરે. સો. ૫

ભજન ૭૨ મું.

[મંગલ ત્રિતાલ.]

અનહુદકી ધુન પ્યારી,
સોધો અનહુદકી ધુન પ્યારીરે. અ. ૧
આસન પદ્મ લગાકર સે,
રૂંધ કાનકી બારીરે.
ઝીની ધુનમેં સુરત લગાવો,
હોત નાદ ઝનકારીરે. અ. ૨
પહલે પહલે રલમિલ બાજે,
પીછે ન્યારી ન્યારીરે.
ઘંટ શંખ બંસરી બીણા,
તાલ મૃદંગ નગારીરે. અ. ૩

દિન દિન સુનત નાદ જબ બિકસે,
કાયા કંપત સારીરે.
અમૃત બુંદ ઝરે મુખ માંહી,
જોગી જન સુખકારીરે અ. ૪
તનકી શુદ્દ સબ ભુલ જાત હૈ,
ઘટમેં હોય ઉજારીરે.
બ્રહ્માનંદ લીન મન હોવે,
દેખી બાત હમારીરે. અ. ૫

ભજન ૭૩ મું.

[રાગ ઝીંઝોટી.]

રામ રંગસે મેરા મન તૃપ તાના. રામ. ૧
સઘળે રોગ મેરે દુર પરાને,
અનુભવસેં મન માના. રામ. ૨
જગત જંજાલ મોહે ભાસત નાહિ,
એક અદ્વૈત સમાના, રામ. ૩
થાવર જંગમ સકલ પ્રસારા,
બ્રહ્મ હી રૂપ દર્શાના. રામ. ૪
તૃષ્ણા સકલ વિનાશી મનસે,
ઉદે ભયો જબ જ્ઞાના. રામ. ૪
બ્રહ્માનંદ કહત સુન મનવા,
તજ રહો અભિમાના. રામ. ૫

ભજન ૭૪ મું.

[રાગ ગઝલ, તાલ, ધમાલ.]

સુનો દિલકો લગા પ્યારે,
ધુની અનહદકી હોતી હૈ. સુનો. ૧
બજે બંસી વાં બીણા હૈ.
શંખ ઘડીઆલ મરદંગા.
ગરજ બાદલકી હૈ ભારી,
કર્મકી મૈલ ધોતી હૈ. સુનો. ૨
ઉઠે ધુનકે સહારે સે,
બાદન સારે મેં ગુંજારા.
અમૃતકી ધાર તાલુંમેં,
સદા મુખ મેં નીચોતી હે. સુનો. ૩
લગે મન નાદકે અંદર,
ભુલે તનકી ખબર સારી.
હિરદેકે બિચમેં સુંદર,
પ્રગટ હો દિવ્ય જયોતી હૈ. સુનો. ૪
ખુલે જબ દૃષ્ટિકે પડદે,
નજર આવે ભુવન સારે.
વોં બ્રહ્માનંદકી લહેરી,
પ્રેમ રસમેં ભિગોતી હૈ. સુનો. ૫

ભજન ૭૫ મું.

સુષ મન સહુજ સમાની,
સંતો જાનતહે કોઈ જ્ઞાનીરેએએએએ સંતો. ૧
ઇંડા પિંગલા ઓર સુષમણા,
તીનો ઠર ઠેરાની.
બંક નાલ રસ પીઓ નીરંતર,
ઉન્મુની સુરત સમાની. સંતો. ૨
મુલ બંધ ઊડીયાન જલંદર,
તીનો બધ લગાની.
પુરક કુંભક રેચક કરકે,
નુરતં સુરત મિલાની. સંતો. ૩
ખેચરી ભુચરી, અગોચરી ચાચરી,
ઉન્મુની મુદ્રા સાની.
ઉન્મુની મધ્યે અચરત જ્યોતી,
જલ મલ કાર કરાની. સંતો. ૪
તામેં મનવા થિર કરી રાખો,
પાવો પરમ નિશાની.
બ્રહ્માનંદ કહે મનવા,
સોહે પદ નિર્વાણી. સંતો. ૫

ભજન ૭૬ મું.

(રાગ ઠુંમરી)

સત ચિત આનંદ રૂપ હમારા,
શ્વેત પીત નહિં કારો રે. સત. ૧
કારણ સુક્ષ્મ સ્થુલ સો નાહીં,
પંચ કોશ સે ન્યારો રે.
જાતી વીજાતી સુગત ભેદ બિન,
એક અખંડ નિહારો રે. સત. ૨
ધ્યાતા ધ્યાન ધ્યેય નહીં જામેં,
નહિ અવસ્થા ચારો રે.
દેશ કાલકી ગમ નહિ જામે,
નહિ વસ્તુ નીર્ધારો રે. સત. ૩
કહત અકહત બનત નહીં જામે,
નીર્ગુણ એક અપારો રે.
નીજાનંદ ઘન રહત સ્વતંતર.
નહિ હલકો નહિ ભારો રે. સત. ૪
સનકાદિક સુખ ચાહત નીશદીન,
નીર્વિકલ્પ સુખ સારો રે.
બ્રહ્માનંદ સુખ હોય તબ પ્રાપ્ત,
સંત ચર્ણ રજ ધારો રે. સત. ૫

ભજન ૭૭ મું.

તું ચેતન જડ તન કયા ઢુંઢત,
કયા ભરમાયા બાજી મેં.
તું હે બ્રાહ્મણ ક્ષત્રી વેશ્ય મેં.
તું મુલ્લાં તું કાજી મેં. તું. ૧

તું હે ધનજ મનુજ દેવન મેં.
તું હે માત પીતાજી મેં.
તું જલચર થરચલ પશુ પક્ષી,
તુંહિ સકલ જગ તાજીમેં. તું. ૨

સબ જગ વ્યાપક સબસે ન્યારો,
ખોજ દેખ દિલ કાજીમેં.
સ્વ સ્વરૂપ તું ઈત ઉત ઢુંઢત,
કયા પાવે બુત સાજીમેં. તું. ૩

પંચ કોશસેં પાર ઝબુકે,
ઝીલો જ્ઞાન ગંગાજી મેં.
બસો સચ્ચિદાનંદ બ્રહ્મ મેં,
મત રહો માયા પાજી મેં. તું. ૪

ભજન ૭૮ મું.

(આગગાડી.)

[રાગ ભૈરવી.]

જ્યું ઊમીરીયા જાતીહે રગ રેલ. જ્યું. ૧
સીધી સડક બની સુર પુરકી,
તાપર બહુ રંગ છેલ.
બરસ બરસકે સ્ટેશન બને.
માસ માસકે મેલ. જ્યુ. ૨
ઇંડા પીંગલા ઈનજીન ખેચે,
નહી ઘોડા નહી બેલ.
નરદેહ ઉત્તમ ગાડી બની,
ચઢે છબીલા છેલ. જ્યું. ૩
આત્મ જયોતકી લાલ ટેણુ બની,
નહિ બત્તી નહિ તેલ.
સુરતા તાર ખબર દેનેકું,
દશ દિશા લગ પેલ. જ્યું. ૪
કોઈ ટીકીટ લે સુરપુરકી,
કોઈ જમપુરી ગયેલ.
બ્રહ્માનંદ નાથ કીલાધારી,
શ્વાસો શ્વાસ કરતહે સહેલ. જ્યું. ૫

ભજન ૭૯ મું.

[હોરી.]

(રાગ કાફી)

રે કૃષ્ણ કેસી હોરી મચાઈ,
અચરજ લખિયો ન જાઈ.
અસત્ય સત્ય કર દિખલાઈ. રે. ૧
એક સમય શ્રીકૃષ્ણ દેવકે.
હોરી ખેલન મન આઈ,
એકસે હોરી મચે નહીં કબહું.
યાંતે કરૂ બહુ તાઇ,
યેહી પ્રભુને ઠહરાઈ. રે. ૨
પાંચ ભુતકી ધાતુ મીલાકર.
અંડ પિચકારી બનાઈ,
ચૌદ ભુવન રંગ ભીતર ભરકર.
નાના રૂપ ધરાઈ,
પ્રગટ ભયે કૃષ્ણ કન્હાઇ. રે. ૩
પાંચ વિષયકી ગુલાલ બનાકર.
બિચ બ્રહ્માંડ ઉડાઈ.
જીસ જીસ આંખ ગુલાલ પડી સો.
શુદ્ધ બુદ્ધ સબ બિસરાઈ,

નહી સુજત અપનાઈ. રે. ૪
વેદ અત અંજનકી સીલાકા.
જીસને નૈનમેં પાઇ,
બ્રહ્માનંદ તીસકો તમ નાસ્યો.
ઝ પડી અપનાઈ,
હોરી કછુ બની ન બનાઇ. રે. ૫

ભજન ૮૦ મું.

હમ સોહી પરમ પદ પાયા હે હ. ૧
ધ્યાતા ધ્યાન ધ્યેય નહી જામે,
કાલ કર્મ નહિ કાયા હે. હ. ૨
જાત વિજાત સુગત ભેદ બિન,
એક અખંડ સ્હાયા હે. હ. ૩
લય વક્ષીપ જાંહા પરસત નાંહી,
નહી આવર્ણ જીસ માયા હે. હ. ૪
દેશ કાલકી ગમ નહિ જામે,
અનુભવ માત્ર સમાયા હે. હ. ૫
ચક્ર ચિન્હ જાહી રૂપ ન રેખા.
શુકલ કૃષ્ણ નહી ભાયા હે. હ. ૬

બ્રહ્માનંદ જયું કાત્યું અનુભવ,
નિર્વિ કલ્પ દર્શાયા હૈ. હુ. ૭

ભજન ૮૧ મું.

(હોડી.)

(રાગ કાફી)

કેશવલાલના ભજન.

શામળીયા શઠ તુટયોરે,
હોડી હવે હાલે નહિ.
આ ભવસાગર કેરારે,
ઝપાટા ઝાલે નહિ. શા. ૧.
ભવસાગરના ભર દરીયામાં,
હાલક લોલક થાય.
નીર મન મળે નાથ વધારે,
પવને પાછી જાય.
ડામણુ કયાંથી દઇએરે.
કુવા થંભ કયાં છે અહીં. શા. ૨.
ભાર ભર્યો છે નાથ વધારે,
પાણી પેસે માંહિ.
હાથ હલેસાં કામ ન લાગે,

અન્ય ઉપાય ન ક્યાંય.
હોકાની હુશીઆરીરે,
હરિ હરિ જાતી રહી. શા. ૩.
નાવિક મુર્ખ નમાલો માધવ,
અધિક કરાવે કાશ.
સહાયકારક સખા હતોરે,
તે પણ પામ્યો છે નાશ.
મારી કર્મ કાહાણીરે,
હરિ નહી જાય કહી. શા. ૪.
આ ધમઘોર ઘટા ચઢી આવી,
તેમાં છે તોફાન.
ઉપર આભ તળે છે પાણી,
ભૂલ્યો ભુધર ભાન.
દામોદર ડુબું છુંરે,
સંકટ સર્વ સહી. શા. ૫.
વીજળીઓના થાય કડાકા,
અતી અંધારી રાત.
સુકાન કામ કરે નહીં કાંઇ,
હરિ હવે ઝાલો હાથ.
વાર કર્યે શું વળશેરે,
અધવચ આમ અહીં. શા. ૬.

શરણાગત પાલક છો ત્યારે,
ચીંતા શાને હોય.
જગજીવન જાણું છું સઘળું,
ધીરજ ન રહે તોય.
કેશવ કયાં સંતાણારે,
અવશર જાય વહી. શા. ૭.

ભજન ૮૨ મું.

[તંબુરો.]

તુટયો મારો તંબુરાનો તાર.
ભજન અધુરૂંરે રહયુ ભગવાનનું. તુ. ૧.
એક તુટતાં બીજારે તાર અસાર છે,
જીવાળી નહીં હવે જીવ.
પારા પડયા પોચારે,
નખલીયું નામનું. તુ. ૨.
તરડ પડી છેરે બાતલ તુંબડે,
લાગે નહીં ફુટી જતાં વાર.
ખુંટીનું ખેંચાવુંરે,
કાંઈ ન કામનું, તુ. ૩.
રંગ ચઢેલો કાચોરે,

કહો તે કેમ રહે.
ઘોડી ઘણી પોચી પડી જાય.
એલ બગડતાં ખાસોરે,
ભાન ન તાનનું. તુ. ૪.
સ્વર મેળવીએ સેમાંરે,
તાલ બે તાલ છે.
ઢોલકમાં પણ કાંઈ ન ઢંગ.
બંધ થયું બારૂરે,
હરિરસ પાનનું. તુ. ૫.
ખરચી હવે ખુટીરે,
બુટ્ટી હવે બીજી નથી.
હરિ હવે આલો તમે હાથ.
કહુ છું કામ ન મારેરે,
ધ્યન જન ધામનું. તુ. ૬.
કેશવ હરિની કરણીરે,
કોઇ ન જાણી શકે.
વાણી મન પાછા વળી જાય.
બળ ચાલે નહીં એમાંરે,
મહા બળવાનનું. તુ. ૭.

ભજન ૮૩ મું.

[રાગ મહી દીપની ચાલ.]

હું અખંડ એક નીત્ય,
ચીદ્દઘન અવીનાશી.
કલ્પિત જડ સકળ દશ્ય,
જાળનો વિલાસી. હુ. ૧.
પુર્ણ કામ છું સમાન,
ધર્મ રૂપ ધાતા.
વિવિધ જગત જાળનો,
વિચારથી વિધાત. હું. ૨
સકળ દશ્ય અવધિયે,
સદૈવ છે વિનાશી.
આદી અંત મધ્ય માંહી,
હું રહ્યો વિકાશી. હું. ૩
નિર્વિકાર નિરાકાર,
છું સ્વયં પ્રકાશી.
વિશ્વમાં વસાવનાર,
મુક્તિ પુરી કાશી. હું. ૪
બ્રહ્મા ભવ ઇંદ્ર દેવ,
કોઈ નથી ન્યારા.

લોક લોક પાલ સૂક્ષ્મ,
દૃષ્ટિ વડે મારા. હું. ૫
દેશ કાળ વસ્તુ નોન,
ભેદ ભાઈ મારે.
જાગૃત કે સ્વપ્ન કે,
શુસુપ્તિ હોય ક્યારે. હું. ૬
દ્વૈત ભાસ ભ્રાન્તિ માત્ર,
છે વિવર્ત રૂપે.
શુદ્ધ બુધ્ધ મુક્ત સદા,
નિશ્ચય સ્વરૂપે. હું. ૭
ધ્યાન અને ધ્યેય અને,
ધ્યાતા નહી નોખો.
વાણી ચિતથી અતિત,
હું અતુર્થ ચોખ્ખો. હું. ૮
કેશવ હરિરામ કૃષ્ણ,
નામથી ગવાઉં.
સ્થિર સદૈવ પરમધામ,
થાઉં કે ન જાઉં હું. ૯

ભજન ૮૪ મું.

બાપુના ભજનો.

[તંબુરો.]

એક તારે એક તાર મેળવ્યો,
અલખ સંગાથે મારૂં મન રાચ્યુ. એક. ૧
પોલો વાંસ જેને મુરખ કહીએ,
ગાઈ ગાઈને દુખ્યું ડાચું.
તુંમડું મન અડ્યું જયારે પાસે,
ત્યારે ભજન પડશે સાચું. એક. ૨
ખુંટી માહિ નામ હરીનું,
તેના પ્રતાપે હું રાચું.
સુરતા ઘોડી સુર મેળવે,
કાયા ચામડું છે કાચું. એક. ૩
રેખ કર્મની નાખી ઠોકી,
સદ્દગુરૂ આગળ જઈ જાચું.
કીરતારે કીરતાર મેળવો,
એવી કથા નિત્ય નિત્ય વાંચું. એક. ૪
અખંડ જયોત ખોલી નવ જાણી.
ઘીમા પાણી શું સીંચું.

કહે બાપુ નકલંક નામ છે,
જાણી જોઇને આંખુ શું વીચું. એક. ૫

ભજન ૮૫ મું.

[હુકકો.]

હુકકો પીધો ગુરૂ દયા થકી જ્ઞાનનો જો,
દમ ખેંચ્યો ધણી તારા નામનો જો. હુ. ૧
તન હુકકો ઘટઘટ સ્વામી બોલતો જો,
પ્રેમ જળમાં હુક્કાને ઝકોળતો જો. હુ. ૨
પ્રથમ ચલમ ચતુરાઈ ખાસી કરી જો,
કુડ કપટ તમાકુ તેના માંહિ ભરી જો. હુ. ૩
મેળ મેર ગુરૂની પ્રીતે કર્યો જો,
ચિત ચીપીએ તો બ્રહ્મ અગ્નિ ધર્યો જો. હુ ૪
નેહ નિરભે નારાયણ કેરા નામની જો,
શોભે દામણી તે અચળ અખે ધામની જો. હુ. ૫
ગુરૂ ધીરાને હુકકો ભરી આપીયો જો,
દાસ બાપુ પોતાનો કરી થાપીયો જો. હુ. ૬

ભજન ૮૬ મું.

(રાગ કાફી)

રૂંધો પ્રાણ દાખુરે,
પગથીએ પહેલે ચઢો.
કામ થાય ભાખુંરે,
ષડ રિપુ સાથે લઢો. રૂં. ૧
બોલવું તો ભાઈ લાગે સહેલું,
કરવું કઠણ છે કામ.
અનુભવેલું અમો બતાવું,
રીઝશે આત્મારામ.
કામ થશે તમારૂંરે,
જદુનાથ જ્યારે જડયો. રૂં. ૨
નજરથી લઇને બાર આંગલ લગી,
નીચેનું જો આકાશ.
જે નિર્મળ અતિશે સારૂં,
રોકો ચક્ષુની દૃષ્ટિ ખાસ.
મન માંહી રોકોરે,
જોઇએ ન કાંઇ જડો. રૂં. ૩
એમ આંખ અને મન રોકી જોજો,
ઘડીભર તપે નીરધાર.

ચલન વલન એ ભુલસો ત્યારે,
પ્રાણુ તમારો અવિધાર,
સત્યનો સાખીરે,
સામો આવી ચઢયો. રૂ. ૪
એ રીતેથી પ્રાણુ રૂંધાયે,
દેખાડયું દ્રષ્ટાંત.
કરી જાશો ત્યારે સમજાશો.
ખરો જેહ સિદ્ધાંત.
બાપુ નામ સાચુંરે,
બીજો સહુ જૂઠો સડો. રૂ. ૫

ભજન ૮૭ મું.

[રાગ કાફી.]

પાણીનો ખેલ બનાવ્યોરે,
એની તો કહીએ અકલ ઘણી. પા. ૧
સહુમાં રમનારોરે,
સોભા તો એના નામ તણી. પા. ૨
ખારૂં એ પાણી ને ખાટું એ પાણી,
પાણી અફીણ ને ખાંડ.
એ પાણીથી થયાં નરનારી,

એ પાણીથી બ્રહ્માંડ.
પાણીનું બન્યું મોતીરે,
પાણીની બની હીરા કણી. પા. ૩
પાણીની અમુલ્ય કાયા બનાવી,
હાડ ચામ લોહી માંસ.
પાણીનાં પશુ પંખી બનાવ્યા,
પહાડ પથ્થર ને ઘાસ.
પાણીના હાથી ઘોડારે,
પાણીની શાલ પામરી બની. પા. ૪
પાણીના પંચ રંગ બનાવ્યા,
અઢાર ભાતના અન્ન.
હુંથી ન્યારો મારો સાંઈ બીરાજે,
તેને દેખીને થયો છું દંગ.
સંગ કીધો તેનોરે,
સતા તો આત્માની ઘણી. પા. ૫
અક્ષરાતિત અક્ષર બ્રહ્મ નિપાવ્યાં,
તે અક્ષરચી નર ને નાર.
ઓંકારથી ત્રણ ગુણ નિપાવ્યા,
એ અઠ્ઠાવીશ નિર્ધાર,
ઓગણત્રીશમાં મહા વીશણુરે,
ત્રીશમા બાપુ ગાય ભણી પા. ૬

ભજન ૮૮ મું.

સુરદાસના ભજન.

પ્રભુસે દિલ કયું ના લગાઓ,
મનુષ્ય જન્મ બાર બાર નહી પાવો. પ્ર. ૧.
સદગુરૂકે શરણાગત જાકે,
સુમતી ગલાલ ઉડાવો.
સતનકી ગત મતકો જાનો,
રૂતુકો ફાગ મચાવો.
પિયાકો ઘુંઘટમે રીઝાવો. પ્ર. ૨.
પ્રેમ રંગકી ભર પીચકારી,
સુરતાકી ચોટ ચલાઓ.
સુરતાકી ચોટ ચલાઓ.
સમભાવ કર લે પ્રીત સો.
હૃદયમે ધ્યાન લગાઓ,
તભી સુખ જીવકો પાઓ. પ્ર. ૩.
કામ ક્રોધ મદ લોભ નિંદસો,
મમતાકો માર હઠાવો.
બહોત જન્મકો મોહના માને,
અનહદ ધ્યાન લગાવોં.
તા કછુ કઠીન કહાવો. પ્ર. ૪.

જો સુખ હોય સો એહી લોકમેં,
સબહી લોક નહીં પાવો.
સુરદાસ પ્રભુ ફગવા મંગત,
ભક્તિ અભય પદ પાવો.
હાલ તો ગરીબી બતાવો. પ્ર. ૫.

ભજન ૮૯ મું.

બુટીયાજીના ભજન.

[રાગ મેવાડો.]

જેણે ગગન દોહીને દુધ પીધા,
રેહો સોહી મતવાલા બોલ્યા દિવાના. ટેક.
ધ્યાન ધારણા નામ નિરંતર,
વ્યાપક આત્મ ચીના. રેહો. ૧.
સુરત નુરતકી ધમણ ધમાવી,
કામ કોયલાને વામ્યા. રેહો. ૨.
હર્ષ શોક અગ્નીમાં હોમ્યા.
તેણે અમર અજર રસ જામ્યા. રેહો. ૩.
પીવત પ્યાલા વિસર ગયો કાયા,
પરમ તત્વ તબ લીના. રેહો. ૪

પુરણ બ્રહ્મ અખંડ અવિનાશી,
સોહં બ્રહ્મ જેણે ચીના. રેહે. ૫
સુકા પાંત જ્યું પવન ચલાવે,
જ્યું કાત્યું હોઇ રહીએ. રેહે. ૬
માયા રહિત મગન ભયા મનવા,
સો જન સમજ્યા કહીએ. રેહે. ૭
અનલ પંક્ષી આકાશે વર્ણીયું,
તે ધરતી પાવ ન મેલે. રેહે. ૮
કહે ભુટીયાજી કોઈ અદભુત જ્ઞાની,
આસ નિરાશ થઇ ખેલે. રેહે. ૯

ભજન ૯૦ સું.

(રાગ સોમેરી)

જે નર સમજ્યારે.
સમજીને ત્યાં સમયારે,
જ્યાં વ્યાપ્યું નામ ને રૂપ. ટેક.
વાસના લિંગેરે.
જેનું જ્ઞાન ગળ્યું રે,
પ્રગટ્યું તેનું નિજ સ્વરૂપ. જેને. ૧

જેમ મરકટનેરે આલિંગનલેવારે.
આવે નવ જોબન નાર,
કાંઇ ના પુરેરે તેને કામનારે,
એવું ગુહ્ય જ્ઞાન વિચાર. જેને. ૨
દગધતા પરહરે રે, જેમ પટકુળ મહીરે,
તે વળી રીઝે વશ નવ થાય.
ઘરના ધણીરે ઘર મેલી ગયાંરે,
આજ વીરલા કો એમ કહેવાય. જેને. ૩
ચંદન ને પુજારે ચઢી જાણે નહીરે.
નાશું જાણી નાખે એસ.
સુસુપ્તિ સરખારે તે નર સદા રહેરે.
તેને નવ જાણવો દેહ. જેને. ૪
સંભવ નહી જેનેરે આ શરીરનોરે,
તેનું યત્ન કથી પેરે થાય.
એમ ટળી રહયા જે કોઈ ગુરૂ બુટીઆરે.
તેથી નામ રૂપ જાય. જેને. ૫

ભજન ૯૧ મું.

[રાગ ઉપરનો.]

જાણુંવો તે આત્મારે,
જગતના જાણવું
એ છે ઉત્તમ વિવેક,
અનુભવ ગ્રહેરે,
અવલોકન કરે તો.
નહી રૂપ અનેક. જાણુવો. ૧
પાંચ કોશ ત્યાંરે,
પિંડતા નહીંરે.
ત્યાં નહી વાણીને વિચાર,
ત્રણ પદ મેલીરે ચોથે પદે ગયા,
ત્યાં નહીં ઉપાધિ લગાર. જાણુવો. ૨
પ્રપંચ સઘળારે,
દેહુથી ઉતર્યારે.
નહીં વિદ્યા નહીં વાણ.
ભકિત જ્ઞાનરે.
અહંપદ વામીએરે,
નહી તો ભેદ સઘળો જાણ. જાણુવો. ૩
ભજન કરેરે જે ભગવાનનુંરે,
ધરે હરિનું નિજ ધ્યાન.

સંત સમાગમેરે,
હરિ પદ પામીએરે,
ભાઇ છે તે માયાનું ભાન   જાણવો. ૪
એમ કરતાંરે જ્ઞાન ઉપજેરે,
જ્ઞાન કરાવે મૌન.
કરવું ને શુણવુંરે તે રહી ગયુંરે,
છુટીયા સંસાર કીધો શુન્ય.   જાણવો. ૫

ભજન ૯૨ મું.

(રાગ ઉપરના)

જેણે જાણ્યો એકજ આત્મા.
જાણુ ન હારો ન રહે ભાઇ.
જે પ્રીછે તે કોને પ્રીછવેરે,
તે કોને નવ કહે ભાઇ.   જેણે ૧.
ધુમ્ર બાળે નહી છાપરૂંરે,
એવું વિષય કેરૂં જ્ઞાન.
વૈરાગ વિના વાતો કરેરે,
મન ધરે એમ અભિમાન.   જેણે ૨.
ઓસ ભીંજવે ઘાસનેરે,
નદીએ ન ચાલે તે પુર.

શ્રાતા ને વક્તા એવા જાણુવારે.
નહીં સાધ ને નહીં શુર. જેણે ૩
ઇંદ્રિ અર્થે ના મુકે મોકળીરે,
સંકોચે થાય સમાય.
પ્રપંચથી જે પાછો ફરે રે,
પુર્વ હતો તેવો થાય. જેણે ૪
સમુદ્રમાં પેસી સીંધ નિસરે રે,
અગ્નીમાં પેસી ન આવે પતંગ.
એમ મળ્યા જે કોઇ છુટીયારે.
ટળ્યાં તેના રૂપને રંગ જેણે. ૫

ભજન ૯૩ મું.

(રાગ ચાળ)

નીરાંતના ભજન

મમ તું આગળું તે ક્યાં અથડાય,
બીજો નથી બોલતો. ટેક
તું તો જાગીને જો તારા રૂપને.
ખોળી જોતાંમાં તું ખોવાય. બીજો. ૧
તારે ઓથે હરિને નથી દેખતો,
કુંદન ઓથે કનક ઢંકાય. બીજો. ૨

નારે ઠેકાણે હરિને ઠેરાવને,
એવુ સમજે તો મહા સુખ થાય. બીજો. ૩
મન તે દરીયાની લહેર સમાન છે,
લહેર સમતાંમાં સમુદ્ર દેખાય. બીજો. ૪
કહે નિરાંત અનુભવી એવાને,
હું તો લળી લળી લાગુ પાય. બીજો. ૫

ભજન ૯૪ મું.

[રાગ ધોળ.]

પ્રીતમદાસના ભજન.

પ્રથમે ગુરૂને ગોવીંદ કરી જાણો,
ભિન્ય ભાવ કશો મનમાં ન આણો.
પાખંડ પુજીને શું પરમાણો,
તો બોલે તે બીજો નહીરે. ૧.
બોલતા પુરૂષની બુજવી વાણી,
શમસ્યામાં સંત બતલાવે એંધાણી.
પલક એકમાં ભેટાડે પુરૂષ પુરાણી,
તો તન મન ધન તેને અર્પીએરે. ૨.
જીવ તણું ગુરૂ જોખમ ટાળે,
ખટ ચક્ર વીંધી ચઢાવે માળે.
ત્રિવિધિ તાપ ગુરૂ તરતજ ટાળે.
તો ભેટાડે સાતમી ભૂમિકારે. ૩.

રવિ શશિ વિના મારે વાહયું છે વાહાણું,
નિર્ભય નાણાનું ઉઘાડું છે ખાનું.
ધનવંતા ધણીનું સ્વરૂપ વખાણું,
તો જ્યાં જોઉં ત્યા વહાલા વરે રે. ૪.
ઠામ નથી દિસતો એક ઠાલો.
સ્થાવર જંગમ સુક્ષ્મ વહાલો.
પાંચ પચીશ પ્રકૃતિને ટાળો,
તો વહાલા નથી કાંઇ વેગળા રે. ૫.
ઘર જડયું ઘર મેડી જડી,
સંતોને શબ્દે ગુરૂગમ પડી.
લાલચ મેલી વહાલા સાથે લડી,
તો ત્રિવેણીના તીરમાંરે. ૬.
ગગન ગુફાના ગોખમાં બેઠા,
ઓહં સોહં શબ્દ લાગે મીઠા.
દશમે દ્વારે દામોદર દીઠા,
તો જાત જડી જીવ શીવનીરે. ૭
અનભય ઊગ્યો મારે ટળ્યું રે અંધારૂં,
અગમ અગોચર ઘર લાધ્યું છે મારૂં.
દાસ પ્રીતમ કહે સાંભળો સંભારૂં,
તો અણુ છતો લાધ્યો આતમારે. ૮.

ભજન ૯૫ મું.

| રાગ હરિ ભજન વિના. |

કાયામાં કોણ બોલે છે,
તેને તું શોધી કાઢને.
શુદ્ધ ભાવ ધરી સમજીને,
તું જ્ઞાન રૂદેમાં ધારને. કાયા. ૧
એને અવર કશો આધાર છે,
એને ભક્ષ ભોજન શો આહાર છે.
એ પશુ નપુસક નાર છે. કાયા. ૨
લઘુ દીર્ઘ છે કે વામણો,
વૃધ્ધ જુવાન બાળ બીહામણો,
એ લાયક છે કે લજામણો. કાયા. ૩
એને સુખ દુઃખ પીડા થાય છે,
ફરી શબ્દને ક્યાં સમાયે છે.
એ પિંડ પડયે ક્યાં જાયે છે. કાયા. ૪
આઠે પહોર રહે છે ધ્યાનમાં.
મન રાખો અનુભવ જ્ઞાનમાં,
કહે પ્રીતમ સમજો સાનમાં. કાયા. ૫

ભજન ૯૬ મું.

(રાગ હરિ ભજન વીના.)

પ્રેમનાથના ભજન.

કોઇ ખબર કરો તન ખેતરને,
ખેડો વસણી જાય છે.
ગુરૂ ગમ જોયા વિના,
ખેતર ખડને જોરે ઝાંખુ થાય છે. કોઇ. ૧
તારા હૃદયામાં હળ ફેરવજે,
ઘણો ભાવ કરીને ખાતર ભરજે.
માંહિ પાકે હીરલા વાવરજે. કોઇ. ૨
માંહિ પાંચ તો સમડીના ઠુઠા.
પચીસ બોર તણા ઘુઘા,
કાંઇ ખેર તણા મુળો ઉંડા. કોઇ. ૩
તારી જ્ઞાન કોદાળી આગળ કરજે.
કાપી કામ ક્રોધને પાથરજે,
પછી નીર્ભય થઇને ફરજે. કોઇ. ૪
એવા નિર્ભે થઇને જે વળશે.
તે સત્ય સાગરમાં જઈ ભળશે.
તેને પ્રેમનાથ ચર્ણે ઢળશે. કોઇ. ૫

ભજન ૯૭ મું.

રાઠોના ભજન

કોઈ સંત વીરલે જાણીયું.
કોઇ હરિજન વિરલે જાણીયુ.
ભાય એ વાતો છે જીણીયું. કોઈ ૧.
મોટા કુવાડા કાંઈ ને કાપે,
લોઢું કાપે છીણીયું. ભાય ૨.
વેળુ માથે ખાંડ વેરાણી,
વીણી લાવે કીડીયું. ભાય ૩.
સુના ગામમાં હાથી ઝુલે,
લાભ તો લે પેલું વાણીયું. ભાય ૪.
મોટપમાં લેવાયા જાયે,
તોયે કાકરીયું એણીયું. ભાય ૫.
જીણા થઇને સંત ચાલે,
ધન કમાયું તેણીયું. ભાય ૬.
ગુરૂ પ્રતાપે ભણે રાઠો,
અમરાપુર રહેણીયું. ભાય ૭.

ભજન ૯૮ મું.

નબીના ભજન.

તેરી સુરત ગગનમેં ઘેરી,
તુંઝે જોયા મેં હેરી હેરી. તેરી.
પ્રથમ મુળ કનેથી ચાલે,
બંકનાલ ગઢ ઘેરી.
ઓત ગર્જનામેં ગુરૂરૂરૂ ગર્જે,
ખુલી સુંદર તન શેરી. તું. ૧.
ઇડા પીંગલા સુક્ષમણા,
નાડી શુકલ બહોતેરી.
મહા સુન્યમે બાજા બજત હે,
પાઇ નીરંજન દેરી. તું. ૨.
વો દેરીમેં આતમા ખેલત,
જલકે નુર ચોફેરી.
નીરાકારકી નીરખી મુતીં,
ખબર માંહી સમેરી. તું. ૩.
અલખ અંગમે જઈ સમાઇ,
મીટ ગઇ નૈના દેરી.
દાસ નબીકું ડરપ નહીં ભાયા,
નીરખત સાંજ સવેરી. તું. ૪.

ભજન ૯૯ મું.

નથ્થુરામના ભજન.

બદન શહેર તેરા અજબ બન્યા હે,
ફોરા છુટે નુરંકા.
સારા શહેરમાં અલખ જગાલે,
દરશન કરલે દુલેકા.
અજબ પરીહે ખડી કીનારે,
હીરા જલકે હારૂંકા.
પાવ પદ્મ અરૂ મોતી માલા,
બગલા બન્યા લેહુ લાલુકા.
દક્ષિણ દેશકા જોગી બંકા,
શીકાર ખેલે સેલુંકા.
જબ દુલેહકી ચડી અસવારી,
દે ડંકે ઉપર ડંકા.
નીત્ય ગુણ ગાવે નથુરામ હે,
ઓર શોખ નહી મીલનેકા.
હાથ જોડકે કરૂં વીનંતી.
મેં ચાકર તવ ચર્ણુંકા.

ભજન ૧૦૦ મું.

ખુશાલદાસના ભજન.

હે નેરા તુજ માંહી તાર ભજ.
હૃદે પડદે પ્રગટ બોલે.
પડદા ઝટ ખોલેજી હેજી. હે. ૧.
નાભી કમલ બિચ ઘેરી ઘેરી નદીઆ,
ઉલટા નીર ગગન ગર્જે.
ચમકે વિજળી ચરરર કરકે.
દેખી મન મત ડરજેજી. હે. ૨.
ગગન મંડલમેં રાસ રચ્યો હે,
મૃદંગ તાલ ઝાલર વાજે,
હાથ પાઉં નહી રૂપ રંગ રેખા,
વિના તુર નટવા નાચેજી. હે. ૩.
હોમ અખંડિત છે ઘટ માંહી,
વસ્તી વસે ને વન ડોલે.
અનહદ વાંજા ઘોર નગારાં,
સ્વામી રાજા પલ પલ બોલેજી. હે. ૪
નેન નાસીકા શબ્દ સરોદા,
અંતર ખડકી ખોલે.
દિલકા દેવ ગગનમેં પરખ્યા,
માંહેલાની મમતા ઝોલેજી. હે. ૫

ભાગ્ય બિના ભગવત નહી મીલતા,
અઢાર પર્વત ડોલે.
ખુશાલ જાત ધણી જપે અલકકું,
નામ પકડ નિર્ભે હોલેજીન. હે. ૬

ભજન ૧૦૧ મું.

કેવળના ભજન.

ચેતન દડી રમતે હાથ ચડી,
કોઇ નુરીજન હાથે ચઢી.
કોઇ નુરીજન રમતે કાઢે હડી. ચે. ૧
તીન ગુણકી દડી ગુંથાઇ,
પાંચ તત્વ રંગ મઢી.
નાડી ભેદ દશ બાંધી રૂંધી,
અગસ ચૌટે અડી. ચે. ૨
જય જયકાર સુરત હાથ ગેડી,
ભીરૂ જીવ સી ભડી.
જન્મ મર્ણકી દુગ્ધા મીટી,
જીત્યાકી ગત જડી. ચે. ૩
અતિત હોય અગમ ઘર આવે,
વિવેક વિચાર શુદ્ધ વરી.

તન મન અંખીયાં હાવ ઉતારે,
ગગન બહોત જશ ગડી, ચે. ૪
રમત રમી નર હુવા સ્વરૂપી,
મહા શુન્ય પર મઢી.
સત્ય કેવળ બ્રહ્મ માંહિ સમાવે,
ખેલ રમત નહી ખટી. ચે. ૫

ભજન ૧૦૨ મું.

પદમગુરૂના ભજન.

રચના ન્યારી ન્યારી,
અલક તારી રચના.
ન્યારી ન્યારી રે હોજી. ટે.
મન ચિત વાણી સુરતા લગાઇ લો.
ગુરૂજી સું કરી લ્યો યારી હેજી.
ભુલ્યા પંથકું માર્ગ બતાઇ દો,
અધ વિચ રહયા અહંકારી. અ. ૧
યેહી કાયા મેં પાંચ ચોર વસત હે,
પાંચોકીં સુરતા ન્યારી હેજી.
પાંચોકું પકડી એક ઘર લાવો,
હીરા બનાહે હજારી. અ. ૨

નાહી ધોઇ નર કરે ચતુરાઈ,
પુજા કરે આચારી હેજી.
ભક્તિ મુક્તિ કો ભેદ ન જાને,
પત્થર પુજે સંસારી. અ. ૩
વૃંદાવનકી કુંજ ગલમે,
વહાલો ખેલે હુજારી હેજી.
ભણે પદમ ગુરૂ કરે વીનતી,
અરજ સુનો ને હમારી. અ. ૪

ભજન ૧૦૩ મું.

ગવરીના ભજન.

[રાગ કલ્યાણ.]

બ્રહ્મનો ભેદ જાણે જન અનુભવી,
ભેદ જાણ્યા વિના ભ્રમણા ન જાવે.
ભ્રમણા ગયા વિના કર્મ કહો કેમ ગળે.
કર્મ ગયા વિના મર્મ ન પાવે. બ્રહ્મ. ૧
મર્મ લહ્યા વિના સશંય ન ટળે,
સશંય ટળ્યાં વિના સર્વ કાચું.
કથની કથે અર્થ બહુ અનુભવે,
રહેણી વિના પદ કેમ પામે સાચું. બ્રહ્મ. ૨

સાચા સિદ્ધાંતનું રહસ્ય સમજે નહિ,
ન સમજ્યે અર્થ કશું ન સરે,
અનાત્મા સુઆત્મા બુધ્ધી જોયે,
તેણે કરી વાસનાનું લિંગ ન ગળે. બ્રહ્મ. ૩
અણુલિંગને અનુભવી જાણજો,
તેજ તત્વ દર્શી રહે જોઇ.
ગવરી આત્મા પરમાત્મા એક ભયે,
દ્વૈત ભાવના છોસે કોઇ. બ્રહ્મ. ૪

ભજન ૧૦૪ સુ.

કબીર સાહેબના ભજન.

રાજા પ્રજા જુગત જોગી,
ખલક ખડીઆ જાય.
નીરગુણ ધાયવાળા ધાયજી. ટેક.
પહેલા સતગુરૂ સમરીયે,
ગુણ પતી લાગું પાયજી.
સુળ ઊપર પદ્મ આસન,
ઉલટ પવન ચડાયજી. નીરગુણ. ૧
ડાબી ઈંગલા જમણી પીંગલા,
બીચ સુખમન લાયજી.

રસનાંશે પ્રેમ પીવણા,
બંક નાળ જગાયજી. નીરગુણ. ૨
નાભી કમળ બીચ અસ્ટ પાંખડી,
ચેતન હોય જગાયજી.
ઊંધા હે વાકું સીધા કરલે,
જગ મગ જયોતી જલાયજી. નીરગુણ. ૩
ગગન મંડલ વાજાં વાગે,
સીંગી નાદ ઘુરાયજી.
અખે મંડલ અમર પુરૂષ,
પુરા જોગી જાયજી. નીરગુણ. ૪
નેને સાસા પીયુ શોધા,
પીયુ મીલી આયાજી.
હીરા હુંદી જયોતિ જલકે,
એરણ ચડીયા જાયજી. નીરગુણ. ૫
અધર દુલેચે સતગુરૂ બેઠા,
હીર સેં લે લાયજી.
દાસ કબીરા હુવા નીરલે,
જંગી ઢોલ બજાઇ. નીરગુણ. ૬

ભજન ૧૦૫ મું.

કોઇ આવો આવો દેશ હમારે,
જયાં સદાય જીવે સંત.
શ્વાતું વરસે જીણા મોતીએ.
ત્યાં તમે રહેજો નીશ્ચીંત. કોઈ. ૧
મૃદંગ બાજે બિન મઢયાં,
મુખ બિન ગાવે ગીત.
આશા તરશા ના મર ગઇ,
ઐસા સંત સજીત. કોઈ. ૨
ત્રિવેણીના તીરમાં,
હંસા ચુગતા હીર,
સોઈ હંસાકું હેરી લીયા,
સાચા સંત સુધીર. કોઇ. ૩
પવન પુરૂષકી પુતરી,
ખેલે ગગન મોઝાર.
બીન વાટે દીપક જલે,
રૂપ બીન નાચે નાર. કોઈ. ૪
સંત મેળાવો ત્યાં કરે,
જ્યાં હોય સાંકડા સેર.
પગ ન ટકે પપીયલ તણા,
ત્યાં સંતોએ કીધા શહેર. કોઈ. ૫

આકાશથી ઉંચેરડા,
જેનાં નિશ્ચળ નામ.
જ્ઞાન હીમાલઇ જઈ ગળ્યાં
પહોંચ્યાં પુરણ ધામ કોઈ. ૬
આ કાયા કોટ લોહ તણો,
દ્દઢ મન રાખો ધીર.
ગુરૂ રામાનંદકા બાલકા,
બોલ્યા દાસ કબીર. કોઇ. ૭

ભજન ૧૦૬ મું.

ગગન મંડલ ઘર કીજે જોગેશ્વર,
બંક નાલ રસ પીવણાજી. ટેક.
ગુડ કરલે જ્ઞાન ધ્યાન કરલે મહુવા,
તન ભાઠી મન જારા હે.
સુખ મન નારી જગાવન હારી,
પીવો પીયો પીવન હારા હેજી. ગગન. ૧
દોઈ સ્વર જોડ રચાઈ લે ભાઠી,
અમીરસ હોગીઆ ભારી હે જી.
આવન જાવનકા મટ ગયા ફેરા,
ચોટ નહિ જમ ડારી હેજી. ગગન. ૨

મેં મારા માયલા ને સુરંગ ચલાયો,
પરચ્યો ગઢ કેરો રાજા હેજી.
જબ મેરો મનવો શીખર ગઢ ચડીયો,
મગન ભયા રંગ લાગા હેજી. ગગન. ૩
આરે શહેરમાં રૈયત હમારી,
અજર અમર ઘર મેરા હેજી.
કહુત કબીરા અંતર ધુન લાગી,
બાહીર નહિ દઉં ફેરા હેજી. ગગન. ૪

ભજન ૧૦૭ મું.

સંતો ભાઇ વા ઘરકી કોઈ સાન સમજાવો
કહો બ્રહ્મ કહાંસે આયાજી.
કાયા છોડ ચલ્યા જબ હંસા,
કહો જીવ કાં સમાયાજી. ટેક. ૧
બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર નોતા,
મુળે નોતી માયાજી.
અલખ પુરૂષકુ જીવ્હા નોતી,
અવાજ કાંહાસે આયાજી. સંતો. ૨
કોઇ પુજત હે શીવને શકિત,
કોઇક પીર જગાયાજી.
વિરલા ખોજત હે ગગન મંડલમેં,

આફૂલ ગોથાં ખાયાજી. . સંતો. ૩
સુર ઘર સુર શશી ઘેર શશીયર,
ત્યાં જઈ મઠ ઠેરાયાજી.
સુરતી સુહાગણ ચરણ પર લોટે,
તબ મેં પ્રીતમ પાયાજી. સંતો. ૪
મેં મેરી મમતાકું માર હઠાઈ,
વેરે વેર ચલાયાજી.
કહત કબીર અંતર ધુન લાગી,
તેજ મેં તેજ સમાયાજી. સંતો. ૫

ભજન ૧૦૮ સું.

ઐસા હે વૈરાગી સો રહત,
મદન વીખ ત્યાગી. સંતો ઐસા. ટેક.
સો વૈરાગી બ્રહ્મ સું જગડા,
સુન મંડલ ધર્મશાળા.
સોહં તંત પવનકર ધાગા,
જપે અજપા માળા. સંતો. ૧
ગંગા યમુના મધ્ય સરસ્વતિ,
અરધ સુધારસ ધારા,
કર સ્નાન મગન હોઈ બેઠે,

બાજત અનહૃદ તારા. સંતો. ૨
ત્રિકુટી મધ્યે તીલક સંજોવે,
બંક નાલ ગૃહુ મુંલા.
પશ્ચિત દીશકી ખડકી ખોલે,
અસ્ટ કમલ દલ પુલા. સંતો. ૩
પંચન કે પરપંચ મીટાવે,
છઠા ધ્યાન લગાવે.
કહે કબીરા જોગુ જુગત સું,
બહુ રીન ભવ જલ ન આવે. સંતો. ૪

ભજન ૧૦૯ મું.

સો જોગી મતવારા,
જાકે અંતર ભયા ઉજ્યારા. સંતો સો જોગી. ટેક
અજપા જાપ જપે નીશ્વાસુર,
દુબધ્યા ચીત ન ધારા.
સબકે માંહી સબન સું ન્યારા,
ઐસા બ્રહ્મ વિચારા. સંતો સો. ૧
આશા પરખે તૃષ્ણા પરખે,
પરખ પરખ લે પારા.
ગુરૂકી આજ્ઞા અગમકે પરચે,
બ્રહ્મ અગન મન જારા. સંતો સો. ૨

મીલહી સુરત નાદ ઘર માંહી,
તન સું હોય નીરાશા,
પ્યાલા પ્રેમ ઉલટ કર પીવે,
સહુજે હોય પ્રકાશા. સંતો સો. ૩
સુરત નુરત એક પાંચુ પવના,
એકહી સંગ ચલાવે.
રહે સમાય પ્રેમ સાગરમેં.
મીલકર મંગલ ગાવે. સંતો સો. ૪
કલેશ કલ્પના નીકટ ન આવે,
નીશદીન નામ ઉચારે.
કહે કબીર અપને કયા સાંસા.
સોજન ઔર હી તારે. સંતો સો. ૫

ભજન ૧૧૦ સું.

તુમ સુનતા હો ગુરૂ જ્ઞાની,
ગગનમેં અવાજ હોતી જીણી. ટેક.
પહીલી ઉત્પતી નાદ બીંદુકી,
પીછે જમાયા પાની.
પુરણ બ્રહ્મ તો પુર રહ્યા છે.
અલખ પુરૂષ નીરબાની. ગગન. ૧

સતગુરૂ પાયા પટા લીખાયા,
તૃશ્ણા ગઇ બુઝાની.
વીખ રસ છાંડ અમીરસ પીયા,
ઉલટી રાહ પીછાની. ગગન. ૨
ઓહં સોહં બાજાં પાજે,
ત્રિકુટી ધ્યાન સમાની.
ઈંગલા પીંગલા સુખ મન નારી,
શ્વેત ધ્વજા ફહરાની. ગગન. ૩
કહે કબીર સુનો ભાઇ સાધુ,
યાહી અગમકી બાની.
દીલભર હમહી નજરે દેખ્યા,
અજર અમર નીશાની. ગગન. ૪

ભજન ૧૧૧ મુ.

હંસા હંસ મીલે સુખ હોઇ,
કીયારે કીયા તે બદનમે બેસી.
તેરી જાત ન જાને કોઇરે. હંસા. ટેક.
જો તુમ હંસા વચન વિચારો,
વચને કારજ હોઈ.
જઈને પોંચાવે અમર લોકમે,
આવા ગમન સબ ખોઈ. હંસા. ૧

જો તુમ હંસા નીરકા પ્યાસા,
કુંપે નિર ન હોઇ.
ઔર નિરહે સબ મમતાકો,
હંસા ચલ્યા બીછોઇ. હંસા. ૨
તીન લોકમેં જમરા રાજા,
અંતે બાંધે સોઇ.
શબ્દ ગુરૂકા સમજીને ચાલો,
જમરા બેઠા રોઇ. હંસા. ૩
ખટ દરસન ને છત્રિશ પાખંડ,
ભેખ બન્યો સબ કોઈ.
બેદ કીતાબમેં સબ સંસારા,
હંસ નીરાલા હોઇ. હંસા. ૪
કહે કબીર તુમ પ્રતીત રખલે,
હંસ ન જાઇ બીછાઈ,
લઇને પોચાવે જગમગ દીપકમે,
હંસા હંસ સમોઇ. હંસા. ૫

ભજન ૧૧૨ મું.

માઇલા હંસા ચેતન રેનાં ભાઈ,
તેરા આવા ગમન મીટ જાય. માઇલા. ટેક.

સુરતિ ઠેરાઇ જ્ઞાન ધુન હેરે,
નીશ દીન શીતળ છાંઈ,
ઇછાંયામેં મેરા અલખ બીરાજે,
અખંડ જયોતિ હે ત્યાંઇ. માઇલા. ૧
જ્ઞાન ધ્યાનકી અણી બનાઈ લે,
ચેતો અસલ સિપાઈ.
આડી આડી ઢાલ ધરી સમરણકી,
જમરાકી ચોંટ ઘુકાઈ. માઇલા. ૨
મકના હસ્તી આન જુકાઇ,
સુરા લહત લડાઇ.
ટુક ટુક હોઇ પડે ધરણીપર.
ખેત છાંડી નવ જાઈ. માઈલા. ૩
કચ્ચા કોટ પકા દરવાજા,
ચહુદીશ ફરતી ખાઇ.
પાંચ પકડ અપને વસકીના,
ફીર ગઈ રામ દુવાઇ. માઇલા. ૪
તન મનકી તરવાર બનાઇ,
સુરતી બાંન ચલાઇ.
સતના ચાબક હાથ ધરીજે,
દુશ્મન માર હઠાઇ. માઈલા. ૫
અંધા ધુંધ નગારાં વાગે,

નોબત ધુરે સવાઈ.
કહેત કબીરા જપો અજપા,
કાલ કબુ ન ખાઈ. માઇલા. ૬

ભજન ૧૧૩ મું.

અખંડ સાહેબ નામ,
ઓર સબ ખંડ હે.
ખંડીત મેર સુમેર,
ખંડીત બ્રહ્માંડ હે. ટેક.
ધરતા કયું નહિ ધ્યાન,
ઓર સબ ધંધ હે.
લક્ષ ચોરાશીકા જીવ,
માયા કેરા ફંદ હે. અખંડ. ૧
જાકું પ્રભુજી સું પ્રીત,
સોઈ નીરબંધ હે.
સોઈ સંતનકે સંગ,
સદાઈ આનંદ હે. અખંડ. ૨
ચંચળ મન સ્થિર રાખ્ય,
સોઈ ભલો રંગ હે.
ઊલટ સુલટ ભર પીવ,

અમૃત ગંગ હે. આખંડ. ૩
દયા ધરમ ઘટ રાખ્ય,
ભકિત કો અંગ હે.
કહે કબીર સતસત,
જગત પતંગ હે. આખંડ. ૪

ભજન ૧૧૪ સું.

સાધુ સો જોગી જુગ સારા,
શબ્દકા કરે બિચારા. સાધુ. ટેક.
ચેતન જોગી જ્ઞાન ગોદડી,
ક્ષમા વિભુતી લગાઈ.
ગગન મંડલ મેં આસન કીના,
અનહદ સીંગી બજાઈ. સાધુ. ૧
પ્રેમ પવંદા પ્યાલા પીવે,
ગંગ જમુંદા પાની.
ગગન મંડલમેં ભીક્ષા માગે,
અવીગતકી ગત જાની. સાધુ. ૨
પાંચું ચેલા સહજ સંતોષી,
આશા તૃશ્ના ઘેરી.
રમતા રાવલ અલખ જગાવે,
બહુરીન હોવે ફેરી. સાધુ. ૩

અસ્ટ પ્રહુર રહે મન મુસ્તાના,
લગી શબ્દ સુ દોરી.
કહુત કબીર સુનો ભાઈ સાધુ.
જાકી મેં બલીહારી. સાધુ. ૪

ભજન ૧૧૫ મું.

જપેજી કોઈ નીરગુણ ઘર લક્ષણ આવે,
હે સમીપ જાન જો પાવે.
કપટ અમલ બિસરાવે. જપેજી. ટેક.
આસન પવન જોગ ખટ સંજમ,
પડ પંડીત બહુ રાવે.
રીધ સીધકું વે ફિરત ઉદાશી.
સ્વપને મુકત ન પાવે. જપેજી. ૧
જોગી જતી તપી સન્યાસી,
લોહી બીંદુ જમાવે.
છે દરસન પાખંડ છાનવે,
બ્રહ્મ વીધી હાથ ન આવે. જપેજી. ૨
કાજી હાથ કીતાબ ન બંચે,
મુલ્લાં બાંગ ન દેવે.
બેદહીં છાંડ ગયે બીપરવા,

રાજાકું રાજ ન ભાવે. જપેજી. ૩
બીન કર તાંલ પખાવજ બાજે,
બીન રસના ગુણ ગાવે.
કહે કબીર મુકતકા મારગ,
સતગુરૂ સહેજ શીખાવે. જપેજી. ૪

ભજન ૧૧૬ મું.

રામ રસાયણ જીન્હુને પીયોહે પીયોહે,
આતમ જ્ઞાન ભયો નર જાકું.
જીવ મટી પરી બ્રહ્મ ભયોહે ભયોહે હાં. ટેક.
સુરતિ નીશાન પ્રાણ નટ ખેલે.
અગમ વાસ જાઇ ઉલટ ચડયોહે ચડયોહે હાં.
એસી પ્રીત લગી સોઇ જાને,
અકળ કળામે સંત મીલયોહે. રામ. ૧
જૈસી પ્રીત પતંગકું પ્યારી,
દેખ દીપક મન ઉમરંગ ભયોહે ભયોહે હાં.
ચંદ્ર ચકોર જયું ભક્ષત ઇંગારા,
તન મનકી શુધી ભુલ ગયે હો. રામ. ૨
પંખીકા ખોજ મીનકા મારગ,
એનલ આકાશે વાસ લીયોહે લીયોહે હાં.

ફરત ઉદાશ આશ નહી મનમેં.
પીવત પીવત મન છકીત ભયોહે. રામ. ૩
સતગુરૂવેં મુજપર કરૂણા કીની,
જ્ઞાન પદારથ હૃદય દીયોહે દીયોહે હાં.
કહેત કબીર સુનો ભાઈ સાધુ,
ભવ સાગરકો ભરમ ગીયોહે. રામ. ૪

ભજન ૧૧૭ મું.

સત ગુરૂ નીરવાણી નીરવાણી,
જ્યાં મુક્તિ ભરે છે પાણી. ટેક.
અસ્ટે નવે નીધ કરે મજુરી,
ઓર વીધાતા રાણી.
ચંદ્ર સુર દોઊ ભયે સંઘાતી,
સુરતિ સહેજ સમાણી. સતગુરૂ. ૧
ચાર વેદને વ્યાકર વાણી,
અસ્ટા દશ પુરાણી.
તે પણ ઈચ્છે અગમ અગોચર,
નિગમ નેતિ વખાણી. સતગુરૂ. ૨
ધર્મ અર્થ ઓર મોક્ષ મુક્તિપદ.
બેલ ફરે જેમ ઘાણી.

સત્ય ભકિત બીન ચાર પદારથ,
કાગ વીસ્ટ લપટાણી. સતગુરૂ. ૩
આવણુ વરણુ રૂપ નહિ રેખા,
અજના ગગન સમાણી.
કહેત કબીર સુનો ભાઈ સાધુ
અજર અમર એંધાણી. સતગુરૂ. ૪

ભજન ૧૧૮ સું.

તુંમ દેખો દરીયાકી લેહેરી,
સતગુરૂકા શબ્દ લે હેરી. ટેક.
સુરતા દોરી લગી ગગનમે,
વહાં દીસે એક દેરી.
ઉસ દેરીમેં સાહેબ બીરાજે.
વહાં લે લાગી મેરી. તુંમ. ૧
ગગન મંડલમેં બાજાં બાજે,
બાજત આઠો પહોરી.
તાલ પખાજ વીણા રસ બાજે.
મોરલી બાજે ગેરી ગેરી. તુમ. ૨
સાતું સાયર દેત હીલોળા,
નવસેં નદીયું ઘેરી.

બાર સમુદ્ર એસી લીલા,
વરસે અમૃત ઝેરી. તુમ. ૩
વન ખંડી એકત્રો વર ડોલે,
નહિ પાત નહિ પેરી.
ધ્યાન નહિ જ્યાં ધુપ નહીં,
ત્યાં અલખ દેવ ફેરી, તુમ. ૪
અગમ અગોચર અનભે પાયા,
અબ કયાં ઢુંઢું દુરી.
રામાનંદકા કહે કબીરા,
નીરગુણ માલા ફેરી. તુમ. ૫

ભજન ૧૧૯ મું.

વા, વા, મેરા દીલ મગન ભયા,
ગગનાં શબ્દ સુનકે. વા. વા. ટેક.
અંતર ભીતર વેણુ બાજે,
રાગ મૃદંગને તાલા.
શબ્દકી ઘનઘોર બાજે,
હોઇ રીયા ઉજીયાલા. વા, વા. ૧
શબ્દ ભાઠી ગગન જલે,
બ્રહ્મ અગનકી જવાલા.

પાંચ સખી પ્યાલા પાવે,
હોઈ રીયા મતવાલા. વા, વા. ૨
ખોજ કાયા મુક્તિ પાયા.
ગુંગા હોકર ડોલે.
ઐસા પ્રાણી ત્યાંહી બસે,
જસ હરિકા બોલે. વા, વા. ૩
જ્યાં જોઉં ત્યાં જુગત બની,
સબ માયાકી ફાંસી.
દાસ કબીરા ચુંકર બોલે.
હોઈ રીયા વનવાસી. વા, વા. ૪

ભજન ૧૨૦ મું.

દેખત આવે મોહી હાંસી,
પાનીમેં મીન પીયાસી. ટેક.
આત્મ જ્ઞાન બીનાં ભટકે,
કોઇ મથુરાં કોઇ કાશી. પાનીમેં. ૧
જોગી હોકર રહે જંગલમેં,
બન બન ફીરે ઊદાસી. પાનીમેં. ૨
કસ્તુરી મૃગ નાભિ વસતહે,
ઢુઢત હે બન ઘાંસી. પાનીમેં. ૩

પોથી પઢ પઢ પંડીત ભુલે,
નવ ન મીલ્યા અવિનાશી. પાનીમેં. ૪
મસીત ચડકર મુલ્લાં પોકારે,
તોઇ ન મીટે જમ ફાંસો. પાનીમેં. ૫
કહુત કબીર સુનો ભાઈ સાધુ,
ગુરૂ બિન ન ટળે ચોરાશી. પાનીમેં. ૬

ભજન ૧૨૧ મું.

જ્ઞાન ગરિબી સાચી સંતો,
જ્ઞાન ગરિબી સાચી. ટેક.
બિન સમજ્યા સાધુ હોઇ બેઠા,
રૂદિયે હાંડી કાચીરે. જ્ઞાન. ૧
ભેખ લીયા પણ ભેદ ન જાન્યા,
બેલ ફરે જેમ ઘાણી.
સત્ય શબ્દકા મર્મ ન લાધ્યા,
પુજે પથરા પાણીરે. જ્ઞાન. ૨
સુદર ભેખ બન્યો અતિલાલા,
ઉપર રંગ લગાયા.
કાચી હાડી ગલ ગઈ માટી,
વિરલે નિર જમાયારે. જ્ઞાન. ૩
કરડા તાપ દીયે. તો બગડે,

કાચાં કામ ન આવે.
સમતા તાપ દીયે તો સુધરે,
જતન કરીને પાવેરે. જ્ઞાન. ૪
ભેખ લઇ સુખ મીઠા બોલે,
સબકું શીશ નમાવે.
કહે કબીર સમજ પરખ બીન,
હીરો હાથ ન આવેરે. જ્ઞાન. ૫

ભજન ૧૨૨ મું.

[રાગ ગોડી આરતી]

એહીં પીંજરા નહિ તેરા હંસા રાજા,
એહી પીંજરા નહિ તેરા. ટેક.
કુટંબ કબીલો તેરો સંગ નહિ ચાલે,
ભાયું નહિ ચાલે ભેરા. હંસા. ૧
લગતી માયામાં શું લલચાણો,
જાત ન લાગે વેરા. હંસા. ૨
માટી ચુન ચુન મહેલ બનાયા,
મુરખ કહે ઘર મેરા. હંસા. ૩
ભમરા હોકર સબ જુગ ભમીયા,

ફીયાં ચોરાશીકા ફેરા. હંસા. ૪
કહેત કબીર સુનો ભાઈ સાધુ,
અંત જંગલ બીચ ડેરા. હંસા. ૫

ભજન ૧૨૩ મું.

સંતો માયા તજી ન જાય.
જ્યું વેલી વ્રક્ષ લપટાઈ. સંતો. ટેક.
નજર તમાસા દેખ્યા ચાહિયે,
રસનાકું રસ ભાવે,
ચંચળકું નિશ્ચળ કરી રાખે,
મન માયા ભરમાવે. સંતો. ૧
ઘર તજે તો મઢી બનાવે,
ઉદય અસ્ત હે ફેરી.
કુટ તજે શીખ શાખા શોધે,
મત માયાનો ઘેરી. સંતો. ૨
કામ તજે તો ક્રોધ સંતાપે,
ક્રોધ તજે તો લોભા.
લોભ તજે તો આશા મારે,
માન બડાઈને શોભા. સંતો. ૩
કાયા કસ્ટ દઈ મનકું જીતે,
તજે ભોગ વીલાસા.

ઇંદ્ર લોક ઇંદ્રાસન ઇચ્છે,
રીદ્ધી સીદ્ધી બહુ આશા. સંતો. ૪
પ્રગટ પૈસો હાથ ન ઝાલે,
પટુ પાંબડી તાકે.
આદર ભાવ કરે બહુ તેરા,
જાણી માયા જાંખે. સંતો. ૫
જો છુટે તો સમજી છુટે,
હ્રદયે જ્ઞાન પ્રકાશા.
સત શબ્દ સત ગુરૂકા ગ્રહીવે,
મીટે અંતરકી આશા. સંતો. ૬
મન વેરાગી પુરા જ્ઞાની,
સુરતી શબ્દ સમાની.
કહે કબીર કોઈ વીરલા પ્રાણી,
અંતર જુઠી જાની. સંતો. ૭

ભજન ૧૨૪ મું.

મન મેરા સમજ ભજો રઘુવીર,
સાંકડી શેરીમેં એક દીન જાના સામે તીર,
ગોળા છુટા ાન કાછી.
તુટે લોહ જીંજીર,

રામાનંદકી ફોજમેં,
એક સન્મુખ લડે કબીરરે. મન. ૧
આગે આગે અનહદ બાજેજી.
પીછે અનહદ વાગે.
કબીર સાહેબકી લાલ બધુકાં,
જમડા ઊપર દાગેરે. મન. ૨
અખંડ જયોતી જલૈયા જાગેજી,
શબ્દ કરે ગુંજારા.
બિન નૈણે મેરા સાંહેબકુ નીરખ્યા.
ઓહી પંથ હે ન્યારા. મન. ૩
ઘડીયા દેવકું સબ કોઇ માનેજી,
અનઘડકું વીસારે.
જબ રૂઠે મેરો અનઘડ રાજા.
સબ ઘડીએકું મારેરે. મન. ૪
રામ નામ તો સબ કોઇ લેવેજી.
ઓર રામકી રીત.
અખર અમર એક હેજી.
જપતા દાસ કબીરરે. મન. ૫.

ભજન ૧૨૫ મું.

અમર પુરૂષ ત્યાં આપ બિરાજે,
હંસા કરેરે વીલાસા.
ધ્રમની વા દેશ હમારા વાસા. ટેક.
વચન વીરંચી શિવ સનકાદિક.
થકે જયોતીકી પાશા.
ચૌદે લોક વસે જેમ ચૌદે.
તે પણ કાલ તમાસા. ધ્રમની. ૧
વાહાં ગયે બહુ રીન આવે,
જન્મ મરણુકા નાશા.
શંશય શોક વાહી ઘર નાહી,
કબહુ નાહિ ઉદાશા. ધ્રમની. ૨
સાત સુરતકી આગે સમરત.
ચૈતન ભુમી પ્રકાશા.
સદ આનંદ હોત વાં ઘરમેં.
કમળ ખીલે બારે માસા. ધ્રમની. ૩
ચંદન સુર દીવસ નહિ રાતી,
નહિ જમી આકાશા.
અમૃત ભોજન હંસા પાવે,
એઠ પુરૂષકી પાશા. ધ્રમની. ૪
કહે કબીર સુણો મહાશા,

છાં ખલકકી આશા.
પુરણ બ્રહ્મ એક સમ્રથ સાહેબ,
આપો આપ પ્રકાશા. ધ્રમની. ૫

ભજન ૧૨૬ મું.

અગમ ભુમિ દર્શાયા સંતો,
એસા અમર ઘર પાયા. ટેક.
પૃથ્વી જલ તેજ અરૂવાયુ,
ઔર ગગનકી છાંયા,
આપ આપમેં ઉલટા પરખ્યા.
તુરીયાને ખેલ રચાયા. સંતો. ૧
કોન ઉપજેને કોન વણસે.
કોન તરે કોન તારા.
જલકા તોરીંગ જલસેં ઉપજે,
ફેર ન જલસેં ન્યારા. સંતો. ૨
ભરીયા કુવા જલ હીંજલકા.
બાહિર ભીંતર પાની.
વણસ્યા કુપ સમાણા જલમેં,
બુજત વિરલા જ્ઞાની. સંતો. ૩
હતા અથાહ થાહ સુખપાઈ,

સાયર લહેર સમાની.
ઢીમ્મર જાળ દોર કહાં કરહીં,
મીન ભયા જલ પાની. સંતો. ૪
બીન ગુરૂ જ્ઞાન ધુંવા જીસ બાદલ.
એળે જનમ ગુમાવે,
કહે કબીર ગુંગાકી સેનાં,
ગુંગા કું ગમ આવે. સંતો. ૫

ભજન ૧૨૭ મું.

રામ ભજન મે ચોકસ રેણાં.
એક દીન કાલ આવેગા, એક દીન કાલ. ટેક.
તોપ તિર તરવાર બરછીયા,
નહિ કોઇ બંધુક ચલાવેગા.
આવત જાવત કછુ ના દેખા,
ઘરમેં ધુમ મચાવેગા. રામ. ૧
નહિ ગઢ ફોરે નહિ ગઢ તોરે,
ના કછુ રૂપ બતાવેગા.
નગરીકા કછુ કામ નહિ હે,
તુજે પકડ લે જાવેગા. રામ. ૨
જીસ દીન તેરી ફરીયાદ ન સુનહી,

એસા તસ્કર આવેગા.
કુટમ કબીલા મીલ કર બેઠા,
કુંઢત પાઉં ન પાવેગા. રામ. ૩
કાઢો કાઢો સબ કોઈ કેવે,
નહિ તો ભુત હો જાવેગા.
એસા હે કોઈ સત વિવેકી,
રામ ભજન ગુન ગાવેગા.
કહેત કબીર સુનો ભાઇ સાધું,
નહિ તો જમપુર જાવેગા. રામ. ૪

ભજન ૧૨૮ સું.

[રાગ લાવણી.]

કહાંસે આયા કહાં તુમ જાવગા,
ખોજ કરો આગલ ઘરકી.
સતગુરૂ મીલે તો સાન બતાવે,
ખોબ હેવ અંતર ખડકી. ટેક.
હીંદુ મુસલમાન દોનું ભુલે,
ખટ પટ મેં સબ રહે ખટકી.
જોગી જંગમ શેખ સન્યાસી,
લાલચમેં સબ રહે લટકી. કહાંસે. ૧

કાજી કુરાન કીતાબ બખાને,
જીવનકું મારે ઝટકી.
હરદમ સાહેબકી ખબર ન જાની,
ક્યું મુરગી પકડી પટકી. કહાંસે. ૨
પંડીત છાપા તીલક લગાકે.
તીરથ વ્રત મરતા ભટકી.
ગાય વાય ને લોક રીઝાવે,
ખબર નહિ અપને ઘટકી. કહાંસે. ૩
બાહીર તો બગ ધ્યાન ધરત હે,
ચૈતન મલે માંહી સુર ચટકી.
બાહીર બંદા ભીતર ગંદા,
મન મેલા મછલી ગટકી. કહાંસે. ૪
ખબર વિના નરજીત દોડે,
ચૈતનકી ન લગી ચટકી.
કહે કબીર સુનો ભાઈ સાધુ,
આવરણ મેં સબ રહે અટકી. કહાંસે. ૫

ભજન ૧૨૯ સું.

તીહાં પોચત વીરલા સંત મારી હેલી,
કઠણ પંથ વૈરાગકા. ટેક.
હે મારી હેલી જીન ઘર હંસા ચુગતા મોતી,

ફીરીયા ગગનકી ખોઇ મારી હેલી.
ચાલો હંસા ઉન સરોવર જાઇએ,
પલા ન પકડે કોઈ મારી હેલી. કઠણ. ૧
હે મારી હેલી કોન બુંદસે ધરણ નીપાઇ,
કોન બુંદસેં આકાશ મારી હેલી.
કોનરે બુંદસેં પુરૂષ નીપજાયા,
કોન બુંદસેં સંસારા મારી હેલી. કઠણ. ૨
હે મારી હેલી અજબ બુંદસે ધરણ નીપાઇ,
ખરક બુંદસેં આકાશા મારી હેલી.
અમરત બુંદસે પુરૂષ જાયા,
ચૈતન બુંદસે સંસારા મારી હેલી. કઠણ. ૩
હે મારી હેલી રે'ન સમાણી એક ભાણમેં,
ભાણ સમાયા આકાશે મારી હેલી.
આકાશ સમાણા એક વચનમેં,
વચન કોઈ વીરલા પાસે મારી હેલી. કઠણ. ૪
હે મારી હેલી દેખ્યા બિનાંરે ઉન દેશકી,
બાત કહે તે સબ કુર મારી હેલી.
આપ તો ખારી ખાત હે,
બેચત ફીરત કપુર મારી હેલી. કઠણ. ૫

હે મારી હેલી નુરત સુરત મીલ જ્યોત, પ્રકાશી
પાયા પદ નીરવાણ મારી હેલી.
વેદ કહંતા વહી ગયા,
આપે કબીર જુગત ભાણ મારી હેલી. કઠણ. ૬

ભજન ૧૩૦ મું.

[રાગ આશા.]

હમ ના મરીહે મરીહે સંસારા,
હમકો મિલીયા જીયાવન હારા. હમ. ટેક ૧
અબ ન મરો મરને મન માના,
તે મુએ જીન રામ ન જાના. હમ. ૨
સાકત મરે સંત જન જીવે,
ભરી ભરી રામ રસાયન પીવે. હમ. ૩
હરી મરી હે તો હમહી મરીહે,
હરી ન મરે તો હમ કાયકું મરીહે. હમ. ૪
કહે કબીર મન મનહીં મીલાવા,
અમર ભયે સુખ સાગર ભાવા. હમ. ૫

ભજન ૧૩૧ મું.

આરતી

સત્ય કે નામસેં સત્ય સાગર ભર્યા,
સત્ય કે નામ તીહું લોક છાની.
સંત જન આરતી પ્રેમ તારી તરે,
ઢોલ નીસાન મૃદંગ બાજા.
ભક્તિ સાચી કીયા નામ નિશ્ચે લીયા.
સુનકે શીખર બ્રહ્મંડ ગાજા.
સત્ય કબીર સર્વજ્ઞ સાહેબ મીલે.
ભજો સત્ય નામકું રંક રાજા.
હમ દીન દુની દરવેશા.
હમ કીયા સકલ પરવેશા,
હમ દુવા સલામત લેખી.
હમ શબ્દ સ્વરૂપી પેખા,
હમ રૂંઢ મુંઢ મે પ્રીરા.
હમ ફાકા ફકર ફકીરકા,
હમ રમે કોનકી નાલ.
હમ ચલ્યા કોનકી ચાલ,
હમ સર્વાંગિન સેહેજે રમે.
હમરી વાર ન પાર.
વારભી હમકી પારભી હમકી.

નાના દરીયા તીર,
સકલ નીરંતર હમ રખે.
ગહરે ગહુર ગંભીર.
ખાલી ખલક ખલકે માંહિ.
યું ગુરૂ કહે કબીર,
સત્ય નામકી આરતી,
નિરમળ ભયા શરીર.
ધર્મદાસ લોકે ગયે
બહીઆં મીલે કબીર.

ભજન ૧૩૨ મું.

[રાગ હરી ભજન વીના.]

સુણ સાહેલી ચરખીડો તોરોરે,
રણુ ઝણુ બોલે. ટેક.
કાંત મન સ્થિર કરી,
શું કરવાને કાજે ઘેઘર ડોલે. સુણ. ૧
મેરૂ દંડ મોભ સ્થિર થાંભી લીયો.
નાભી કમળ ચતુર્દશ દામણીઓ,
વસ્તુ બીજણા વિના બ્રહ્માએ ઘડીઓ. સુણ. ૨
શ્વાસ સોહુંની મધ્યે માળ ફરે,

નાસ તોરણીઓ વચ્ચે નૃત્ય કરે,
ઝીણાં કાણું ચમરખાં શબ્દ કરે. સુણ. ૩
તુ તુ ત્રિવેણી મધ્યે ત્રાક ફરે,
પુણી પ્રેમ તાણી લઈ સ્પર્શ કરે,
ટાળી દ્વૈત તણો એક તાર કરે. સુણ. ૪
લેહ કર ઘડી લેઇ કરમાં કરને.
તાર તુટે નહી સુરતા ધરને,
ગુરૂ જ્ઞાન પીંજણ સુતર કરને. સુણ ૫
એ સરખાની સમજણ સારી,
તમો સાંભળજો નર ને નારી,
કહે કબીર કાંતે કોઈ કતવારી. સુણ. ૬

ભજન ૧૩૩ મું.

[રાગ ઉપરનો.]

અમર રહેજો ધણી મારો અમર રહેજો,
ગગન ગુફામાં ગુરૂ મારો અમર રહેજો. ગગન
ઈડાપીંગલા સુખમનની નાડી,
ઉભી ઉભી સંતોને અરજ કરેરે. ગગન. ૨
પાંચને માર્યા પચીસ વશ કીધા,
દશમે દ્વારે ધણી મારો ખબર કરેરે. ગગન.

મરરેવું જીવ તારે ફરી નહીં અવતરવું,
જમડા આવ્યા ફોકટ ફેરા ના ફરેરે. ગગન. ૪
કહે કબીર સુનો ભાઇ સાધુ,
શત્રુ ઉપર જીવ મારો લહેરાંતો કરેરે, ગગન. ૫

ભજન ૧૩૪ મું.

અવળ વાણી.

(રાગ પ્રભાત)

આરે નગરનો અવળો ન્યાય ભાઈ,
રાજાને પીડે પ્રજારે. ટેક આ. ૧
દહાડી માલણ હારરે ગુંથે,
હાર માલણને ગુંથેરે.
હું શું જાણું જે બાઇ હતું આવુ.
ઉપર બેસીને ચુંથેરે. આ. ૨
હાથીના ઊપર માવધ બેઠો,
હાથી માવધને ખેડેરે.
હું શું જાણું જે બાઈ હતું આવું.
માને દીકરો તેડેરે. આ. ૩
ચારે જુગની ચોરી થાપે,
પરણે પુરૂષને માયરે.

હું શું જાણું જે બાઇ હતુ આવું.
દોહો નારીને દોહે છે ગાયરે. આ. ૪
તીતર ઉપર તીડજ દોડયો,
સસલે સાવજ સાહ્યોરે.
પાશ માંહિ કોઇ પારાધી પડીયો,
જીવે જમડાને વાહ્યોરે. આ. ૫
આંધળાને અગમ સુજે,
ઘરમાં ના સુજે બાઇરે.
નેવનાં પાણી મોભે ચડીયા,
અવળવાણી ગાઇરે. આ. ૬
અગ્નિમાંથી મેઘ ઉલટયો,
ગગન ચડીયા પાણીરે.
દાસ કબીરની અવિચળ વાણી,
કોઇ એક સંતે જાણીરે. આ. ૭

ભજન ૧૩૫ મું.

હમારે ગુરૂએ આપી અમર જડી. ટેક.
જડ હમારી અજર અમરહૈ,
અમર બુંદસે ભરી.
ના વો જરે ના જલમેં ડુબે,
નિશદિન રહત હરી. હમારે. ૧

યા બંગલામેં દશ દરવાજા,
તા બિચ ગુમ બરી.
પાંચ નાગ પચીશ નાગની,
સુંઘત તુરત મરી. હમારે. ૨
ડાકણુ એક સકળ જગખાતી,
જડી સેં જાતી ડરી.
કહે કબીરા સુનો મેરે સંતો,
વીરલાકું સમજ પડી હમારે. ૩

ભજન ૧૩૬ મું.

બાણું મેં સંત સમાજ,
જીનકી જ્ઞાન કચેરી. બાણું.
સંતોષ તખ્તપર મન રાજા,
વિવેક બડા દરવાની.
જગમગ જયોત છત્ર બિરાજે,
મુકિત ભરત જાંહાં પાની. જીનકી. ૧
લોભ મોહકો શહેર ઉજડાયે,
માયાકો મુંડ મુંડાઓ.
કામ ક્રોધકું ગર્દન મારો,
એસા અદલ ચલાઓ. જીનકી. ૨
પાંચ, માર પચીશ વશ કરલો,

સાચા હી ઠેરાયા.
ઈડા પિંગલા કરત ચાકરી,
ગગન મંડલ મહ છાયા. જીનકી. ૩
ત્રિગુણ સમ ત્રિવેણી સંગમ,
અગમ એક સ્થાના.
આશા તૃષ્ણા જે કોઈ મારે
સોહી કરત સ્નાના. જીનકી. ૪
કહત કબીરા સુન ભાઈ સાધુ,
નિર્બાની.
યે પદકા કોઇ અર્થ વીચારે,
પહોંચે અગમ સ્થાની. જીનકી. ૫

ભજન ૧૬૭ મું.

એરણુ અજબ બનાયા.
સતગુરૂ એરણુ અજબ બનાયા. ટેક.
નજર જોઇ જોઈ નકશો બનાવે,
શોધો ભીતર પાયા. સતગુરૂ. ૧
એરણુ કો અગિનસે ઘડા હૈ,
ઘડા પાંચ લગાયા.
ઉલટ સુલટ ટોન સંભાલો,
ઉલટા પવન ચલાયા. સતગુરૂ. ૨

હરખ હથોડી સુરતા સાણુસી,
આંક લાંબા કડી લાયા.
કર્મ કાષ્ટ માંહી કોયલા મુકયા,
મન લુહા કુટવાયા. સતગુરૂ. ૩
લુહારી ઘડનેકું બેઠા,
જ્ઞાન કુવાડા બનાયા.
ચેતન કુંડીમેં પ્રેમ જલ ભરીયા.
ઉનમેં કલ બુજાયા. સતગુરૂ. ૪
જ્ઞાન ગોણી ગોદમેં લીયા,
મનવાને એજ લગાયા.
કહે કબીરા સુનો ભાઇ સાધુ,
લુહારે લુહા કુટાયા. સતગુરૂ. ૫

ભજન ૧૩૮ મું.

ઠગની કયા નયના ચમકાવે. ટેક.
તેરે હાથમેં કબીર નાવે. ઠગની. ૧
સુખ આશક ભેંસ પદ્મિની,
મેડક તાલ બજાવે.
પહર ચોરણા ગદ્ધા નાચે,
ઉંટ વિષ્ણુ ગુન ગાવે. ઠગની. ૨
મુલ કાટ મૃદંગ બનાયો,

લીંબુ કાટ મંજીરા.
પાંચ પુતલીયા મંગલ ગાવે,
નાચત બાલમ જીરા. ઠગની. ૩
રૂપા પહરકે રૂપ દિખાવે,
સોના પહેર રીઝાવે.
ગલે પર તુલસીકી માલા,
તીન લોક બિર માવે. ઠગની. ૪
ઝાડ ચઢી મચ્છલી ફૂલ તોડે,
બગલા ધ્યાન લગાવે.
કહેત કબીરા સુનો મેરે સાધુ,
સંત જો હરી ભેદ પાવે. ઠગની. ૫

ભજન ૧૩૯ મું.

વાહ વાહ સાહેબજી. ટેક.
કયા કયા ખ્યાલ તુમારાજી.
ગગન લેકર બાજ ઉડાવે,
કૌઆ તીર ચલાવે.
જબ બકરીએ બાઘ પછાડા,
ઉસકું કોન છોડાવે. વાહ. ૧
જબ ચુએને બિલ્લી પકડી,
મુરઘી ઘર ઘર રોવે.

અંદરકે વા ધુમ મચી હે,
ઉઠ વિષ્ણુ અહ જાવે. વાદ. ૨
ગુંગા બહેરા બાત ચલાવે,
અંધા કુરાન વાંચે
જળ કુંડેને મૃદંગ બજયા,
લંગડા ક્યા ખુબ નાચે. વાદ. ૩
કહેત કબીર યે ઉલટી બાની,
વીરલા કોઈક જાણે.
જો ગુરૂકા પૂરા હોવેગા,
સોહી બાત પીછાને. વાદ. ૪

ભજન ૧૪૦ મું.

જીયા જવાને ઔર મુરખા મત લાવે,
સાબ બિના ઘર મત આવેરે. જીયા. ટેક.
વાડી પાર એક બેલ વૂઠાયા,
ઉસકું પત્ર નહીં હેરે રામા.
વાડી પત્રકું મૃગ ચરત હે,
મૃગકું શીંગ નાહીં હેરે રામા. જીયા. ૧
શિર બિન ખુર બિન આંખ બિન,
બિન મુખ ઢીંચર ફેરે.
વાડી હંસાકું મારકે લાવે,

જીવ નહીં ઉસકું વેસા મ્હેરે.   જીયા. ૨
ધનુષ્ય બાણ લે ચીલા પારાધી.
ધનુષ્યકું પણ છ નહીં મોરે રામા.
વાહી પાણ છ લે માર્યો મૃગકું,
મૃગકું ઘાવ નહીં મોરે રામા.   જીયા. ૩
કહેત કબીર સુનો મેરે સાધુ,
પદ હે નિર્વાણી રે રામા.
યેહી પદકો કોઈ અર્થ લગાવે,
સોહી ગુરૂ હમ ચેલારે રામા.   જીયા. ૪

ભજન ૧૪૧ મુ.

અવિગતકી ગત ન્યારી,
સંતો અવિગતકી ગત ન્યારી.   ટેક.
રંક નિવાજ હોત રાજેશ્વર,
ભુપત હોત ભિખારી.   સંતો. ૧
એરંડ બાસ હોત મિલિયાગર,
ચહુદિશ ઉડત સુબાસા.
ગુંગા જ્ઞાનકી બાત પ્રકાશે,
અંધા દેખે તમાશા.   સંતો. ૨
કદલીકું કેરી ફલ લાગે,
બાવલ ચંદન મ્હેકે.

મચ્છ શિકાર ખેલે જંગલમેં,
સસા સમુદ્ર ઝીલે. સંતો. ૩
પંગા મેરૂ સુમેરૂ ઓળંગે,
બહેરા સુને કાન.
ઠુંઠા તાલ મૃદંગ બજાવે,
અજબ ખેલ નિદાન. સંતો. ૪
સ્વર્ગકા લોક તાલી બજાવે,
શેષ મહુર્षी નાચે.
કહે કબીર કર્તાકી લીલા,
જો જો કરે સાધુ કાજે. સંતો. ૫

ભજન ૧૪૨ મું.

તેરા ઘટમાંહિ સરજન હાર.
તું જ ખોજ મન કાયા નગરી. તું. ટેક
જ્યું ડુંગરમેં હુય દેવતા,
ત્યું ઘટમેં હે કીરતાર.
ઉસ દેદારકો ખપ કરે તો,
ચક મક લેકર જાર. તું. ૧
દિલ દરીઆમેં હીરાલાલ હે,
ગુરૂગમ સુઝ પડે.
ચાર ચોક બિચ ખડા કનૈયા,

કોઈ જન હરી હાથ ચડે. તું. ૨
ઈડા પિંગલા સુખમન નાડી,
જલહલ જયોત જલે.
અષ્ટ કમલ દ્વાદશ કે ઉપર,
ભ્રમરા ગલ કરે. તું. ૩
કહત કબીર સુનો ભાઈ સાધુ,
એહ પદ હે નિર્વાણ.
યેહ પદકી કોઇ ખોજ કરે તો,
પહોંચે અમરપુર ધામ. તું. ૪

ભજન ૧૪૩ મું.

સુરતસે કયું નાલીનો હરિનામા,
કયું ના લીનો ગોવિંદ નામા.
જીવ્હાસેં કયું ના કહયો હરિનામા. સુ. ૧
ફુટ પાષાણ ગંગાજલ નિપન્યો,
ચહુદિશ નિપન્યો પાની.
ઉસ પાનીમેં ગિરિવર ડુબ્યો,
લહર સમુદ્ર સમાની. સુરતસેં. ૨
યે ગિરિવર પર પંખી બેઠો,
બોલે અમૃત વાણી.
યે પંખીકું પાંખજ નાહિ,

કુળ મૂઆ અભિમાની. સુરતમેં. ૩
પવન નહી પાણી નહી,
નહી ધરતી આકાશ.
ચંદ્ર સુરજકી ખબર ન જાણુ,
કોઈ રહને ના પાયે. સુ. ૪
કહેત કબીર સુનો મેરે સાધુ,
યે પદ હે નિર્વાણ.
યે પદકી કોઈ નિંદા કરશે,
તાકું નરક નિશાન. સુ. ૫

ભજન ૧૪૪ મું.

ભમર ગુફામેં અમર ઝરે,
અમર પીવે તો સંતો કાહેકું મરે. ભમર. ટેક
પિંડ બ્રહ્માંડ પર લાગી તાલી,
દશમ દ્વારકી ખબર પડે. ભમર. ૧
ગંગા જમુના નદી સરસ્વતી,
સુખમણા નાડી બિચ ઘોર કરે. ભમર. ૨
વિના મંદિર દીપક ઉજીયાલા,
સુરનર મુનીજન વાકો ધ્યાન ધરે. ભમર. ૩
કહેત કબીર સુનો મેરે સાધુ,
તન ખોજો તો તરત મળે. ભમર. ૪

ભજન ૧૪૫ મું.

હંસા માનો શબ્દ હમારા,
ઘટકી ભીતર સાર શબ્દ હે.
તાકો કરો વીચારા. હંસા. ૧
ગગન મંડલમેં ચઢકર દેખો,
મુરલીકા ભેદ હે ન્યારા
ઝીનીઆ મુરલી હોત સવાઇ,
શબ્દ હોત ઘડીયાલા. હંસા. ૨
ઘડી ઘડી વડીયાલા સાધુ,
દમ એકવીશ હજારા.
તાલ પખાજ ઓર ભેરી વાજે,
હોત શબ્દ ઝણકારા. હંસા. ૩
દશમે દ્વારે બ્રહ્મ હોઇ નિકસે,
પરખ કરો વોહી દ્વારા.
ત્રિકુટી સંગે મુનીજન નિરખે,
હોત જયોત જમકારા. હંસા. ૪
ગંગા જમુના મિલી સરસ્વતી,
અમી વરસે વોહી ધારા.
યહી અમીકું સર્પણુ પાવે,
તાકું ખોજ કર સારા. હંસા. ૫
સર્પણકું ખાવે અમીકું પીવે,

ગુરૂકા શબ્દ, એકસાર.
કહે કબીર સુનો ભાઈ સાધુ,
ઉતરે ભવજલ પાર. હંસા. ૬

ભજન ૧૪૯ મું.

[રાગ ઠુમરી.]

હો જગદીશ કાંહાં તે આયે,
કહો કીને ભરમાયા હોરે. ટેક.
એક રામ એક રહેમાન કહાવે,
કૃષ્ણ કરીમ સોહી સોરે.
હરિ હજરત દોઉ નામ ધરાયે.
મર્મ ભૂલો મત કોઈ હોરે. હો. ૧
સોહી હે આદમ સોહી હે મહાદેવ,
મહમદ બ્રહ્મા કહીયે સોરે,
કહેને સુનેકો દો કરી રાખો,
ઘર એકહીમેં રહીયો હોરે. હો. ૨
માકે ગલેમેં જીનેઉ નાહી,
પુત કહાવે પાંડે હોરે.
બીબી હવાકો સુનત નાહી.
દોનુ હો દોજખ માંડે હોરે. હો. ૩

અપની જુગતસેં કાન છેદાંયે,
ઉને સુનત કરાયે હોરે.
જો ફરમાના હોના સાહેબકા,
છેદી કાટી કયુ ન આયે હોરે. દો. ૪
ઘેણુ મેં કનક કનકમેં ઘેણુા,
તામેં ભેદ ન દુજા હોરે.
કહુને સુનેકો દોકરી રાખે,
એક નિમાજ એક પુજા હોરે. દો. ૫
એક પુરાના એક કુરાન કહાવે,
એક મુલ્લા એક પાંડે હોરે.
એક કુંભાર ઘાટ બહુ તેરે,
સબ માટીકા ભાંડે હોરે. દો. ૬
આદ બી એક હે અંત બી એક હે,
બિચમેં રહના સોઇ હોરે.
કહે કબીર ગુરૂ પૂર્ણાકી મહિમા,
બુઝે વીરલા કોઈ હોરે. દો. ૭

ભજન ૧૪૭ મું.

(ભાણુ સાહેબના ભજન.)

સતગુરૂ સાહેબ સોઈ મળ્યા,
જેણે અમ્મર નામ ઓળખાયો.

ગુરૂ પ્રતાપ સાધુકી સંગત,
ભકિત પદારથ પાયો. સતગુરૂ. ૧
કથતાં બકતાં ભયો કીનારો,
ઉન મુની કે ઘર આયો.
નગર લોક સબ નીક ચલાયા,
જીત નિશાન ઘુરાયો. સતગુરૂ. ૨
ચાર મળી ચૈતન ઘેર આયો,
પકડ પાંચ બોલાયો.
શબ્દ એક ટંકશાળા પરે ત્યાં,
નીરભય નામ સુનાયો. સતગુરૂ. ૩
હંસ ઉડ બુંદ્ધા ઘુમ રચાયો,
માંઇ સમી હે માયો.
નદી નાવ સબ નીક ચલીહે.
સાયર નીર સમાયો. સતગુરૂ. ૪
અક્ષર એકસેં જુગ ઉપાયા
સોહુ નામ સવાયો.
અકળ પુરૂષ અવતાર ધરેતાં,
ભાણુ દેવ ભેદ પાયો. સતગુરૂ. ૫

ભજન १४८ मुं.

એક નીરંજન નામજ સાથે,
મન બાંધ્યો હે મારો.
ગુરૂ પ્રતાપ સાધકી સંગત,
આયો ભવનો અ રો. એક. १
કુડે કપટ કોઇ નવ રાચ્યો,
સતનો મારગ ચાયો.
ગુરૂ વચને જ્ઞાન કથીને,
નીત ગંગામાં નાયો. એક. २
ઘટ પ્રકાશા ગુરૂ ગમ લાધી.
ચોરાશીનો ફેરો છુડાયો.
જે દેવને દુર દેખતાં,
નજરે ભાળ્યો નેડો. એક. ३
અનંત ક્રોડ અવનીમાં આતમ,
જુક્તિ કરીને જાણ્યો.
ભ્રાન્તિ ભ્રમના ભવની ભાગી,
શિવે જીવ સમાણો. એક. ४
જળ જાંજવામાં કોઇ ન ભુલો.
જુઠો જગત સંસારો.
ભાણ કહે ભગવતને ભજીએ,
જેનો સકલ ભવન પસારો. એક. ५

ભજન ૧૪૯ મું.

હંસો હાલવાને લાગ્યો,
કાયાનો ગઢ ભાંગ્યે.
તમે પોરા પ્રમાણે જાગો. ટેક
નિત નિત નિંદ્રા નવ કરો નૈણું,
સુતા ને સાહેબ આઘો.
સમરણ કરી લ્યો સાચા ધણીનું,
તમે મોજ મુકતા ફળ માગો. હંસા. ૧
જાગ્યા સોઇ નર સંસારમાં સીધ્યા.
જેણે ઉજડ મેલ્યો આઘો.
મારગ ધાયા તે બહોત સુખ પાયા,
તેનો જરા મરણ ભે ભાંગ્યો. હંસા ૨
જરા પોંચી ત્યારે જમડા આવ્યા,
દૈહી તણો દળ ભાંગ્યો.
કુડીએ આવી કાયાનો ગઢ ઘેર્યો,
ત્યારે અંધો અરજવાને લાગ્યો. હંસા. ૩
કુડી છે કાયા ને કુડી છે માયા,
જુઠડો આ જુગ જાણો,
સાચો નામ સાહેબકા તારો.
ભણે લુહાણો ભાણો. હંસા. ૪

ભજન ૧૫૦ મું.

સતગુરૂ મળીયા સેજમાં,
જેણે સતનો શબ્દ સુનાયો.
ચોરાશીનો રાહ ચુકાવી,
અખંડ ધામ ઓળખાયો. સતગુરૂ, ટેક.
પંથ હતા સો થીયાં પરિપુરણ,
નવધા નામ મીટાયો.
દશમ દશા આવી દીલ ભીતર,
એકમેં અનેક સમાયો. સતગુરૂ. ૧
અનેક હતા સો અખંડ સમાયો,
નહિ જાયો નહિ આયો.
જીક્કર કરતાં ગઈ જામની,
સોહં સાહેબ પાયો. સતગુરૂ. ૨
જપ તપ તિરથ જોગ ન ધરતા,
સળંગ સેરડો પાયો.
ખટ દર્શનમાં ખોજ કરીને,
ફરી પૂરી ધેરજ આયો. સતગુરૂ. ૩
અનંત ક્રોડમાં આગે ઉભા.
સમજ્યા યેં સાથ કહાયો.
નહિ ભાણો હરિ ભીંતર ભેદા,
જ્યોતિમેં જ્યોતિ મીલાયો. સતગુરૂ. ૪

ભજન ૧૫૧ મું.

સતગુરૂ સાહેબ સંઇ કર્યા,
જેને પ્રેમ જ્યોતી પ્રકાશી.
અખંડ જાપ પાયો આતમશે,
કટી કાલકી ફાંસી. સતગુરૂ. ટેક.
ગગન ગરજીયા શ્રવણે સુણીયા.
મેઘજ બારે માસી,
ચમક દામીની ચમક લાગી,
દેખ્યા એક ઉદાસી. સતગુરૂ. ૧
ગેબ તણાં ઘડીયાલાં વાગે,
દત ગીયા દળનાશી.
જીણાપણામાં જાલર વાગી,
ઉદય ભયા અવીનાશી. સતગુરૂ. ૨
મહિ વલોયા માંખન પાયા,
ગ્રથ તણી ગમ આસી.
ચાર સખી મીલ ભયા વલોણા,
અમર લોકકા વાસી. સતગુરૂ. ૩
સપ્ત દ્વીપ ને સાથર નાહીં,
નહિ ધરણ આકાશી.
એક નિરંતર આતમ બોલે,
સો વીધી વીરલા પાસી. સતગુરૂ. ૪

ગેબ નીરંતર ગુરૂ મુખ બોલ્યા,
દેખ્યા સ્યામ સુવાસી
સ્વપ્ન ગયા ને સાહેબ પાયા,
ભાણુ ભયા સમાસી. સતગુરૂ. ૫

ભજન ૧૫૨ મું.

(ખીમ સાહેબના ભજન.)

સુસમ વેદસેં ન્યારા પ્યારા,
સોઇ સતગુરૂ હમારા. કોઇ સુસમ. ટેક
પાંચ તત્વકા દેવળ બનીયા,
તામેં હે દસ દ્વારા.
નવ દરવાજે નોબત બાજે,
દસમેં મોલ દીદારા. કોઈ સુસમ. ૧
ઉસ દેવળમેં દેવ બિરાજે,
આરતિ અખંડ ધારા.
ચદ સુરજકી જયોતી જલતહે,
જલ મીલ નુર અપારા. કોઈ સુસમ. ૨
મતવાલા જોગી સુનપર બેઠા,
ખેલ રમે ચોધારા.
ગગન મંડલમેં રમતા દેખ્યા,
ભીંતર જોઉં ત્યાં બારા, કોઇ સુસમ ૩

ઓહું સોહંકી ચોકી ફરત
હાકમ બાવન બારા.
સુસમ વેદમેં આપ ગળે તબ,
પાવે સરજન હારા. કોઇ સુસમ. ૪
સાચા સતગુરૂ નૈણે નીરખ્યા,
સળંગ સુતર એક સારા.
ખીમ સાહેબ કહે ભાણ પ્રતાપે.
હરદમ બોલે પ્યારા. કોઇ સુસમ. ૫

ભજન ૧૫૩ મું.

આતમ હીરલા પાયા સંતો,
હરી ચરણે ચીત લાયા. અબતો આતમ. ટેક
ઘરમેં માલ અમુલખ ભરીયા,
જુગતે જોગ કમાયા.
જન્મ સુધારણ સતગુરૂ ભેટયા,
ફેરહીં ઘાટ ઘડાયા. અબતો આતમ. ૧
દેખ તુજમેં તખત બિરાજે,
અગમ ભુમી પર આયા.
જલકે જયોતી નુર અપારા,
મેરમ માંહી દરસાયા. અબતો આતમ. ૨

આવન જાવન અષ્ટ કમળમેં,
નુરત સુરતસેં લાયા.
સુનકે પાર નીરંતર દીસે,
ચેતન ગ્રીંધુ સમાયા. અબતો આતમ. ૩
પુરણ બ્રહ્મ પુરવની પ્રીતે,
સેહેજ સોહંગ ઘર પાયા.
ખીમદાસ સત ભાણ પ્રતાપે,
ઠીક નશાં ઠેરાયા. અબતો આતમ. ૪

ભજન ૧૫૪ મું.

જુવો ને ગગનાં હેરી,
ત્યાં બંસરી બાજે ઘેરી. કોઈ જુવો.
ત્રિવેણી ટંકશાળ પડતહે.
તાપર જીણી શેરી.
અમર અજીતા આશન બેઠા,
નગર બસાયા ફેરી. કોઈ જુવો. ૧
ઘડી ઘડી ઘડીયાલાં વાગે,
વાગેશ્વર ઘંટેરી.
ઢોલ નગારા સરનાઈ વાગે,
ધુમ મચી ચોફેરી. કોઈ જુવો. ૨
ગગન મંડલમેં કરલે બાસા,

વાંહે જોગી લેહેરી.
સતગુરૂએ મુંને સાન બતાઇ,
જાપ અજંપા કેરીં, કોઈ જુવો. ૩
સાસ ઉસાસ દોઇ નહીં પોંચે,
બા'લે લાગી મેરી.
નુરતેં સુરતેં નામ નીરખલે,
સુખમન માળા ફેરી. કોઈ જુવો. ૪
સાચા સતગુરૂ નૈણે નીરખ્યા,
મીટ ગઈ રેન અંધેરી.
ખીમદાસ ગુરૂ ભાણ પ્રતાપે,
ચોટ નહિ જમ કેરી. કોઇ જુવો. ૫

ભજન ૧૫૫ મું.

જીનેં દીયા તખ્તપર ડંકા,
સતગુરૂ વંકા હેજી. જીનેં. ટેક
એસા સતગુરૂ સાહેબ મેરારે,
જાકા ગગન મડલમેં ડેરારે.
સુન શિખરપર જઈ કીયા સેરા,
માંઇ વીજ ચમુંકારા જીનેં. ૧
નોબતને નિશાન માંઇ બાજેરે,
ઘંટા નાદ અનહદ ધુન ગાજે.

તા ઉપર સતપુરૂષ બીરાજે,
માંઈ ઘોર ઘણંકારા. જીને. ૨
એસા અપરમ પાર અગાધીરે,
જાકું લગીહિ સેજ સમાધિરે.
તખ્તે બેઠા આદી અનાદિ,
માંઇ અગમ રણંકારા. જીને. ૩
ઉગ્યા સુર માંઈ હુવા ઉજીયાલારે,
ભાંગ્યા ભે ભ્રમકા તાળારે.
મીટયા માન ગુમાન જંજાળા,
વચન એક સુનકા. જીને. ૪
જાકા સહેજ સુનમેં વાસારે,
નીરમળ નુર અખંડ ઉજીયાલારે.
બાહીર ભીતર એક પ્રકાશા.
માંઈ રણુક જણંકારા. જીને. ૫
ઇવાતું કોઇ વીરલા પાવેરે.
સુરતી શબ્દ માંઈ સમાવેરે.
કાળ ઉનુકું કબુ ન ખાવે,
અબ ફેર મણંકા. જીને. ૬
ભેટયા ભાણ કબીર રવીરામારે,
મેરા પ્રાણ જીવન નીજ ધામારે.
સત પુરૂષકું નીરખ્યા સામ,

માંહે જડયા કણુંકા. જીને. ૭
દેખ્યા ખેલ અધર નીરધારારે,
રમતાં પીંડ બ્રહ્માંડથી પારારે.
સાહેબ નીરખ્યા સચરા સારા,
હમ ખીમ ખાણુંનકા. જીને. ૮

ભજન ૧૫૬ મું.

ફેરો નામની માળા.
તેરા કટે જનમ જંજાળા. સંતો ફેરો. ટેક
ગુરૂગમ કેરી કુંચી કરલે,
કટે મોહકા તાળા.
ઇતાળા ને દુર કરો તો,
ઘટ ભીંતર અજવાળા. સંતો. ૧
આ કાયામાં પ્રગટ ગંગા,
શીદ ફરો પંથ પાળા.
ઇગંગામાં અખંડ નાહી લ્યો.
મત નાવ નદીયું નાળા. સંતો. ૨
આ દીલ અંતર બુદ્ધી સમુદર,
ચલત નાવ ચોધારા.
ઇરે નાવમાં હીરા માણેક,
ખોજે ખોજન હારા. સંતો. ૩

સમરણ કરલે પ્રાયાશ્ચત પરલે,
ચિત મકર તું ચાળા.
ભીમદાસ ગુરૂ ભાણ પ્રતાપે,
હરદમ બોલે પ્યારા. સંતો. ૪

ભજન ૧૫૭ સું.

ભીમ રવી પ્રશ્નોતર.

જીરે સંતો ભેદ અગમરા બુજોરે. ટેક.
કેસેં સતગુરૂ સમરીયે.
કયું કર લીજે નામ,
કહાં ઉનકું દેખીએ,
તો કહાં રહે છે આતમરામ સંતો ભેદ. ૧
સાસ ઉસાસેં સમરીયેં,
અહોનિશ લીજે નામ.
નુરત સુરતસે નીરખીયે તો,
ઘટો ઘટ આતમરામ. સંતો ભેદ ૨
કહાંસે વીજું કરે ચમુકારા,
કહાંસે જયોતી જાગે.
કહાં સતગુરૂકી નોબત વાગે,
તખ્તે કોન બિરાજે. સંતો ભેદ. ૩
આપ તેજસેં કરે ચમુકારા,

ત્રિકુટી જયોતું જાગે.
ગગન મંડલમેં નોબત વાગે,
તખ્તેં આપ બિરાજે. સંતો ભેદ. ૪
કહાંસે આયા કહાં જાયગા,
કોન તુમેરા ધામા.
આ કાયા પલમેં પડ જાવે,
ફેર બતાવા ઠામા. સંતો ભેદ. ૫
હુમહીં આયા રસે,
અમરાપુર મેરા ધામા.
સુરત ચડી અસમાન ડેરાણી,
બ્રહ્મ હમેરા ઠામા. સંતો ભેદ. ૬
કોન શબ્દસેં ધુન લગાવો,
કોન નામ નીરધારા.
ભીમદાસ રવીરામકું પુછે,
માંહી ખેલો છો કે બારા. સંતો ભેદ ૭
સત શબ્દસેં ધુંન લગાવું,
ઓહં નામ નિરધારા.
રવીરામ કહે ભાણ પ્રતાપે,
ઓહં સોહં સેં ન્યારા. સંતો ભેદ ૮

ભજન ૧૫૮ મું.

પ્રશ્ન.

કોઈ પરખંદારે સત શબ્દકા રૂપ. કોઈ પરખંદા ટેક
મુળ શબ્દ સો કહાંસેં ઉઠે.
કોન દેશમાં બોલે,
કોન મંડલ શબ્દુકાં વાસા,
તત્વ વિચારી તોલે. કોઈ પરખંદા ૧
કીતના લંબા કીતના ચોડા,
કીતના હે અનુમાના.
કેસા રૂપ શબ્દકાં સંતો,
બતાઈ દીયો કર ધ્યાના. કોઈ પરખંદા. ૨
કીતના હલકા કીતના ભારી,
ખારા હે કે મીઠા.
મોહી ગરીબકું કહી સમજાવો,
શબ્દ કોન બીધી દીઠા. કોઈ પરખંદા. ૪
શરીર ખોજ શબ્દકું પકડો,
હાથ ગ્રહી બતલાવો.
પડે પીંડ પ્રગટ ઘર ભાંગે,
શબ્દ કહાં સમાવો. કોઈ પરખંદા. ૫
ખીમ સાહેબ રવીરામકું પુછે,
ગમકર ગગના હેરી.

કોન નીરંતર કોન દેશમે.
કહાં સમાવે દોરી. કોઇ પરખંદા. ૫

ભજન ૧૫૯ મું.

ઉત્તર.

કોઇ લેહંદારે સત શબ્દકા વિચાર. ટેક.
મુળ શબ્દ નાભીસેં ઉઠે,
ત્રિવેણી રહી બોલે.
સુન મંડલ શબ્દકું બાસા,
ખોળ તલ સાધુ ખોપે. કોઇ લેહંદા. ૧
દ્વાદશ અંગુલ બાહીર લંબા,
ચૌડા હે સરવંગા.
જેસા દીપક ધર્યા મંદીરમાં,
એસા શબ્દકા રંગા. કોઇ લેહંદા. ૨
હલકા સો સંતે નહિ માન્યા,
બારા વાકું ન કહીએ.
મીઠીસો મરજાદ ગુરાંકી,
શ્યાંત બુધ્ધિયેં રહીયેં. કોઇ લેહદા. ૩
અરથ ન સુજે એસા અટપટ,
તાસેં ભારે હોઇ.

જીણાસો સમજી સતલાખે,
એસા વિરલા કોઇ.　　　કોઇ લેહંદા. ૪
હોઈ કમલકી આણી અગરપર,
રૂપ શબ્દકા દેખ્યા.
સુરત શબ્દમેં લીન ભઈ તબ,
દીયા કર્મ પર મેખા.　　　કોઇ લેહંદા. ૫
છતે પીંડ જબ સન્મુખ દરશ્યા,
દ્વાદશ અંગુલ જબહીં.
બ્રહ્મ છક્ષુ ભઈ બ્રહ્મ અગનમેં.
જલી વાસના તબહીં.　　　કોઇ લેહંદા. ૬
સતગુરૂ શબ્દે ભયા સ્વતંત્ર,
ઘટ મઠ પટ દરશાયા.
રવીરામ પીંડ પડયા શબ્દ તબ,
નીરાધાર સમાયા.　　　કોઇ લેહંદા. ૭

ભજન ૧૯૦ મું.

(ત્રીકમ સાહેબના ભજન.)

મેરે સતગુરૂ લખી દીયા એવા પરવાના,
તેરા અગમ પંથ નીરવાણા.　　　મેરે. ટેક.
નાભી કમલથી ઉલટયો આવે,

ગગન ધુન ગરજાનાં. મેરે સતગુરૂ. ૧
ઈંગલા પીંગલા સુખમન સાધી;
ત્રિવેણી તાર મીલાનાં. મેરે સતગુરૂ. ૨
નામ નીરંજન તેજ અપારા,
તકીયા તીયાં ટકાનાં. મેરે સતગુરૂ. ૩
ખીમ ભાણ રવી રમતા રામા,
અરસ પરસ દરસાના. મેરે સતગુરૂ. ૪
રમતા રામા સન્મુખ સામા,
સહેજ સુનમેં સમાના. મેરે સતગુરૂ. ૫
ત્રીકમદાસ સતખીમ ચરણાં,
ઠીક કરી ઠેરાના. મેરે સતગુરૂ. ૬

ભજન ૧૬૧ મું.

ત્રિવેણીના તીરમારે,
મોતીડાંની હારરે. ટેક.
સાધુ જન નીજ હંસની હારો,
જેને હીરાનો છે અહારરે. ત્રિવેણી. ૧
સુરતી સીંહાસન પ્રેમ પાથરણા,
અવલ ઓસીકાં સારરે.
તાપર મારો સતગુરૂ બેઠા,
નીરખીને થઈ છઉં ન્યાલરે. ત્રિવેણી. ૨

અખે મંડલમાં રાસ રચ્યોહે,
થઇ રીયો થૈ થૈ કારરે.
રોમે રોમે રામ રમી રીયો,
અધર ખેલ નીરાધારરે. ત્રિવેણી. ૩
જમનાને કાંઠે જાદવો,
કૃષ્ણજી કીરતારરે.
મોહન સંગે મોરલી,
મધુરી કરે છે મલારરે. ત્રિવેણી. ૪
ભવ સાગરમાં બુડતાં,
મારો સતગુરૂ તારણ હારરે.
ત્રીકમ સાહેબ ગેબી ગાવે,
ખીમ ખલક કીરતારરે. ત્રિવેણી. ૫

ભજન ૧૯૨ મું.

દેખો બાવનકા ખેલરે,
દરસન બાર દેખ્યારે. ટેક.
બાહીર દેખ્યા ભીંતર દેખ્યા,
દેખ્યા અગમ અપારરે.
છાંયાથી ન્યારા મારા સતગુરૂ દેખ્યા,
પલપલ આવે મોરી પાસરે. દરસન. ૧

નાભી કમલસે આવે ને જાવે,
પલપલ હુવો પ્રકાશરે.
રણુંકાર જણુંકાર હોઇરીયા,
ઉનકા નામ અવાજરે. દરસન. ૨
ગેહેરી નોબત ગડગડેને,
ધીરપ રાખો ધ્યાનરે.
સુરતા ધરીને સાંભળોરે,
સોઇ વચન સુલતાનરે. દરસન. ૩
ક્ષમા તણા નેજા ખોડીયા ને,
નામ તણાં નીસાનરે.
ત્રીકમદાસ સત ખીમને ચરણે,
ગુરૂવે બતાવેલ જ્ઞાનરે. દરસન. ૪

ભજન ૧૬૩ મું.

પ્રેમે વીંધાણા મારાં પ્રાણરે,
સતગુરૂવે અમને મારેલ શબ્દોનાં બાણરે. ટેક
માન સરોવર મુકતા મોતી,
મરજીવા ચડે મેરાણરે. સતગુરૂવે. ૧
બાવન અક્ષરથી બારજ બોલે,
નહીં પોથી નહીં પુરાણરે. સતગુરૂવે. ૨

ઓહંગ સોહંગ પર અલખ બીરાજે,
બીન્તર પ્રગટ્યા રવી ભાણરે. સતગુરૂવે. ૩
ત્રીકમદાસ સત ખીમને ચરણે,
નેનુમાં ગડગડે નીસાનરે. સતગુરૂવે. ૪

ભજન ૧૯૪ મું.

સન્મુખ ડેરારે સાહેબ મેરા. ટેક.
હે તુજ માંહી સુજત નાહિં,
ગુરૂ બીન ઘોર અંધેરા અંધેરા અંધેરા. ૧
આ સંસારીયો સ્વપનેકી બાજી,
તામેં ચેત સવેરા સવેરા સવેરા. ૨
આવા ગમનકા ફેરા ટળીયા,
પલમાં હુવા નીવેરા નીવેરા નીવેરા. ૩
ત્રીકમદાસ સંત ખીમકા ચરનાં,
તોડ્યા જમકા જંજીરા જંજીરા જંજીરા. ૪

ભજન ૧૯૫ મું.

ભેદ ભરમના મારી ભાગીરે,
મનવો મારો વૈરાગીરે વૈરાગી. ટેક.
કુટુંબ કબીલાની કુડી છે માયા,
તુરત જોયું મેં ત્યાગીરે. મનવો. ૧

ત્રીવેણી ઉપર તાર મીલાયા,
જીલમીલ જ્યોંતિ માંઇ જાગીરે. મનવો. ૨
ઈંગલા ને પીંગલા સુખમણા ઉપરે,
અનહદ નોબત વાગીરે. મનવો. ૩
ખીમને ભાણુ રવી રમતા રામા,
અરસપરસ અનુરાગીરે. મનવો. ૪
ત્રીકમદાસ સત ખીમનાં ચરણાં,
ચરણ કમલમાં લે લાગીરે. મનવો. ૫

ભજન ૧૯૯ મુ

[મોરાર સાહેબના ભજન.]

સોહંગ સત લોક કે વાસી,
અબ મોહી ગુરૂ મલ્યા સુખરાશી. સંતોસોહંગ
સત શબ્દો સત ગુરૂ સમજાયા,
પરમ જયોતી પ્રકાશી. અબ મોહી ૧
નીરમલ જ્ઞાન નીજ નામ બતાયા,
આત્મ તંત અભ્યાસી. અબ મોહી. ૨
ત્રીવેણી સંગમ તાર મીલાયા,
સુરતી શબ્દ સમાસી. અબ મોહી. ૩
સુન શીખર પર ડેરા દીના,
બેહદ નાદ બજાસી. અબ મોહી. ૪

રજ મોરાર રવી ગુરૂ ચરણે,
જયોતીમેં જયોતી મીલાસી. અબ મોહી. ૫

ભજન ૧૬૭ મું.

જયાં પરમ ધામ પરમેશા,
કોઇ ચલો હમારે દેશા. ટેક.
ઉદય અસ્ત નહીં ઉત્પતી નાશા,
કરમ કાળ નહીં કલેશા. કોઈ. ૧
અનંત આદીત અખંડ ઊજીયાલા,
આવા ગમન ન અંદેશા. કોઈ. ૨
નીજાનંદ નાથ નીરાલંબ,
પાર ન પાવે શેષા. કોઇ. ૩
સુરનર મુની કરત હે સુમરીન,
ધરતા ધ્યાન મહેશા. કોઈ. ૪
અનંત સંત તત્વના દરશી,
રમણીક ભોમ રમેશા. કોઇ. ૫
રજ મોરાર રવી ગુરૂ ચરણુ,
હરદમ રહે હમેશા. કોઇ. ૬

ભજન ૧૬૮ મું.

મોહબત છોટી મનવા જોરે મરજાણા.
તેરે તેરે શીરપર જમરા જુરાણા. ટેક.
આ દીલ દાવે નહીં હંમકા ભરૂસા,
પ્રાણ પ્રદેશી પલમેં કરત પીયાણા. મો. ૧
જમરા જુરાના વારી મકર મુરાનાંરે,
કર હક બંનગી તું તો જપી લેજી ભાણા. મો. ૨
કયા કીયા આયકે કાંક હોય આગેરે,
કરેગા હીસાબ તબતો હોઇગા હેરાના. મો. ૩
મેરમ મુરશીદ મેહેબુબ બતાયારે,
તાહીકા તું સેવા સમરન કરલે સયાના. મો. ૪
રજ મોરાર વારીજી રવીકે ચરણેરે,
અજબ ગુરૂવે મીટાયા આવાગે માણા. મો. ૫

ભજન ૧૬૯ મું.

જરમર વરસે સતગુરૂ પરસે,
દરસે જરમર વરસે. ટેક.
નીરમળ નુન નેનુંકે આગેં,
પુરા નુરી પરસે.
જાગ્રત જોગી બ્રહ્મ રસ ભોગી,
ધ્યાન નીરંતર ધરસે. જરમર. ૧

બાહીર ભીંતર સુભ રસ ભરીયો,
કરીયા કરણી કરસે.
મનવશ કરીને મહા રસ પીવે,
અજર પીયાલા જરસે. જરમર. ૨
નામ નીરંતર દેવા સેવા,
ભક્તિ ભાવે ભળશે.
અરસ પરસ એક આતમ માંહી,
મન ચંગા હોઇ મળશે. જરમર. ૩
ગુણ અવગુણ તો ગ્રહે ન ગરવા,
જ્ઞાન હીમાળે ગળશે.
રેવે માંહી નીરાળા ખેલે,
કારણ કોઇક કળશે. જરમર. ૪
સકલ ધરમને સત કરી જાણે,
સોઇ નર તારીને તરશે.
રજ મોરાર રવી કે ચરણે,
ચરાણુંમાં કારજ સરશે. જરમર. ૫

ભજન ૧૭૦ મું.

(આરાધી.)

જીરે સત ધરમ રીહાંજીરે સાધુ,
ભક્તિ કરો ભાવે બ્રહ્મચારી. ટેક.
ધન્ય ધન્ય બીજ દીન થાવરરો,

ત્યાં જુગતીના જગન રચાયા. જીરે સાધુ.
પુન્યરો પાટ પ્રેમની પુજા,
ત્યાં કરણીના કળશ થપાયાજીરે સંતો. સત. ૧
આ તન અંચળો પાટ પાથરણું,
ચીતના ચોક પુરાયાજીરે સંતો.
શ્રદ્ધા શ્રીફળ સંતોષ સાધકા,
મન મોતીડે વધાયાજીરે. સત. ૨
ધ્યાનનો ધુપ દેવે ધણી આગે,
જયોતે જયોતું જાગી જીરે સાધુ.
જાગી જયોતી ત્યાં છોતજ નાંહી,
ભ્રાંતું ભરમના ભાંગી જીરે. સત. ૩
નમણું કરો ગુરૂદેવ નાથને,
પુરણ પંજા લીજે જીરે સાધુ.
જ્ઞાનની કોળી પૂરે સારી ગતમાં,
નીજાર પાવળ પીજે જીરે. સત. ૪
જતી સતી મળી મેળે માલો,
નીજીયા ધરમના નુરી જીરે સાધુ.
મહાવ્રત ધારીને પર ઉપકારી,
હુકમી બંદા હજુરી જીરે. સત. ૫
નર ને નારી મળી નીમજ લીજે,
મેહને વિખ્યા વારી જીરે સાધુ.
સીલ શ્રંગાર પેરો સામરો,

આપે આનંદકારી જીરે. સત. ૬
ભક્ત ભગવત સંગ ભક્તિ આવે,
ગુરૂ ચરણું ચિત લાવે જીરે સાધુ.
દાસ મોરાર કે સંત સતગુરૂ,
આવાગમન નહિ આવે જીરે. સત. ૭

ભજન ૧૭૧ સું.

ભીમ સાહેબના ભજન.

સુન લે સુખમન નારી,
મેં તો અજબ નામપર વારી. ટેક.
અજબ નામ હે સબસેં મોટા,
સોજ ખોજ સંસારી.
પરા પાર મેં અપરંમ દેખ્યા,
એસા હે ગીરધારી. મેં તો. ૧
અકળ ભોમ પર સકળ શ્યામ હે,
ગજ ગુણીકા ઉધ્ધારી.
ગરજે ગગનાં પ્રેમ તત્વસું,
પ્રેમ હેત કર પ્યારી. મેં તો. ૨
ધ્યાન ધાર કર સતગુરૂ શબ્દે,
હદ બેહદ વિચારી.
સુરતી કરલે ચૌદ લોકમેં,

આરપાર ધુન ન્યારી. મેંતો. ૩
સેજ સુનમેં ત્રીકુટી ધુનમેં,
અખંડ જ્યોત ગ્રહે સારી.
ભીમદાસ ત્રીકમકે ચરણે,
વેર વેર બલીહારી. મેંતો. ૪

ભજન ૧૭૨ મું.

આરતી

ઉઠત રણુકાર અપરંપારા,
અખંડ આરતી બાજે જણકારા. ટેક.
આપેં નર આપેં નારી,
આપેં બાજીગર બાજી પસારા. અખંડ. ૧
જલ મલ જ્યોતિ અખંડ ઉજીયારા,
નુર નીરંતર તેજ અપારા. અખંડ. ૨
સોળ વાલપર રતિ સરદારા,
ચૌદીશ બોલે વચન ચોધારા. અખંડ. ૩
સતગુરૂ ત્રીકમ સાહેબ હમારા.
આપેં બોલે બોલન હારા. અખંડ. ૪
કહે ભીમદાસ બ્રહ્મ સીંધુ ભારા;
બ્રહ્મજળ ભરીયા ભીંતર બારા. અખંડ. ૫

ભજન ૧૭૩ મું.

દાસ. જીવણજીનો પુછેલો પ્રશ્ન.

સેજે સાંયાજી મારૂં.
દીલડું ન માને દુબજાણું.
કહોને ગુરૂજી મારૂ,
મનડું ન માને મમતાળું. કહોને. ટેક
વાળી વાળીને મનને વાછલે મુરૂં વાલા.
પતળેલ જાય પરબારૂં. કહોને. ૧
ઘડી એક મનડું મારૂં કીડીને કુંજરવાલા,
ઘડીક ઘોડે ને ઘડી પાળું. કહોને. ૨
તીરથ જઇને જાણું તપશારે માંડુંવાલા,
પંચ ધુણી પરજાળું. કહોને. ૩
કામ કાજ મુને કાંઈ ન સુજેવાલા,
ખલક લાગે છે બધું ખારૂં. કહોને. ૪
આજ ગુરૂજી જાણે ઓરડા ચણાવું વાલા,
રૂડડા રામ રીજાવું. કહોને. ૫
દાસી જીવણ સત ભીમનાં ચરણાંવાલા,
સરજ્યું હશે તો થાશે સારૂ. કહોને. ૬

ભજન ૧૭૪ મું.

ભીમ સાહેબનો ઉત્તર.

જીવણ જીવ જીયા રાખીયે,
વાગે અનહદ તુરરે.
ઝીલમીલ જયોતું જળ હળે,
વરસે નીરમળ નુરરે. જીવણ. ટેક
પાંચ તત્વને તિન ગુણ,
પચવીસાં વિચારીરે.
મથન ગોતોને મુળમાં,
તત્વ લેજો તારીરે. જીવણ. ૧
ગંગા જમુના સરસ્વતીરે,
ત્રિવેણી ને ઘાટેરે.
સુખમન સુરતા રાખીયેં,
વળગી રહીયે વાટેરે. જીવણ. ૨
આણી આગર પર એક છે,
હેરો રમતા રામારે.
નીસદીન જીરઓ નેનમાં,
સતપુરૂષ સામારે. જીવણ. ૩
અધર જણુકારા હોઇ રીયા,
કરબીન વાજાં વાગેરે.
સુરતા ધરીને સાંભળો,

ધુન ગનમાં ગાજેરે. જીવણ. ૪
નુરત સુરતની સાધના,
પ્રેમી જન કોઇ પાવેરે.
અંધારૂં ટળે એની આંખનું.
નુર નજરે આવેરે. જીવણ. ૫
સંદેસો સત લોકનો,
ભીમ સાહેબે ભેજ્યોરે.
પત્ર લખ્યો ગુરૂવે પ્રેમનો,
જીવણ લગનેથી લેજોરે. જીવણ. ૬

ભજન ૧૭૫ મું.

(જીવણદાસના ભજન.)

સો જોગી જાવે ગગન મંડળ ઘરમાય.
ઈંગલા પીંગલા સુખમેન સાધી,
ઉલટા પવન ચડાયા. સો જોગી. ટેક
આશનવાળી બેઠા અબધુ,
તકીયાં તીયાં ટકાય. સો જોગી. ૧
સબ ઘટમેં એક સાહેબ દેખ્યા,
નજર ભરમના નાંઈ.
હરખ શોક વ્યાપે નહી તનમાં.
એસી અદલ ચલાઈ. સો જોગી. ૧

અખંડ લીલા ખંડીત નાહી ખંડમાં,
પ્રેમે પ્રીત લગાય.
આઠ પહોરકા હુવા આનંદા,
કાળ કછું નહિ ખાય. સો જોગી. ૩
સોહંગ ઘર જાવે સંત સુહાગી,
બીક કછુવે નાહી.
દાસ જીવણ સત ભીમકાં ચરણાં,
અટળ અભે પદ પાઇ. સો જોગી. ૪

ભજન ૧૭૬ મું.

લે જોગેશ્વર લેરે.
ગગનાંમાં ધ્યાન ધરી તું લે. ટેક.
અબધુ જાડ અનોપમ દેખ્યા,
અષ્ટ કમળ દો ડાળી.
ઉન ઘર તો એક જોગી બેઠા,
ઉનમુંન આસન વાળીરે. ગગનાં. ૧
ગમકર ગમકર દેખ ગગનમાં,
અનહદ વાજાં વાજે.
ઉંન ઘર જનનન જાલર બાજે,
ધનનન નોબત ગાજેરે. ગગનાં. ૨
ઉલટા સુલટા આસન કરલે,

ગગનાળનાં જાગી.
સુખમણાં રા રાહ ચલાયા,
ભરમર પ્રેમની પ્યાસીરે. ગગનાં. ૩
સહુત પુરૂષ જોગી બહુ રંગી,
નજરે લેતું ન્યાળી.
દાસ જીવણુ સત ભીમકા ચરણાં,
તનડામાં લાગી છે તાળીરે. ગગનાં. ૪

ભજન ૧૭૭ મુ

જા સોહાગણ જારે,
ગગનાંમાં જયોત જલતહે. જા. ટેક.
જા સોહાગણ જા સોહાગણ,
ઓ ઘર કરલે વાસા.
સુગરા હોય સો ભર ભર પીવે,
નુગરા જાય પીયા સારે. ગગનાં. ૧
કોટીક ચંદા જગ મગે,
માય કોટીક ઉગ્યા સુર.
કોટીક દીપક દેખીયાસે,
સતગુરૂ પાયા હજુરરે. ગગનાં. ૨
અનહદ વાજા ઓ ઘર વાગે,
શોભા બની છે સારી.

નુરતે સુરતેં એ। ઘર ન્યાળો,
ત્રિવેણી એક તારીરે. ગગનાં. ૩
એકસેં આયા દુજે સમાયા,
તિસરા ઘરકુ પાંચા.
દાસ જીવણુ સત ભીમકાં ચરણાં.
ગુરૂ મુખ ભેદ બતાયારે. ગગનાં. ૪

ભજન ૧૭૮ મું.

ગગન મંડલમાં, ટેક.
ગડ ગડ અનહદ વાગેરે હેજી.
દેખો જોગેશ્વર,
જનનન જનનન જન વાગેરે. અબધુ ગગન. ૧
નુર નીરંતર નજરેં નીરખ્યા,
સતગુરૂ બેઠા છાજેરેજી.
બહુ રંગી માંઈ બાજાં વાગે,
વાવા મોરલી વાજે વાજેરે. અબધુ ગગન. ૨
નટવા હોકે નાચ નચાઇ લે,
દોર બાંસ બીન બાજેરેજી.
ત્રગડે ચોટ સાંધલે સાચી,
નીરભે ગુરૂ નીવાજે નીવાજેરે. અબધુ ગગન. ૩
મન પવનકાં તાર મીલાઇ લે,

દેખો ઓ દર વાજે રેજી.
અખંડ જોગી અનઘડ બોલે,
બંગલે સોઇ બીરાજે બીરાજે. અબધુ ગગન. ૪
ઓહુંગ સોહુંગ કી ઓખદ કરલે,
પાળ બાંધલે છાજે રેજી.
દાસ જીવણ સત ભીમકા ચરણાં.
ભય ભરમના ભાજે ભાજેરે. અબધુ ગગન. ૫

ભજન ૧૭૯ મું

અબધુ રણ રણ રણ રણ વાગેરે,
ગગન મંડલ ઘર માંઇરે. ટેક.
અનભે નાદ અખંડ ધુન ગાજે,
જલમલ જયોતી જાંઇરેજી.
ઘનનન ઘન હુવા ઘનકારા,
તખીઆ તીયાં ટકાઇરે. ગગન. ૧
એક જોગેશ્વર વાં ઘર બેઠા,
ઉનસેં કર ઓળખાઇ રેજી.
અટળ અભંગી તો પદ પાવે,
સુરતા તીયાં ચડાઇરે. ગગન. ૨
મુકતા ફળ પ્રેમકા મેવા,
વીણુ વાદળ વરસાઇ રેજી.

ચાર સરોવર સુભર ભરીયા,
નીત નીત અબધુ નાઇરે. ગગન. ૩
ભેટા ભીમ ભરમનાં ભાગી,
એ ઘર દીયા ઓળખાઈ રેજી.
દાસ જીવણ સત ભીમકા ચરણાં,
ગુરૂ મળ્યા ગુસાંઇરે. ગગન. ૪

ભજન ૧૮૦ મું.

આજોને ગગન માંરે,
ગોટકા ખેલે છે જ્ઞાની, આજોને ગગનમાં. ટેક
અટળ અભંગી એવા,
પુરૂષ અલંગીવાલા,
દસમેં દ્વારે મેંતો,
દેખ્યારે દીવાના જ્ઞાની. આજોને. ૧
ઈંગલા ને પીંગલારે,
સુખમના સાંધી લે.
જાલમ જોગેશ્વર તેતું,
જોવાને જાને રેજાની. આજોને. ૨
અગમ ખડકી ખોલી,
જોને અસમાને.

ઉલટા આકાસેં ચડી,
લેને તું પીછાની જ્ઞાની. આજેને. ૩
દાસ જીવણ સંતો,
ભીમ કેરા ચરણાં.
માલમ જોગેશ્વર મળ્યા,
મજરાતો લીધા છે માની. આજેને. ૪

ભજન ૧૯૧ મું.

[પ્રેમસાગરના ભજન.]

નથી વાત કાંઈ નાની,
એ ઘર ગુરૂકા જ્ઞાનીરેજી. ટેક.
હંસા ને બગલા હુવા હેડલા,
હંસે હંસાકી ગતી જાણીરેજી.
સલીલ ગતિમાં સમજ્યો નહી,
સીલર ચાંચ ઠેરાણી, એ ઘર. ૧
મધ્ય સાયરમાં વસે છીપ.
તે અનંત જળે ઉભરાણી રેજી.
ઓર નીરકી આશા નાહી,
પીયે શ્વાંતિ જળ પાણી. એ ઘર. ૨
સંસાર સાગર સાધ છીપ,

માંહી શબ્દ શ્વાંતિ જલ પાણીરેજી.
હરદમ હીરલા બોલ મુંહસે,
મોતન મણી ઠેરાણી. ઓ ઘર. ૩
ગાજયા ગગનાં ભયા મન મગનાં,
બંકનાલ રસ આણીરેજી.
પ્રેમને ગુરૂ જીવણ ભેટયા,
ઠીક નશાં ઠેરાણી. ઓ ઘર. ૪

ભજન ૧૮૨ મું.

એસા સતગુરૂ સાહેબ મેરા જાકા, ટેક.
લગ્યાં ગગનમેં ડેરાજી.
પેઠ પીચાળ બજનકા ગોટા,
ખુબ ખેંચ્યા ખીરા ખીરારે,
દંમ દંમસે મોહી દરશ બતાયા.
ભરૂં પવનસેં ભેરાજી. એસા. ૧
સુરતેં નેડા નીજ નામસેં કીનો,
સુરતેં શબ્દકું હેર્યાજી,
સુનમેં ચક્કર દીયા સાળંગા,
પરી બ્રહ્મસેં ભેરાજી. એસા. ૨
વા ઘર વક્ષ એક અનોપમ,
દ્વાદશ પ્રગટી ડાળીરે.

તીન ભુવન પર તખત ગુરૂકા.
પિંડ બ્રહ્માંડસેં પારાજી. એસા. ૩
કેણુ કથણુમેં કણુ ન આવે,
પાંચ રંગસેં પારારે.
પ્રેમને ગુરૂ જીવણુ ભેટયા,
નેડા નામકા ન્યારાજી. એસા. ૪

ભજન ૧૮૩ મું.

દેખો સંતો ત્રિવેણીના આરારે,
બ્રહ્મ ભેદ તો જુગસેં ન્યારા. ટેક.
કથા મથાનો પાર ન આવે,
વેદ પુરાણ મર વાંચે ભારા રેજી.
રીદ્ધી સીદ્ધી કામીને પાખંડ,
કરે મર લક્ષ હજારારે. બ્રહ્મ. ૧
તપ કરી કરી દેહી દમે તબ,
રાજ પાવે નીરૂધારા રેજી.
મુવા પછી મુક્તિ નહિ ઉનકી,
ચોરાશીમેં ઉતારારે. બ્રહ્મ. ૨
દશમેં મોહોલે સેવા ચડવાં,
ઝાલરના જણુકારા રેજી.

સુરતે સુરતે ગુરૂ મુખ નીરખો,
ઓ ૨૬ બાવન બારારે. બ્રહ્મ. ૩
અનહદ વાજાં ઓ ઘર વાગે,
ઘનન ઘોર ગુંજારા રેજી.
પ્રેમ કહે મેરા મનવા વાંહે,
નામ રૂપ ચોધારારે. બ્રહ્મ. ૪

ભજન ૧૮૪ મું.

દાણ ન માગે દાણી,
સતગુરૂ સાહેબે લખી પરવાની રેજી. ટેક.
અહોનીશ આજો મારે નેડલે આવે,
બરકી બોલાવું બાની રેજી.
રામ નામની રઢ જેને લાગી,
નશાં પોંચ્યા નીરવાણી. સતગુરૂ. ૧
ઈંગલા પીંગલા ઉનકી અધવીચ,
ધ્યાન ધરી લે ધ્યાની રેજી.
લઇ પવના ગગનામે જાવે,
ઉલટ ચડે અસમાની. સતગુરૂ. ૨
નજરે આયા મેરી નજરે આયા,
હરદમ હીરલા ખાણી રેજી.

સત શબ્દનાં સુખ જેને લાધ્યાં,
તેણે વાત મેરી માની. સતગુરૂ. ૩
ઘોર ઘણુંકા વીજ ચમુંકા,
સુરતી શબ્દમેં સમાણી રેજી.
પ્રેમને ગુરૂ જીવણ ભેટયા,
ગાયા ગગન નીશાની. સતગુરૂ. ૪

ભજન ૧૮૫ મું.

સત સતગુરૂજી પાયા,
સંતો મેરા ભુલ્યા દીલ સમજાયા રેજી. ટેક.
ગુરૂવેં કીયાને મેં સાંભળીયા,
નુરતેજ નીરખીયારે.
સુરતા જઈ ઊંન શહેરમાં પોંચી,
ગગન મંડલ ગરજાયા રેજી. સત. ૧
સતકું સંધ્યા દોઉકું બંધ્યા,
નવરી વ્રત પર આયારેજી.
ઉલટ સુલટ કરી ચડયા અસમાને,
ત્યારે આપમેં આપ સમાયાજી. સત. ૨
સુન શીખર પર સતગુરૂ મળીયા,
દેવ તીયાં દરસાયારે.

દંમ કદંમ ત્યાં ડગતા થાકયા,
સૂર સસીયર બીસ આયાજી. સત. ૩
આઠ પ્હોર ત્યાં વાગે આનંદી ઘણી,
મોતીડે મંડપ છાંયારે.
પ્રેમને ગુરૂ જીવણુ ભેટયા,
ત્યારે નેડા નામકા લગાયાજી. સત. ૪

ભજન ૧૯૯ મું.

વીસરામના પદ.

આજ આનંદ મોહી આયા,
સતગુરૂ ભીતર ભેદ બતાયા રેજી. ટેક.
ઓહં અજંપા જાપ લગાયા,
સુરતિ સુન ઘર લાયા રેજી.
ઈંગલા પીંગલા આશન ઉપર,
સુખ મન ધ્યાન લગાયા. સતગુરૂ. ૧
રંણુકાર મેં રંગ મીલાયા,
ત્રિકુટી તાર સંધાયા રેજી.
ભમર ગુફામેં ભમર ગુંજત હે,
અનહદ નાદ બજાયા. સતગુરૂ. ૨
શાંમ સફેત લાલ રંગ લીલા,
પીળાં રંગ પરખાયા રેજી.

એ સબ પાંચ તત્વ કે ગુણ હે,
ઉસ પર આત્મ પાયા. સતગુરૂ. ૩
બાહીર ભીંતર સબ ઘટ દેખ્યા,
દુતીયા ભેદ મીટાયા રેજી.
કહે વીસરામ ભયા મમ મગના,
પ્રેમ ચરણ ગુણ ગાયા. સતગુરૂ. ૪

ભજન ૧૮૭ મું.

પ્રેમે દીયા પરવાના,
અબ મન મગન ભયા મસ્તાના રેજી. ટેક.
સીલ સમશેર બુદ્ધીકા બકતર,
ધીરપ ઢાલ ધરના રેજી.
કીયા કટાર કમર પર બાંધી,
ગમન ચડ્યા સુલતાના. અબ મન. ૧
અધર તખ્ત પર આસન કીના,
સુરત સુરત નીશાના રેજી.
અનહદ ધુંન અખંડીત બાજે,
જલમલ જ્યોત દરસાના. અબ મન. ૨
અહોનીશ ખેલે આત્મ દરશી,
હોવે બ્રહ્મ સમાના રેજી.
બાહીર બીતર સબ ઘટ વ્યાપક,

અલખ પુરૂષ ઓળખાના. અબ મન. ૩
સન્મુખ સતગુરૂ સચરાચર,
નેંન કમલ નીરખાના રેજી.
કહે વીસરામ પ્રેમકા બાલક,
સંત ચરણુ સુખ ધ્યાના. અબ મન. ૪

ભજન ૧૮૮ મું

દેખ અધર જણુકારા,
જાકા ભેદ વેદથી હે ન્યારા રેજી. ટેક.
સતગુરૂ આયા શબ્દ સુનાયા,
તંત મીલા એક તારા રેજી.
હરદમ ધ્યાન લગ્યા હરદમમેં,
ખુલ ગયા અગમ દુવારા. જાકા. ૧
સુન શિખર મેં ધુન લગાયા,
સોહં શબ્દ પસારા રેજી.
જલ મલ જ્યોતી જાગ રહી નીશદીન,
સાહેબકે દરબારા. જાકા. ૨
સુરત સુરતસેં નીરખે જોગી,
જે સતગુરૂકા પ્યારા રેજી.
ગુરૂગમ બીન જો ખોજન જાવે,
સો નર હોત ખુવારા. જાકા. ૩

કહે વીસરામ નેંનસેં નીરખ્યા,
સતગુરૂ પ્રેમ હુમારા રેજી.
સચરાચર ભર્યા ભરપુરા.
અજર અમર અવતારા. જાકા. ૪

ભજન ૧૮૯ મું.

ધીરાના પદ.

[રાગ કાફી]

(અવળવાણી)

પ્રગટ ખેલ ખેલુ રે,
દેદાર તને દેખાડું.
મૃત સજીવનરે.
મહા મંત્ર સહેજે શીખવાડું. પ્રગટ. ૧
વિના પાંખ ઉડુ અસમાન પર,
ચર્ણ વિના મેરૂ ચડું.
નવસેં નવાણું એક ઘર આણું,
સીંધુ કુદી પાર પડું.
સાડા ત્રણ કરોડ રોમનેરે,
રમત કુડી રમાડું. પ્રગટ. ૩
પાવક વરસાવી પાપાણુ પલાળું.

સાત વૈકુંઠ ને તારૂં.
જળ મધ્યે જંલધર ધીકાવું,
મરે નહિ તેને મારૂં.
ચૌદને ચેતાવું રે,
પંદરે રહી પાર પાડું. પ્રગટ. ૩
કહો તો વિના અર્ક કરૂં અજવાળું,
મહા નિધિમાં માણું.
શિવ વિરંચી વિષ્ણુ વિવેકે,
ત્રણેને તારી અહીં આણું.
એક સંગે આનંદરે,
ભણેલાં એને ભુલવાડું. પ્રગટ. ૪
વિના બુદ્ધીએ વૈદ બનું ધન્વંતર,
કાયા કરૂં નિરોગી.
સતજુગ દ્વાપર ત્રેતાને કળિયુગ,
ચાર જુગના અમો જોગી.
ધીર ધર ધારણુરે,
સિંધુ ગઢમાં સંતાડું. પ્રગટ. ૫

ભજન ૧૯૦ મું.

રાગ ઉપરનો.

(વર્ણન.)

બ્રહ્માનંદ ભાસ્યોરે,
આત્મા અનુભવજ પોતે,
સોહં શબ્દ સાધનરે.
પ્રગટે પોતામાંથી પોતે. બ્રહ્મા. ૧
એકવીશ હજાર છસેં ઉઠે અજંપાજપે,
બ્રહ્મા વિષ્ણુ શિવ દેવ.
ચૌદ બ્રહ્માંડ જપે જડ ચેતન,
સિદ્ધ સાધક કરે સેવ,
સુરનર સાધેરે,
જેને જ્ઞાની મુની ગોતે. બ્રહ્માનંદ. ૨
રવિના તેજ વડે રવિ રૂપ ભાસ્યું,
મણિને તેજ મણી જ્યોત.
આત્માને તેજે આત્મા ઓળખાયો,
ઉગ્યો અંતર અર્ક ઉદ્યોત.
થયું અજવાળુંરે,
વસ્તુ મળી મનમાં તે. બ્રહ્માનંદ. ૩
પંદરમી ભુમિ રમે પુરણ બ્રહ્મ,
ખેલે અખંડ નિશદિન.

શૂન્ય શિખર મઠ અનહદ ગડગડે,
ઉન્મુનીએ મંન મગ્ન.
પાળ બાંધી પોતેરે,
પ્રીત બાંધી ચિત્ત પોતે. બ્રહ્માનંદ. ૪
આળ પંપાળ કાળજે મર્યાં મટમટી,
ઉલટ પુલટ ચોટયું ચિત.
જે જેમ હતું તેમનું તેમ થયું,
રહ્યું આનંદ પદ અદ્વૈત.
ધીર મરજીવારે,
અણુ છતાં રમે અણુ ઓથે. બ્રહ્માનંદ. ૫

ભજન ૧૯૧ મું.

રાગ ઉપરનો.

શુણુ શિષ્ય શાણારે,
ભાગું તારી ભ્રમણ મતિ.
બુદ્ધિ અનુસારેરે,
ગાજીને કહું જેવી ગતિ. શુણુ. ટેક
જેમ કેરીથી આંબો થયો,
ને આંબાથી થઈ કેરી.
મેરી એતો મર્દજ બડીયે,
મરદે બડી બાઈ મેરી.

ન લહેરી જળ જુદાંરે, .
એક એક વતી વતી. શુણુ. ૧
નભચર કેરી ગતિ ન થાયે,
વિના બન્ને પાંખ.
ત્રય લોક કે યમ દ્રશ્ય સંતને,
હોય ન જ્ઞાની આંખ.
પક્ષ એક ખોટોરે,
જુઠ નહી રતી રતી. શુણુ. ૨
જ્ઞાન કર્મ વડે મોક્ષો પાસન,
નહીં એકે નિર્ધારી.
કર્મ મુકી એક જ્ઞાન ગ્રહે તેણે,
ઉતરે નહીં ભવપાર.
વાર વાર કહીએરે,
અમે સત્ય મથી મથી. શુણુ ૩
જેમ જલનિધિ જલધર રૂપે,
જલધર રૂપે જલરજ.
ઉભય મળ્યા વિણુ વૃષ્ટિ ન દર્શે,
થાય ન સૃષ્ટિનુ કાજ.
ધીર વીર ધારોરે,
એક શ્રેય નથી નથી. શુણુ. ૪

ભજન ૧૯૨ મું.

રાગ ઉપરનો.

બોધ.

આત્મ તત્વ શોધોરે,
જ્ઞાની જન ગોતો ઘરમાં.
બોલે તે નહીં બીજોરે,
ઓળખી લેજો અંતરમાં. આત્મ. ટેક.
વિશ્વંભર દરીઓ સભર ભરીયો,
માંહિ રવિ શશિ તેજની જયોતી.
શૂરા પુરા તારા એ જળમાં ઝંપલાવે,
કોઇ મરજીવા લાવે મોતી.
કોઇ પહેરે પનોતીરે,
અખંડ ચૂડી કરમાં. આત્મ. ૧
કાગડાં બગલાં હોલાં કાંઠે,
હરિઓ તો જડે નહી આરે.
માન સરોવર માંહિ મુક્તાફળ,
કોઇ હંસ ચરે તેને ચારે.
ખીર ને નીર ભેળાંરે,
જુજવાં કરી પીયે પળમાં. આત્મ. ૨
સદગુરૂ સંગતમાં જે જન સમજે.
તેનું નિશ્ચે થાશે કાજ.

દર્પણ તન દર્શે પોતાનું.
એમ માંહિંથી મળે મહારાજ.
પોતાને પોતે પરખોરે,
ભર્યો સભરા ભરમાં. આત્મ. ૩
હરિ ગુરૂ શિષ્ય સ્થિર રૂપ તે,
જંત્ર વાજીંત્ર બજાવે.
શબ્દ ઘટાવ લક્ષણી મધ્ય ડોલે,
હરિ નાદે નામ તે ઘર આવે.
ધીર સુખ સાગરરે,
નિરખો નિજ અંતરમાં. આત્મ. ૪

ભજન ૧૯૩ મું.

રાગ ઉપરનો.

શરીર વિના શો ધનરે,
પાર કોઇ આવે નહી.
મલોખાં મીઠાં લાગેરે,
સ્વાદ કાંઇ આવે નહી. શરીર. ટેક.
થડ મૂકી ડાળે વળગેતો,
ટોચે કેમ ચઢાય.
અધવચથી જો પાંખડી તૂટે,
પાછો આવીને પછડાય.

સંગત સમ સમજોરે,
ચંઠાને થડ મુળ ગ્રહી. શરીર ૧.
શાસ્ત્ર પુરાણના મત જુજવા,
ઘણા કરે સંવાદ.
બત્રીશ ભોજન રૂડી રસોઇ બનાવી,
ચાટવાને શાનો સ્વાદ.
વારી વલોણુંરે,
નહી માખણ ને મહી. શરીર. ૨
નથી જમ્યો ને નથી જમાડયો,
દીઠા વિના ચલવે જૂઠ.
પારકા મોદિકનો સ્વાદ વખાણે,
એતો મીથ્યા માથા કુટ.
વિવેક વિના વસ્તુરે,
વિચાર વિના દુર રહી. શરીર. ૩
અંતર ઘરમાં આણી ઉછાળો,
નિહાળો નિરંજન નુર.
મરજીવા એ મર્મજ જાણે,
ભરપુર ભર્યા નથી દુર.
ધુરંધર ખેલે ધીરારે,
લક્ષણ વંતે એ લહી. શરીર. ૪

ભજન ૧૯૪ મું.

અખાના ભજન.

નુરત સુરત ચાલી સુંનમાં,
મહા ધુંનમાં માઇજી.
દેવ ચક્ષુ થઈ દોજણી,
કળા કારમીક જોઇજી. નુરત. ટેક
નુરીજન આગેં નટડી,
નીરાધારે ખેલેજી.
સુરત ન ચુકે સુંદરી.
ધરણી પાંવન મેલેજી. નુરત. ૧
તખ્ત ત્રિવેણી ત્યાગી કરી,
ગુરૂગમ પર આઇજી.
નાથજી આગેં નાચ કરી,
પદ્દા અમર લખાઇજી. નુરત. ૨
ગગન મંડલના ગોંખમાં,
અનહદ નાદ ધુરાયાજી.
માવો વગાડે મીઠી મોરલી,
અનભે ઘર પાયાજી. નુરત. ૩
ઓહું સોહુંની સીડીએ,
સન્મુખ ઊભા સ્વામિજી.
કહે અખો ગુરૂના દેશમાં,
આપેં આપ અનામિજી. નુરત. ૪

ભજન ૧૯૫ મું.

જાગો જાગોરે મોટા મુનીવરા.
સેજે સતગુરૂ પાયાજી,
રણુંકારની ધુંનમાં,
મનવા તામેં મીલાયાજી. જાગો. ટેક
નાભી કમલ પર નેજા ફર હરે,
ઉઠે શબ્દ સવાયાજી.
ત્યાં અવિનાશીકા ધામ હે,
હંસે વાસ વસાયાજી. જાગો. ૧
ઈંગલા પીંગલા સુખમનાં,
ત્રિવેણી રસ લાયાજી,
વંક નાળ ઉલટી વહે,
દસમે દ્વાર સમાયાજી. જાગો. ૨
સુન પંથી સુન આકાશહે,
સુન સંતકી છાંયાજી.
તન તુટે મન કયાં ગયા,
નીજ કહાંરે સમાયાજી. જાગો. ૩
ગગન મંડલકું મેં કયા કરૂં,
કયા કરૂં સુંન સવાયાજી.
કયા કરૂં એ હંસકું,
એક દીન સબ પર છાયાજી. જાગો. ૪

અવિનાશી વણસે નહિ,
વણસે સોહી માયાજી.
કહેરે અખો અગાજ હે,
આતમ વિરલે પાયાજી. જાગો. ૫

ભજન ૧૯૬ મું.

વીરારે લેઓ વસ્તુ વિચારી,
આકાશથી આઘેરૂં ચાલવુ.
શું બેઠા છો હારી. વીરા. ટેક.
પવન તેજ ને પૃથવી,
અંબર ને અંબુ.
એ પાંચનો ભાગ સમાવતાં,
શેષ રહે ને સ્વયંભુ. વીરા. ૧
વાદ વિવાદ ના કીજીએ,
આદરમાં રહીએ.
ચતુરપણે ઘણું ચુકીએ,
મૂળ ગેથા જઈએ. વીરા. ૨
સુક્ષ્મ થી સુક્ષ્મ થતાં,
આવે વસ્તુનો નેડો.
ગુણ વડે ગરવો થતાં,
સામું જાયે હેઠો. વીરા. ૩

ગુણાતિત ગોવિંદ છે,
ગુણી કેમ પામે.
શલ્યા સહિત તરી જવું,
જેમ આરે સામે. વીરા ૪
આપ સમાવોરે વ્યાપમાં,
વ્યાપ આપમાં ગાળે.
અણુલિંગી લિંગ લેહુ કરે,
તે તો એણે રેટાળે. વીરા. ૫
અણ છતું છતું થતાં,
છતું લય થાયે.
જીવ તણું જડતા પણું,
એતો જાગ્યેરે જાયે. વીરા. ૬
ભુત અધ્યાસી ભવ ભમે,
ચૈતન્ય ચિત્ત ધારો.
સર્વાતિત ઓળખે અખા,
જે હોય ખોલન હારો. વીરા. ૭

ભજન ૧૯૭ મું.

સંતોરે હેવે ડંકા દીધા,
મનવાણી પહોંચે નહી.
તે ઘર સહેજે લીધાં. સંતો. ટેક

ઘેન ઘુંઘટમાં ઘેરાયો.
કાયા માયા ને ધાવે.
ઘટરે ઘુંઘટ અળગો કર્યો,
સૈયાં આપે બોલાવે. સંતો. ૧
ચિંતામણી એક વૃક્ષ છે,
જઈ ગગનમાં મોર્યો.
ફુલ લાગ્યાં ફળ વિસ્તર્યાં.
ત્રણ ભુવનમાં ફોર્યો.
કુશલ જપવોરે રામનો,
ગળવો પાનનો બીડલો.
રંગ સો રંગ લાગ્યા વિના,
બાધો નવ ગણવો. સંતો. ૩
પૃથવી વિના પગ પરઠવો,
વણ વાટે દીવો.
જે ઘર સુઝે ન મુઆ પછી,
તે ઘર જીવતા જુઓ. સંતો. ૪
કાયા કાષ્ટ હુતાશની,
મથ્યા વિના ન સુજે.
ક્ષર અક્ષર ને ઓળખો,
પદ અખોજી બુઝે. સંતો. ૫

ભજન ૧૯૮ મું.

નરસીહ મહેતાના પ્રભાતીયા.

રાગ પ્રભાતિ.

જયાં લગી આત્મ તત્વ ચીન્યો નહિ,
ત્યાં લગી સાધના સર્વે જૂઠી.
મનુષ્ય જન્મ તારો એમ એળે ગયો,
માવઠાંની જેમ વ્રષ્ટિ વૂઠી. જયાં લગી. ૧

શું થયું સ્નાન સેવાને પુજા થકી,
શું થયું ઘેર રહી દાન દીધે.
શું થયું ધરી જટા ભસ્મ લેપ ન કરે,
શું થયું લાલ લોચન કીધે. જયાં લગી. ૨

શું થયું તપ ને તિરથ કીધાં થકી,
શું થયું માળ ગ્રહી નામ લીધે.
શું થયું તિલક ને તુલસી ધર્યા થકી,
શું થયું ગંગ જળ પાન કીધે. જયાં લગી. ૩

શું થયું વેદ વ્યાકરણ વાણી વદે,
શું થયું રાગ ને રંગ જાણે.
શું થયું ખટ દર્શન સેવા થકી,
શું થયું વરણુના ભેદ આણે. જયાં લગી. ૪

એ છે પ્રપંચ સહુ પેટ ભરવા તણા,
આત્મા રામ પરિ બ્રહ્મ ન જોયો.
ભણે નરસૈયો કે તત્વ દર્શન વિના,
રત્ન ચીંતામણી જનમ ખોયો. જયાં લગી. ૫

(મહાત્મા સુખારામના ભજન.)

સાખી

હાલો ભગતો ભમોદરે, સેવીએ રામાપીરના ચરણ,
જોઓ મટે આ જીવને, ટળે જનમ મરણ. ૧

સાખી

વેલુડો તારો લીંબડો, નતના હડ હડે નુર,
પ્રગટ રામો પીર પધારીયા, દરદર કર્યા દુર. ૨

તારી વાડી તુ ધણી, લીલી રાખે નાથ,
ઓરામાંથી ઉગારજે, આડા દેજો હાથ. ૩

પીરે બાંધી પાંજ, ઊડે જલે અજમલરા,
જલ ડુબંતા જાજ, રમતા કર્યા પીર રામદેજી. ૪

ભજન ૧૯૯ મું.

અરજ અજમલરા કાન ધરો,
કીરતાર વેદ વદે છે અધમ ઓધારણ આપ. ટેક.

જે ટાણે જમ જોર બતાવે,
તે ટાણે તતકાળ.
અમર ઘોડે અસવાર થઈને,
શ્યામ કરો સહાઈ વેદ વદે છે. ૧
જો કહાપી ત્રીકમ તમને,
વીઠલા લાગે વાર.
બેડી મારી બુડવા લાગી,
અલક પલકની માંય,
હરી તમે આવે મારી સરવે ચીંતા સમાઈ,
વેદ વદે છે અધમ ઓધારણ આપ. ૨
હા કઈ હરી હાથથી સારો,
ઠીક એતે ઠામ ગ્રહને મારી.
ને ગજને ઉગારયો,
આદું તણી ઓલખાણી.
પોતાનો જાણી પરમેશ્વર પકડી બાંઈ,
વેદ વદે છે અધમ ઓધારણ આપ. ૩
અવીચલ આપો અનભે ભક્તિ,
ચરણ કમલની સેવ.
જલમો જલમ જુગ જીવન છુટે નાંઈ,
વેદ વદે છે અધમ ઓધારણ આપ. ૪
સ્નેહ સંકટ કટી જાવે,
સુખદાસ કહે એહી અરજ.

અજમલરા કાન ધરો,
કીરતાર વેદ વદે છે અધમેં ઓધારણ આપ. ૫

ભજન ૨૦૭ મું.

તું વર વંસ તીલક તું દત્ત, ટેક.
એક અરજ પીર સુન મેરી.
મેં અભીયાગત ચરને આયો,
બાંય પકડ જબ નેરી. રાઠ. ૧
ઓર ઉપાસના અલગી કરી.
આસા રાખું એક તેરી.
સોહંગ શબ્દ સેં ચડું આકાશે,
જીયા નોબત વાગે ઘેરી. તું વર. ૨
જરા મરણકા જોર ન ચાલે,
ત્રાસ નહિ ત્યાં જમ કેરી.
ઉસ દેશકા આપો પરવાના,
તેરા તખ્તકું લહું હેરી. તુ વર. ૩
ઉસ દેસમાં અનભે રહીને,
ઓલંગ કરૂ આઠે પેરી. તુ વર. ૪
અલક જગાવું મોજ પાવું,
નીજ નામસેં લહું હેરી. તુ વર ૫
અચલ ચળું નહિ અમર દેસસેં,

અખે મંડલમાં અણુદે રહી. તું વર. ૬
સુખદાસ ચરનું કે ચાકર,
મેર કરો પીર મુજા પેરી. તું વર. ૭

સુખરામના શીષ્ય નાજા ભગતના પદ.

ભજન ૨૦૧ મું.

જેરામા પીર જેરામ પીર રણું જાનાંરાઇ,
અજમલ દેરે જનમ લીયો;
વીરમ હેના ભાઇ. ટેક.
દુવારકાથી ચડા રામો,
ચાલી રણુજા જાય.
ભાઠી હરજીપર મેર કરી,
જડપ જાગ્રી આંઇ. જેરામ પીર. ૧
લીલો ઘોડા ને લીલા નીસાન,
ઉપર છતર છાંઇ;
હરિજન બેઠા ગુણ ગાઇ,
સંતની સભાઇ. જેરામ પીર ૨
મન મારીને મહારાજને ભજે,
સત ચરણે જો થાય;
દુનીયામાં ડંકો દઇને,
પરીબ્રહ્મને પાય. જેરામ પીર. ૩

ધન માતાને ધન પીતા,
ધન રણુજાના રાય;
ગુરૂ સુખરામને ચરને આવી,
દાસના જે ગુણ ગાઈ. જેરામ પીર. ૪

ભજન ૨૦૨ મું.

આરાધી.

સત ગુરૂ સત છે રે હાં,
તેને તમે પરસીને ઉતરો ભવપાર;
હાં સતગુરૂ સત છે રે હાં. ટેક.
સતગુરૂએ મુને શીષ્ય કર્યો,
બતાવ્યો ભક્તિનો ભેદ;
અખંડ વસ્તુ ગુરૂએ એવી બનાવી,
એની સાખ પુરે ચારે વેદ. સતગુરૂ. ૧
સતગુરૂએ સંસય ટાળ્યો,
મટાડયો મનનો ફેર;
પીર રામો પ્રસન થયા,
થઈ છે આનંદ લીલા લહેર. સતગુરૂ. ૨
સતગુરૂએ મુજપર મહેર કરી,
હેતે ગ્રહાયો હાથ;
અંતર ચક્ષુ ઉઘડતા.

મુને દરશાણા દીનો નાથ. સતગુરૂ. ૩

ભીમ રાજાને ગુરૂ સુખરામ મળીયાં,
મળીયા સંત સુજાણ;
દાસ નાજો કહે દલ દેખજો,
ભીતર પ્રગટાશે રવી ભાણ. સતગુરૂ ૪

ભજન ૨૦૩ મું.

મેં તેરા ચરનું મેં આયો જી,
મેરા સતગુરૂ મેં તેરા. ટેક
અડસઠ તીરથ મેરા સતગુરૂ ચરણે,
તીયાં બેસીને મેં નાયો જીજી.
ત્રીવીધી તાપ બુજાયા મેરા તનકા,
આતમ અનુભવ પાયો.
મેરા સતગુરૂ મેં તેરા ચરનુ મેં આયોજી. ૧
ઉન મુન ધ્યાન ધરાયો મેરા સતગુરૂ,
મેં જાપ અજંપા પાયો.
અખરા અજીત અમર ઘર,
ઉનકા નુરીજન નજરૂ મેં લાયો.
મેરા સતગુરૂ મેં તેરા ચરનુ મેં આયોજી. ૨
ઉન ઘરકા ગુરૂ દેવે પરવાનો,
જમરા કું માર હટાયો.

અનહદ ને કોઇ બુજે જન વીરલા,
જેને પુરવનો લેખ લખાયો.
મેરા સતગુરૂ મેં તેરા ચરનું મેં આયોજી. ૩
સુખરામ ગુરૂ મુને સનમુખ મળીયા,
સુર ગદાસે સાખ પુરાયો.
હેતે કરી ગુરૂ રાખો હુજુરમાં.
દાસ નાજે ગુણ ગાયોજી,
મેં તેરા ચરનું મેં આયોજી. ૪

ભજન ૨૦૪ મુ

રામા પીરનું ભજન.

મારવાડમાં પીર રામદે પ્રગટયા,
નકલંગી નેજા ધારી ટેક.
કમરે કટાર વાંકડા રામા,
લીલે થાજો અસવારી.
રામાપીર નકલંગી નેજા ધારી. ૧
દુવારકામાં બોલે બંધાણા,
વચન દીધા વીચારી.
રણુજામાં જનમ લીયો,
ઘેર ઘેર વધાઇ રામા પીર.
નકલંગી નેજા ધારી. ૨

આગે તો તમે અનેક ઓધાર્યા,
હરજી ભાટીની ભગતી ભારી.
પરચા પુરી ને પીર કેવાણા,
અકળ ગતી તમારી રામા પીર.
નકલંગી નેજા ધારી. ૩
દાસ નાજો કે ગુણ ગાઇ,
ગોવીંદના સતગુરૂ માથે ધારી.
સુખરામ વચને કરૂ વીનંતી,
કળજુગમાં લેજો તારી રામાપીર,
નકલંગી નેજા ધારી. ૪

સુખરામના સેવક મોતીરામના પદ.

સાખી

પ્રથમ નમુ ત્રીગુણાપતી, ચોથા સતગુરૂ દેવ,
મોતીરામને ગુરૂ સુખરામ મળીયા,
ચરણ કમલ નીકર શેવજી. ૧

વેદ શાસ્ત્ર ભણ્યા મુખે થકી, અંતર લેશ નહિ લગાર,
મોતીરામ કહે નકી, પરમ તત્વ કરી વીચારજી. ૨

ઉડ પંખી મનવા તું, પીયુ વસે જ્હાં દેશ,
દરશન અંતર તું દેખજે, મીટે તારા કલેશજી. ૨

એક તરૂવર પર દો પંખી, કળી શકે કોઇ,
એક રસ લે છે ગગન તણો, સમજી લેજો સોઈ. ૪

ભજન ૨૦૫ મું.

જેને સતગુરૂ મળીયા સાચાં,
શબ્દ સુનાવે સાચો.
મીટે કાલકી ત્રાસા. ટેક
હેં તુજ માંહિ સુજત નાહિ,
ગુરૂ બીન સુજત નાહિ.
આ સંસાર તો સ્વપને કે બાજી.
અબ તું ચેત ચેતન સાચા સતગુરૂ. ૧
પાંચ તત્વનું એ બનીયું પીંજરૂં,
આવા ગમનની છે ઘટ માળા.
બોલે માંહી સબથી ન્યારો,
ભાઇ તમે કરો તેની આસા સતગુરૂ. ૨
નાભી કમલથી સ્વાસ ઉઠે,
ત્રીકુટી મેં આવી બોલે.
ભાઇ પડદા અંતરના ખોલે,

સતગુરૂ કરે શબ્દનો પ્રકાશ. સતગુરૂ. ૩
સમજયા નર સત નહિ ચુકે,
અહો શબ્દ હવે નહિ મુકે.
કહે મોતીરામ ગુરૂ સુખરામ સાચા,
આ તન માંહી માલીક સાચા.
કાલકી નહીં ત્રાસ. સતગુરૂ ૪

ભજન ૨૦૬ મું

એક વીનતી સાંભળ નાથ મારી,
ભવ સંકટમાંથી લેજો તારી. એક
ત્રીકમજી તમે તું વર કેવાણા,
જે દી અજમલ ઘેર અવતારી.
અધર્મી હુસનાને તમે ઉગાર્યો,
લીયો છો સંતોને તારી. એક.
ચંદ્રહાસ પર કરૂણા કીધી,
વિષને બદલે વિષયા નારી દીધી.
રાણી રૂપાંદે જે દી પાટે પધાર્યા,
તે દી મોજડી અધરથી ઉતારી. એક.
ચુકયા ત્યાંથી ચેતાવીયા,
નર થકી અદકી નારી.
પીપે સીતાએ ભક્તિ કરી,
તેના કામ કીધાં બહુ ભારી. એક.

પીર તમારી પાસે કહું છું કરગરી,
સંકટ સમે રહેજો ભેરી.
કહે મોતીરામ ગુરૂ સુખરામ ચરણે,
લીયો ભવસાગરમાંથી તારી. એક.

જ્ઞાનીજી છપ્પા.

શબ્દ પરખબાણી.

ગુરૂ વીષે છપ્પો ૧ લો.

અહેબ દેખે શબ્દ વીચારે,
આપ તરે ઔરનકું તારે.
પખા પખીકા પખ નહી જાલે,
લોક બેદ તે ઉલટા ચાલે.
આત્મ તત્વકા કરે વીચારા.
કહે જ્યાની સો ગુરૂ હમારા.

છપ્પો ૨ જો

અંતર માંહી નીરંતર પાવે,
સહેજ સુખમેં સુરત લગાવે.
સત ગુરૂ શબ્દે લાગ્યા રહે,
કામ ક્રોધસે દેહીના દહે.

આશા ત્રશનાસે રહે ન્યારા,
કહે ગ્યાની સો ગુરૂ હમારા.

છપ્પો ૩ જો.

બહુ ચેલા કો સંગ નીવારે,
સચા સાહેબ હીરદે ધારે.
આપા પરદ્ધિ વિદ્યા ખોવે.
શબ્દ દેખ ઘટ અંતર જોવે.
દેખે નહી ધરા અકાશા,
કહે ગ્યાનીસો ગુરૂ હમારા.

છપ્પો ૪ થો જોગી વીષે.

મમતા મારી ભભુત ચઢાવે,
શબ્દ અનહદ સીંગી બજાવે.
મન મનસાકી મુદ્રા કરે,
કામ ક્રોધ દોઉ અજરા જરે.
ઈગલા પીંગલા સુખમના ભોગી,
કહે ગ્યાની સો સચા જોગી.

છપ્પો ૫ મો.

જંતર મંતર જાદુ નહી કરે.
નાટક ચેટક સબ પરહરે,

આન દશા નહિ લાગે જાઇ.
મન પવન લે સહેજ સમાઈ.
સો જોગી નિરભે હોય ભાઇ,
જન ગ્યાની તાકે લાગે પાઇ.

છપ્પો ૬ ઠો સન્યાસી વીષે.

પંચ ઈંદ્રિકા કરે અહારા,
સત શબ્દ ગુરૂ ગ્યાન વિચારા.
સબ પ્રકતિકા કરે અહારા,
નિરમલ હોઇ તજે અહંકારા
એકાએકી રહે ઉદાસી,
કહે ગ્યાની સો સંત સંન્યાસી.

છપ્પો ૭મો મુની વિષે.

મુની સો જો મનમેં રહે,
કો કીહીકે વચન ન કહે.
ઉન મુની તાલી રહે લગાઇ,
ઘર છાંડ બાહેર ન જાય.
શબ્દ અનહદ લાવે ધુની,
કહે ગ્યાની સો સચ્ચા મુની.

છપ્પો ૮મો જંગમ વિષે.

અજંપા તજે અરૂ જીવત મરે.
આશા ત્રષ્ણા તજી રહે નીરાશી.
નિશદીન ગુણ ગાવે અવિનાશી.
કનક કામનીકો કરે ન સંગમ.
કહે ગ્યાની સો સચા જંગમ.

છપ્પો ૯ મો પંડિત વિષે.

પંડિત સો જે પેખે પુરાના,
દુજી દશા સબ ત્યાગે આના.
પુરૂષો તમસુ લાવે પ્રીતી,
આશા ત્રષ્ણા તજે અનિતી.
પિંડ બ્રહ્માંડકી કથા સુનાવે,
કહે ગ્યાની સો પંડિત કહાવે.

છપ્પો ૧૦ મો બ્રાહ્મણ વિષે.

બ્રાહ્મણ સોઈ જો ચીને બ્રહ્મ,
ગ્યાન અનીત કરે નહિ કર્મ.
રાગ દ્વેષ નિંદા પરહરે,
ઉજજવલ ક્રિયા ઉરમે ધરે.
પુરણ બ્રહ્મ સુ પ્રીત લગાવે,
કહે ગ્યાની સો બ્રાહ્મણ કહાવે,

છપ્પા ૧૧ મા જૈન વિષે.

જૈન સોઇ જો જગપતિ જપે,
દુજી દશા ઓર નહિ ખપે.
જીવકી દશામેં પ્રગટે શીવ,
હાજર નૈના દેખે પીવ.
એક લોક તજી અંતન જાઇ,
કહે જ્યાની સો જૈન કહાઇ.

છપ્પા ૧૨ મા હીન્દુ વીષે.

હિન્દુ સો જપે હરિ નામ,
આન દેવસુ નાહિન કામ.
દયા ધર્મ મેં રહે સમાઇ,
દુર્મત દશા કબહુ ન જાઇ.
સો કહીએ હિન્દુ કે રાહી,
જન જ્યની તાકુ કહે સમુજાઈ.

છપ્પા ૧૩ મા શેખ વિષે.

શેખ સબુરીમે જો રહે,
આપા તજી અરૂ અલ્લા લહે.
સબ ઘટ ભીતર ખુદા વિચારે,
દુજા જીવ કબહુ ન મારે.

મક્કા મદિના ઘટ મા પેખે,
કહે ગ્યાની સો સચા શેખે.

છપ્પો ૧૪ મો કાજી વિષે.

કાજી સો જો કુરાન બખાના,
એક અલ્લા બિના ઓર નજાના.
બકરી મુરગી મારે નાહીં,
હરદમ સાહેબ હે સબ માંહી.
લાગે અલ્લા ત્યાગે બાજી,
કહે ગ્યાની સો સચા કાજી.

છપ્પો ૧૫ મો મુસલમાન વિષે.

હક્ક ચલે સો મુસલમાના,
બેહક્કા સબ ત્યાગે ગ્યાના.
હક્ક હે એક ખુદા હજુરી,
સો હકક રહે સકલ ભરપુરી.
સાહેબ બિન દેખે નહિ આના,
કહે ગ્યાની સો સચા મુસલમાના.

છપ્પો ૧૬ મો મુલ્લા વિષે.

મુલ્લા સો જો મનકી જાને,
બ.હેર માતા ભીતર માને.
ભીતર હે એક પીર મુરીદા,
તા ઘટમેં બસે એક સઇદા.
તા ઘટકુ ખોજે જો ખુલ્લા,
કહે ગ્યાની સો સચા મુલ્લા,

છપ્પો ૧૭ મો પીર વીષે.

જીંદા સોહી જો જીંદગી જાને,
દમમદાર સમ દીનમે માને.
ધીરજ કુતકા લેવે હાથ,
ખપર ફરવાં ઝોલી સાથ.
દીલમે દેખે સાંઇ સફા,
તબ હોવે દિદારકા નફા.
દરદ બંદગી ગદાઇ ધીર,
કહે ગ્યાની સો સચા પીર.

છપ્પો ૧૮ મો સૈયદ વીષે.

સૈયદ સોઇ જો સાઇ સું ધ્યાન,
કામ ક્રોધકો કરે મેદાન.

મન જીતે કાયાકુ દહે.
મન સામારી મગન હોઇ રહે.
ગગન ગુફામે સહેજે ગઇયદ,
કહે ગ્યાની સો સાચા સૈયદ.

છપ્પો ૧૯ મો ગ્રહસ્થ વીષે.

ગ્રહસ્થી સો જો ગૃહમે વન કરે,
હરખ શોક આશા પરહરે.
પાપ પુન્ય વાંચ્છે નહિ દોઇ,
ભાવે નિંદો બંદો કોઇ.
પખા પખીકી પખના ધરે,
કહે ગ્યાની સો ગ્રહસ્થી તરે.

છપ્પો ૨૦ મો ભગત વીષે.

ગ્રહ વનમેં સ્થીર રહે ઉદાસી,
નિશદિન ગુણ ગાવે અવિનાશી.
દો પખ છાંડી નિરપખ રહે,
ભલી બુરી કો સંગ ન બહે.
ભાવ ભકિત મે રહે સમાઈ,
કહે ગ્યાની સો ભગતહી ભાઈ.

છપ્પો ૨૧ મો ભગવા વીષે.

ભગવા સોઇ જો ભવસે દુરી,
અનમે લાગ રહે હજુરી.
આન દશા કબહુ નહિ ડોલે,
આત્મ સુ પરમાતમ બોલે.
આત્મ તત્વકી જાને મુરી,
જન ગ્યાની તાકી ચરણુ રજ દુરી.

છપ્પો ૨૨ મો દાસ વીષે.

દાસ સોઈ સો સબસે દીન,
દાસ તનમે રહે આધિન.
હરિકી ભકિત કરે ચિતલાઇ,
પ્રેમ પ્રીતસે રહે સમાઈ.
મહા પ્રસાદ ચરણુ રજ પાવે,
કહે ગ્યાની સો દાસ કહાવે.

છપ્પો ૨૩ મો નીજ સ્વરૂપ વીષે.

જો અંતર ગતકી જાને સાર,
તો ગટ રહે બહુ ગ્યાન વિચાર.
અપને ઘટકી ખોજે કોઇ,
તાકુ આવા ગમન ના હોઈ.

જ્યાં નહિ [illegible] અકાશા.
ત્યાં ગ્યાની નીજ જનકા વાસા.

છપ્પા ૨૪ મો વૈરાગ વીષે.

વૈરાગી સોઈ જો તજહી ભર્મ.
મનકા તજહી સબહી કર્મ.
શિખ શાખાકા કરે ન દ્વંદ્વ,
આશા પાશ પરે નહિ ફંદ.
ધરો ગુણ તે રહેજો ત્યાગી.
કહે ગ્યાની સો સંત વૈરાગી.

છપ્પો ૨૫ મો સ્વામિ વિષે.

સ્વામી સો જો સબ ઘટ સમતા,
સબ ઘટ દેખે એકહી રમતા.
ભલી બુરી લે સહેજ સમાઈ,
માન ગુમાન વ્યાપે નહિ તાંઇ.
અંતર દેખે અંતર જામિ,
કહે ગ્યાની સો સચા સ્વામિ.

છપ્પો ૨૬ મો સેવક વિષે.

સેવક સોઇ જો સેવે ભાઇ,
સેવા તજી અંતના જાઇ.

તાતી સીળી કસની સહે,
સેવા બિના કછુ ઓરં ન લહે.
સતગુરૂકી લોપે નહિ વાચા,
કહે જ્ઞાની સો સેવક સાચા.

છપ્પો ૨૭ મો ગ્યાની વિષે.

ગ્યાની સો જાકે ગુરૂ ગમ હોઇ,
ભર્મ કર્મ સબ ત્યાગે સોઈ.
અગમ નિગમકી જાનેસાર,
હરિતત ખોજે વારંવાર.
અંતર લાગ નિરંતર રહે,
જન ગ્યાની તાકુ ગ્યાની કહે.

છપ્પો ૨૮ મો તત્વ વિષે.

તત્વ ખોજે કોટી કર્મે કોઇ,
ભેખ લિયે કોઇ સિદ્ધ ન હોઇ.
પખા પખી બાંધ્યા જંજાલા,
એસે કરી ખાયા સબ કાલા.
નહિ છુટે જીવકો અહંકારા,
કહે ગ્યાની ખોજે ઉતરે પારા.

છપ્પો ૨૯ મો આપ વિષે.

આપા સબમેં ધરી ધરી લિયા,
તાતે જીવકા અકારજ કીયા.
આપા તજી ભજે નહિ રામ,
તાતે સરે નહિ એકુ કામ.
જબ ગ્યાની આપુ મિટ જાય,
તબ હરિ કાજ સુધારે આય.

છપ્પો ૩૦ મો.

એતી શબ્દ પારખકી પરીક્ષા કરે,
એસા હોય સોઇ નર ઓધરે.
સત ગુરૂ મિલ મોમે કહ્યા વિચાર,
સબ મતકા કાઢયા તત સારા.
જન ગ્યાની એ નીરમળ ગ્યાન,
તિમર નાસ ઉદે ભયે ભાન.

સમાપ્ત

ગાઉથી આશ્રય આપનાર સદગૃહસ્થો નામ.

નકલ	નામ.
	સુરત.
૧૦	જીણા પ્રેમજી ભરતવાલા
૫	નાનજી અરજણ
૫	નાનજી ભોજા
૫	પરશોતમ કલ્યાણજી
૨	ભાટીયા વલ્લભરામ કીરપારામ
૨	માણેકલાલ નરસિંહદાસ વોશીંગવાળા
૨	ભુટા ગીગા
૧	ભગત પ્રેમજી મેઘજી
૧	મોહનલાલ સેવકરામ
૧	ચીતણીયા ગમનલાલ કરશનદાસ
૧	દરજી આત્મારામ પરશોતમ
૧	લવજી હરી
૧	ભકત કાનજી નાનજી
૧	જીવા રૂડા
૧	ભગત પીંતાબર ઘુઘા
૧	છગન ઘુઘા
૧	ભાણા પરશોતમ

૧ માવજી અરજણ

૧ સાકરલાલ ગણેશ

૧ ભગત પુના ડાહ્યા.

૧ ભગત કરશન ઠાકરશી

૧ જાદવ વાલા

૧ જવેર હીરા

૧ જરીવાલા હરીભાઇ ભુખણદાશ

૧ ઠકર પ્રાગજી નરસીં

૧ ઠકર હીરજી પીંતાબર

૧ ઠકર પોપટલાલ આણંદજી

૧ ભગત જીવરામ ગાંડાભાઇ

૧ ભગત નાથુ રઘા

૧ સુતાર ગીરધર કરશન

૧ કુંવરજી ભીમજી

૧ ભગત ડુંગરશી હરી

૧ ભગત અમથા પુજા

૧ ભગત નથુ ભાયા

૧ ભટ ત્રીભોવન વસરામ ટાણા

૧ પરશોતમ નથુ ટાણા

૧ વૈદ્ય દાનાજી ઉકાજી પરમાર

૧ ગુલામ મોહમદ યાસીન

૧ મુળજી રાણા

૧ ભગત જવેર ગીગા

૧ ભગત ભીમા પ્રાગા

૧ મોહનલાલ કાલીદાસ સોની

૧ ભગત કાલીદાસ ગોપાલ

૧ ભગત કાલીદાસ ભવાન

૧ ભગત કાલીદાસ નાગજી

૧ ભગત અરજન નથુ

૧ ભગત ખોડા કેસવ

૧ પુના ભોજા પરમાર

૧ ભગત રામજી નાનજી

૧ ભગત નારણ મુળજી

૧ સુતાર ભાણા ભગવાન

૧ કરશનજી છગનલાલ

૧ જમનાદાસ મોતીરામ ઘીવાળા

૧ નારણદાસ મોતીરામ

૧ ગુંસાઈ પુરણગીર દેવગીર

૧ છોટાલાલ બાલમુકનદાસ સોની

૧ સુખડીયા વલભ પ્રેમજી

૧ ભીખાભાઇ ભાઇચંદ

૧ બારોટ છબીલદાસ છગનલાલ

૧ ઠક્કર ગોવીંદજી ડાયા પેંડાવાળા

૧ જાદવ કાનજી ખોખરાવાળા
૧ કાછીયા નાથાલાલ હરજીવન
૧ જોશી ગવરીશંકર ઓધવજી
૧ ભગત મોહનલાલ રણછોડ
૧ સુતાર વીઠલ કરશન
૧ ભગત ભાણા કલ્યાણ
૧ નગીનદાસ ગીરધરદાસ
૧ ત્રીભોવનદાસ છબીલદાસ
૧ ભુખણદાસ વીઠલ ઘીવાળા
૧ ધરમશી નારણ
૧ મોચી વીઠલ વસ્તા
૧ જવેર હરી
૧ કાનજી માવજી
૧ જાનજી ધનજી
૧ ચંદુલાલ અંબારામ
૧ છબીલદાસ હીમતરામ કચકડાવાળા
૧ મોહનલાલ કાલીદાસ
૧ સુખા ભગવાન

ભરૂચ બંદર.

૫ ભગત ભાણા કલ્યાણ
૧ ભગત ગોવીદ લખમણ

૧ ડાકરશી ગોચર
૧ ગોચર નથુ
૧ ભગત કા[illegible] [illegible]મા

[illegible] બંદર.

૧ ભગત ઉક[illegible] રણછોડ
૧ મુળજી લખમણ
૧ વાલા જીવા
૧ જાદવ વેલા ધના
૧ જાદવ રાહા
૧ વીઠલ જાદવ
૧ હરખા જાદવ
૧ લાખા કલ્યાણ રાજપરાવાલા
૧ પરશોતમ કાળા

ભાવનગર.

૧ જોશી લક્ષ્મીશંકર ગોવીંદરામ
૧ ભગત ચુનીલાલ શામજી
૧ ,, મીઠા શામજી
૧ ,, [illegible] નારણ

નવસારી.

૧ માવજી નથુ
૧ પ્રેમજી દાના

૧	કાલા સવા	
૧	ભગત સુખા ભીખા	
૫	માવજી જૂઠા	નાગપુર
૧	તુલસી હરી	વડોદરા
૧	નથુ આંબા	સીનોર
૧	પંચાળી કેસુરલાલ નરોતમદાસ	,,
૧	પંચાળી લલ્લુ મોરાર	,,
૧૦	શા. રાયચંદ ઉમાજી	અટોદરા
૧	પટેલ બેચર માધવ	પાલ
૧	પટેલ નરોતમદાસ કેસવલાલ	અડાજણ
૧	ભગત પરશોતમ પુના	વડીયા
૧	જેરામ ભગવાન	ભુઢણા
૧	કહાનજી કાળાભાઇ ચૌહાણ	વેડનીવાડી.
૧	ખોડા પીતાંબર	સગાપરા
૧	સંઘવી ત્રીકમજી ગાંડાલાલ કપોળ ભાવનગરવાળા	સુરત.



છેલ્લામાં છેલ્લી શોધ મુજબ

રબરસ્ટાંપ તથા

મોનોગ્રામ બનાવનાર.

Rao & Co.

દેશી મિત્ર પ્રેસ—સુરત.

જુદી જુદી જાતના અંગ્રેજી, ગુજરાતી તેમજ મરાઠી ભાપામાં નાના, મોટા વરદી પ્રમાણે રબરસ્ટાંપો હમો બનાવી આપીએ છીએ.

તેમજ

કેટલીક સરકારી ઓફીસો અને જાહેર ખાતાઓને લગતા રબરસ્ટાંપના ઓરડરો પણ હમને મલેછે, એજ અમારા કામની ખાત્રી છે.

એન૦ એલ૦ નીકમ.

માલેક રાવ અને કુંપની—સુરત.